# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

# વાર્ષિક અહેવાલ

## 2023-24




માર્ગદર્શક
ડૉ.વાય.કે.પટેલ
પ્રાચાર્ય

પ્રેરક
ડૉ.પ્રકાશ ત્રિવેદી
નિયામક

સંકલન
શેઠ હિમા જે.
વ્યાખ્યાતા P&M શાખા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ,સુરત

## આયોજન અને વ્યવસ્થાપન શાખા

**(Planning And Mannagement Branch)**

શાખા સંચાલક : પંડ્યા હિમા –M.Sc.M.Ed.

## આયોજન અને વ્યવસ્થાપન શાખા (કાર્યક્ષેત્ર)

- માહિતી એકત્રીકરણ.( જિલ્લા તથા તાલુકાની)
- તાલીમ ભવનનો લેબ એરિયા નક્કી કરવો.
- આયોજન અને વ્યવસ્થાપન બાબતે તમામ શાખાને સહયોગ પૂરો પાડવો.
- કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવું.
- વાર્ષિક આયોજન અને વાર્ષિક અહેવાલ તૈયાર કરવો.
- સંસ્થાના મૂલ્યાંકનના ધોરણો નક્કી કરવા.
- નીતિ વિષયક બાબતોમાં સલાહ, લોકભાગીદારી.
- શાખા અંતર્ગત સંશોધન.
- PSTE શાખાના તાલીમાર્થીઓને શાખા સંબંધિત માર્ગદર્શન.
- જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકલન.
- CRC,BRC CoOrdinator ,કેળવણી નિરીક્ષકો સાથે સંકલન.
- લાયઝન ઓફિસર તરીકે સોપવામાં આવેલ તાલુકામાં મોનીટરીંગ , માર્ગદર્શન અને અન્ય કાર્યક્રમોનું આયોજન.
- અન્ય તમામ શાખા સાથે સંકલન.

# ડીસ્ટ્રીકટ મેપ


SURAT
TALUKA/TEHSIL MAP
Bharuch
Narmada
Mangrol
Umarpada
Olpad
Mandvi
Kamrej
Surat City
Bardoli
Chorasi
Palsana
Tapi
Maharashtra
Mahuva
Navsari
Valsad
Legend
State Boundary
District Boundary
Taluka/Tehsil Boundary
Coastline
0 2.5 5 10 15 20 Miles
Copyright © 2015 www.mapsofindia.com
(Last Updated on 2nd Sep 2015)

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનું અન્ય સંસ્થાઓ  સાથે સંકલન

## રાષ્ટ્રકક્ષાની સંસ્થાઓઃ-

- **NCERT : ** National  Council for Educational Research andTraining-NEWDELHI
- **NUEPA : ** National University  of  Educational Planning and Administration-NEWDELHI
- **NCTE:** National Council for Teacher Education–NEWDELHI
- **CCRT : ** Center for Cultural Resources and Training-NEWDELHI
- **RIE : ** Regional Institute of Education,Bhopal

## રાજ્યકક્ષાની સંસ્થાઓઃ-

- ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર(જી.સી.ઈ.આર.ટી.)
- ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ ,ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.
- ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ ,ગાંધીનગર.
- રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ.

## જિલ્લા કક્ષાની સંસ્થાઓઃ-

- જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત.
- નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરત.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનીકચેરી,સુરત
- નાયબ નિરંતર શિક્ષણાધિકારીશ્રીની કચેરી,સુરત.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
- ડી.એલ.એડ્.કોલેજો, બી.એડ્.કોલેજો.
- માહિતી નિયામકશ્રી , માહિતી વિભાગ,સુરત.
- કલેકટર કચેરી, સુરત.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

## P & M શાખામાં

## વર્ષ 2023-24 એપ્રિલ થી સપ્ટેમ્બર

## દરમ્યાન

## યોજાયેલ તાલીમી કાર્યક્રમો.

# P & M શાખા દ્વારા તૈયાર કરવામાં આવેલ સાહિત્ય

## એન્યુઅલ વર્ક પ્લાન વર્ષ- 2023-24



DISTRICT INSTITUTE OF EDUCATION AND TRAINING, SURAT

Annual Work Plan and Budget
2023-24
Inspired By
D.S.Patel
Director
GCERT-Gandhinagar

Guided By
Y.K. Patel
Principal
DIET-Surat

Prepared By
H. B. Pandya
Lecturer
DIET-Surat

District Institute of Education & Training, Surat
Address: Navinchandra Mafatlal Udhyan Rd., Opp. Swapnshrushti Appt., Bhestan,
Surat-395023 Phone: 0261-2995466

## કામગીરી અહેવાલ વર્ષ – 2023-24



વાર્ષિક અહેવાલ
2023-24

માર્ગદર્શક
ડૉ.વાય.કે.પટેલ
પ્રાચાર્ય

પ્રેરક
ડૉ.પ્રકાશ ત્રિવેદી
નિયામક

સંકલન
શેઠ હિમા જે.
વ્યાખ્યાતા P&M શાખા

## કાર્યક્રમ સલાહકાર સમિતિના સભ્યોની યાદી

| | |
|---|---|
| ૧.જિલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષ |
| ૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી | ઉપાધ્યક્ષ |
| ૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫. ડીસ્ટ્રીકટ પ્રોજેકટ કોઓર્ડિનેટરશ્રી, SSA અને RMSA | સભ્યશ્રી |
| ૬. સિનિયર લેકચરર ડાયટ(૨) | સભ્યશ્રી |
| ૭. શાળાના આચાર્ય(૨) | સભ્યશ્રી |
| ૮. આદિવાસી વિકાસ સંસ્થાના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૯. સામાજીક વિકાસ સંસ્થાના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૦. લઘુમતિ સંસ્થાના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૧. સ્ત્રી અને બાળ વિકાસ સંસ્થાના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૨. બી.આર.સી. કોઓર્ડિનેટરશ્રી (૧) | સભ્યશ્રી |
| ૧૩ સી.આર.સી. કોઓર્ડિનેટરશ્રી (૧) | સભ્યશ્રી |
| ૧૪. આચાર્ય, બી.એડ અથવા ડી.એલ.એડ. કોલેજ (૧) | સભ્યશ્રી |
| ૧૫. આચાર્ય, આઇ.એ.એસ.ઇ.કોલેજ | સભ્યશ્રી |
| ૧૬. આચાર્ય, સી.ટી.ઇકોલેજ | સભ્યશ્રી |
| ૧૭. જીસીઇઆરટીમાંથી પ્રતિનિધિ (૧) | સભ્યશ્રી |
| ૧૮. એન.જી.ઓ કે જે શિક્ષણ ક્ષેત્રમાં કાર્યરત હોય તેના પ્રતિનિધિ (૧) | સભ્યશ્રી |
| ૧૯. વિદ્યાર્થી, પીએસટીઇ.(એક સિનિયર અને એક જુનિયર) | સભ્યશ્રી |
| ૨૦. પ્રાચાર્ય ડાયટ | કન્વિનરશ્રી |

- ❖ **ગ્રાન્ટનો પ્રકાર : CSSTE**
- ❖ **કાર્યક્રમનું નામ:** PAC બેઠક
- ❖ **તારીખ: 17-7-23 અને 18-1-24**
- ❖ **સ્થળ :**કલેકટર કચેરી ,અઠવાગેટ,સુરત
- ❖ **વર્ગ સંખ્યા: 02**
- ❖ **લાભાર્થી સંખ્યા:** 43
- ❖ **લાભાર્થી જૂથ: PAC સમિતિના સભ્યો**
- ❖ **ખર્ચ : 5526/ Rs.**

## કાર્યક્રમનો હેતુ:

-યોજાયેલ કાર્યક્રમો અને તાલીમની ચર્ચા અને સમીક્ષા.

-યોજાનાર તાલીમ /કાર્યક્રમો અંગે માર્ગદર્શક સૂચનો અને વાર્ષિક આયોજનની બહાલી.

**કાર્યક્રમની વિગત:** વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન વિવિધ યોજના અન્વયે યોજાયેલ તાલીમો તથા કાર્યક્રમોની ચર્ચા અને સમીક્ષા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કરવામાં આવી. GCERT કચેરી ગાંધીનગરના સૂચન અને માર્ગદર્શન મુજબ જિલ્લાની જરૂરીયાત, સંશોધનો તેમજ વિસ્તારને ધ્યાને લઈએ જરૂરી કાર્યક્રમો સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. સમીતીના સભ્યોના સૂચનો અને માર્ગદર્શન મુજબ આગામી વર્ષે યોજવાના કાર્યક્રમોની ચર્ચા કરી વર્ષ ૨૦૨૩-૨૪ ના કાર્યક્રમો/તાલીમ વર્ગોની બહાલી આપવામાં આવી.

**ફલશ્રુતિ:** -જિલ્લાની જરૂરીયાત મુજબ શિક્ષકો, વિદ્યાર્થીઓ, CRC Co., BRC Co., તેમજ કેળવણી નિરીક્ષકશ્રીઓ માટે કાર્યક્રમો/તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

-શાખાવાર કાર્યક્રમોનું આયોજન કરી વર્ષ ૨૦૨૪- ૨૫ માટે એન્યુઅલ વર્ક પ્લાન અને બજેટ તૈયાર કરવામાં આવ્યું.

# ફોટોગ્રાફ્સ





❖ **ગ્રાન્ટનો પ્રકાર : CSSTE**

❖ **કાર્યક્રમનું નામ:** ગુણોત્સવ 2.0 અંતર્ગત SOE શાળાના આચાર્યોની માર્ગદર્શન શિબિર

❖ **તારીખ:** 29-8-23

❖ **સ્થળ :** જી.એચ.ભક્ત હાઇસ્કૂલ, મહુવા

❖ **વર્ગ સંખ્યા:** **06**

❖ **લાભાર્થી સંખ્યા:** **305**

❖ **લાભાર્થી જૂથ:** SOE શાળાના (Bગ્રેડથી નીચો ગ્રેડ વાળી) આચાર્યો

❖ **ખર્ચ :** 105017

❖ **કાર્યક્રમનો હેતુ:** SOE અંતર્ગત **B ગ્રેડથી નીચા ગ્રેડ વાળી શાળાના આચાર્યોને પોતાની શાળાની પ્રગતિ માટે માર્ગદર્શન પૂરું પાડવું.**

❖ **કાર્યક્રમની વિગત:** તા.29-8-23ના રોજ જી.એચ.ભક્ત હાઇસ્કૂલ, મહુવા ખાતે સુરત જિલ્લા તથા શહેરની SOEમાં B ગ્રેડથી નીચો ગ્રેડ ધરાવતી તમામ શાળાના આચાર્યોની માર્ગદર્શન શિબિર યોજવામાં આવી હતી.જેમાં તેઓને –અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને અસરકારક વાતાવરણ નિર્માણ ,સોફ્ટ સ્કીલ, સંસાધનો અને તેનો ઉપયોગ, સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ વગેરે મુદ્દાઓ સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**ફલશ્રુતિ:** SOE અંતર્ગત **B ગ્રેડથી નીચા ગ્રેડ વાળી શાળાના આચાર્યોને પોતાની શાળાની પ્રગતિ માટે માર્ગદર્શન મળ્યું .**

# ફોટોગ્રાફ્સ


મહુવા વિભાગ
કેળવણી મંડળ
બી.જી.ભક્ત
ઈંગ્લિશ મીડિયમ સ્કુલ
મહુવા. જિ.સુરત
આપનું
હાર્દિક સ્વાગત
કરે છે
WELCOME


WELCOME


મહુવા વિભાગ
કેળવણી મંડળ
સંચાલિત
સાર્વજનિક કુમાર
છાત્રાલય (S.T.)
મહુવા. જિ.સુરત
આપનું
હાર્દિક સ્વાગત
કરે છે.

❖ **ગ્રાન્ટનો પ્રકાર : CSSTE**

❖ **કાર્યક્રમનું નામ:** SOE શાળાના આચાર્યોની માર્ગદર્શન શિબિર

❖ **તારીખ:** 22-2-24 અને 23-2-24

❖ **સ્થળ :** ન.પ્રા.શા.ક્રમાંક -353 અને ન.પ્રા.શા.ક્રમાંક -334

❖ **વર્ગ સંખ્યા:** **05**

❖ **લાભાર્થી સંખ્યા:** **234**

❖ **લાભાર્થી જૂથ:** SOE શાળાના આચાર્યો (સુરત જિલ્લો તથા શહેર)

❖ **ખર્ચ :** **76844/**

❖ **કાર્યક્રમનો હેતુ:** SOE અંતર્ગત **શાળાના આચાર્યોને પોતાની શાળાની પ્રગતિ માટે માર્ગદર્શન પૂરું પાડવું.**

❖ **કાર્યક્રમની વિગત:** તા.22-2-24 અને 23-2-24ના રોજ ન.પ્રા.શા.ક્રમાંક 353 અને ન.પ્રા.શા.ક્રમાંક -334 ખાતે સુરત જિલ્લા તથા શહેરની SOE અંતર્ગતની તમામ શાળાના આચાર્યોની માર્ગદર્શન શિબિર યોજવામાં આવી હતી.જેમાં તેઓને –અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને અસરકારક વાતાવરણ નિર્માણ ,સોફ્ટ સ્કીલ, સંસાધનો અને તેનો ઉપયોગ, સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ વગેરે મુદ્દાઓ સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.ઉપરોક્ત શિબિરમાં ભવનના પ્રાચાર્ય શ્રી યોગેશભાઈ પટેલ ,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જયેશભાઈ પટેલ તથા DRU શાખાના પ્રોજેક્ટ ઓફિસરશ્રી કે.એમ.મોઢ સાહેબે ઉપસ્થિત રહી યોગ્ય માર્ગદર્શન પૂરું પડ્યું હતું.

**ફલશ્રુતિ:** SOE અંતર્ગત **શાળાના આચાર્યોને પોતાની શાળાની પ્રગતિ માટે માર્ગદર્શન મળ્યું .**

# ફોટોગ્રાફ્સ


સૂર્ય નમસ્કાર મંત્ર
ઓમ મિત્રાય નમઃ ।
ઓમ રવયે નમઃ ।
ઓમ સૂર્યાય નમઃ ।
ઓમ ભાનવે નમઃ.
ઓમ ખગાય નમઃ ।
ઓમ પુષ્ને નમઃ ।



- **ગ્રાન્ટનો પ્રકાર : CSSTE**
- **કાર્યક્રમનું નામ:** Exposure Visit (સુરત શહેર)
- **તારીખ: 5-3-24**
- **સ્થળ :** નર્મદ આવાસ,લાલ કિલ્લો, સાયન્સ સીટી,સંસ્કૃત પાઠશાળા
- **લાભાર્થી સંખ્યા:** 7
- **લાભાર્થી જૂથ: DIET સુરતના વ્યાખ્યાતાઓ**
- **ખર્ચ : 3483/**
- **કાર્યક્રમનો હેતુ:** વ્યાખ્યાતાઓ પોતાના શહેરના ઐતિહાસિક સ્થળોથી માહિતગાર થાય.
- **કાર્યક્રમની વિગત:** તા.5-3-24 નારોજ સુરત શહેરના વિવિધ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવાનું નક્કી કરેલ હોય,તમામ વ્યાખ્યાતા મિત્રો સવારે 9.00 કલાકે ગોપીપુરા ખાતે આવેલ કવિશ્રી નર્મદના આવાસ પાસે ભેગા મળ્યા હતા અને ત્યાર બાદ સાંજે 5.00 વાગ્યા સુધીમાં વિવિધ ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઇ પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો.
- **ફલશ્રુતિ: વ્યાખ્યાતાઓને વિવિધ સ્થળોની વિસ્તૃત માહિતી જાણવા મળી હતી.**

## ફોટોગ્રાફસ




કવિ શ્રી નર્મદાશંકર લાલશંકર દવે
જન્મ તારીખ : ૨૪/૦૮/૧૮૩૩
જન્મ ભૂમિ : સુરત
અવસાન તારીખ : ૨૬/૦૨/૧૮૮૬
અવસાન ભૂમિ : મુંબઈ
"તાપી દક્ષિણ તટ, સુરત મુજ ઘાયલ ભૂમિ,
મને ઘણું અભિમાન, ભોંય તારી મેં ચૂમી"

**વર્ષ દરમ્યાન લીધેલ તાલીમ:**

**શેઠ હિમા જતીનકુમાર : P & M શાખા**

| ક્રમ | કાર્યક્રમનું નામ | તારીખ | સ્થળ | તાલીમ આપનાર સંસ્થા |
|---|---|---|---|---|
| 1 | AWP કમ્પાઈલેશન વર્કશોપ | 5-6 –Dec.23 | GCERT ગાંધીનગર | GCERT ગાંધીનગર |
| 2 | P&M શાખા રીવ્યુ બેઠક | | વડતાલ –આણંદ | GCERT ગાંધીનગર |

## અન્ય કામગીરી:

- PSTE શાખામાં B.Ed. નાં વર્ગ શિક્ષક તેમજ અન્ય વિષયોનું શિક્ષણ કાર્ય.
- B.Ed. અંતર્ગત વિવિધ સમિતિઓની કામગીરી.
- અન્ય શાખા સાથે સંકલન
- વિવિધ કાર્યક્રમોમાં સહભાગીદારી
- શાળા મુલાકાત માર્ગદર્શન
- તાલીમ કાર્યક્રમોમાં તજજ્ઞ તરીકે

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

સેવા અંતર્ગત કાર્યક્રમો ક્ષેત્રિય આંતરક્રિયા, નાવિન્ય સંકલન શાખા

**In-service programs Field Interaction Innovation and Coordination Branch**

## વાર્ષિક અહેવાલ

## વર્ષ 2023-24

માર્ગદર્શક

ડૉ. વાય.કે.પટેલ

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરત


સંકલન

ડૉ. દિપીકા જી ચૌધરી લેકચરર

આઈ.એફ.આઈ.સી.શાખા

# વર્ષ 2023-24 અન્વયે IFIC શાખાની કામગીરી

1. તાલીમ કાર્યક્રમો
2. શૈક્ષણિક કામગીરી
3. સાહિત્ય નિર્માણ
4. અન્ય વિશેષ કામગીરી
5. સંશોધન કાર્ય

# વર્ષ 2023-24 અન્વયે IFIC શાખાની કામગીરી

| ક્રમ | તાલીમ કાર્યક્રમો |
|---|---|
| 1 | બાલવાટિકા આયોજન બેઠક અને બાલવાટિકા એમ.ટી. તાલીમ |
| 2 | બાલવાટિકા શિક્ષક તાલીમ |
| 3 | સંકલન બેઠક |
| 4 | વર્ગખંડમાં બહુભાષિતા અને માતૃભાષા વિકાસની પ્રવૃતિઓ સાહિત્ય નિર્માણ વર્કશોપ |
| 5 | વર્ગખંડમાં બહુભાષિતા અમલ સંદર્ભે કાર્યશાળા |
| 6 | સ્ટેમ સેલ હેન્ડસઓન અંતર્ગત ગણિત અને વિજ્ઞાન વિષયની શિક્ષક તાલીમ |
| 7 | વૈદિક ગણિત એમ.ટી. તાલીમ |
| 8 | વૈદિક ગણિત શિક્ષક તાલીમ |
| 9 | તાલુકા કક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ (ઇનોવેશન પસંદગી કાર્યશાળા) |

| | |
|---|---|
| 10 | **ફેસ્ટીવલ એજ્યુકેશનલ ઇનોવેશન શેરીંગ કામ રાઈટ અપ વર્કશોપ** |
| 11 | **જિલ્લા કક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ** |
| 12 | **ઝોન અને રાજ્ય કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ મુલાકાત** |
| 13 | **સ્ટેટ રીસોર્સ ગ્રુપ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) માં પસંદગી પામેલ શિક્ષકો/આચાર્યોની ઓરિએન્ટેશન તાલીમ** |
| 14 | ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી આર.પી. તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન) |
| 15 | ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી શિક્ષક તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન) |
| 16 | **વિદ્યા પ્રવેશ માધ્યમિક શિક્ષક – આર.પી.તાલીમ** |
| 17 | **વિદ્યા પ્રવેશ માધ્યમિક શિક્ષક તાલીમ** |
| 18 | **PM SHRI શાળાના શિક્ષકોની ઇનોવેટીવ પેડાગોજી તાલીમ** |

| ક્રમ | શૈક્ષણિક કામગીરી |
|---|---|
| 1 | બી.એડ. ના તાલીમાર્થીઓને  શૈક્ષણિક કાર્ય |
| | B.Ed Sem 2 English method<br><br>**B.Ed Sem 4 PS 4 Advanced Pedagogy** |

| ક્રમ | અન્ય વિશેષ કામગીરી |
|---|---|
| 1 | District innovation Cell Co.ordinator |
| 2 | લાયઝન અધિકારી તરીકેની કામગીરી |
| 3 | વાર્ષિક પાઠ નિરીક્ષણ –પરીક્ષક કામગીરી |
| 4 | પ્રશ્નનિક અને બાહ્ય પરીક્ષક તરીકેની કામગીરી |
| **5** | ક્રિયાત્મક સંશોધન માર્ગદર્શક તરીકેની કામગીરી |

| | સાહિત્ય નિર્માણ |
|---|---|
| 1 | વર્ગખંડમાં બહુભાષીતા |
| **2** | માતૃભાષા વિકાસ માટેની પ્રવૃત્તિ – ભાષા રમત |
| 2 | એજ્યુકેશનલ ઇનોવેશન બુકલેટ |

| | સંશોધન |
|---|---|
| 1. | સંશોધન કામગીરી |

# તાલીમ કાર્યક્રમો

❖ **ગ્રાન્ટનો પ્રકાર : EDN -12 APPENDIX-1**

❖ **કાર્યક્રમનું નામ:** બાલવાટિકા આયોજન બેઠક અને
બાલવાટિકા એમ.ટી.તાલીમ
(IFIC & DRU સંયુક્ત ઉપક્રમે )

❖ **તારીખ:** બાલવાટિકા આયોજન બેઠક 8/6/2023
બાલવાટિકા એમ.ટી.તાલીમ 22/6/23 to 24/6/23

❖ **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત ,**

❖ **વર્ગ સંખ્યા: 03**

❖ **લાભાર્થી સંખ્યા: 103**

❖ **તજજ્ઞ સંખ્યા : 9+2**

❖ **લાભાર્થી જૂથ: બી.આર.સી.કો.ઓ. અને સી.આર.સી.કો.ઓ. અને**
**બીઆરપી નિપુણ**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | કુલ | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | EDN 12 APPENDIX -1 થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | |
| | | | | | | | | | | | | | |
| **3** | **31** | **14** | **19** | **10** | **5** | **3** | **16** | **5** | **71** | **32** | **103** | **09** | **162867** |

## ❖ કાર્યક્રમનો હેતુ:

- બાલવાટિકા એમ.ટી. તાલીમના સુચારુ અમલીકરણ માટે તજજ્ઞો સાથે આયોજન કરવું.
- બાલવાટિકા શિક્ષક તાલીમ માટે તજજ્ઞો તૈયાર કરવા.
- બાલવાટિકા શિક્ષક તાલીમ સંદર્ભેના વિષયોની ચર્ચા કરવી.

## • કાર્યક્રમની વિગત:

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા તારીખ 8/6/2023 ના રોજ બાલવાટિકા એમ.ટી. તાલીમ સંદર્ભે આયોજન બેઠક કરવામાં આવી હતી. આયોજન બેઠકમાં શ્રીમતી સ્મિતા દેસાઈએ તજજ્ઞોને એમ.ટી.તાલીમ સમયપત્રક સંદર્ભે કાર્યની વહેચણી કરી હતી. તેમજ દરેક મુદા સંદર્ભેની તૈયારી અને આયોજન જણાવ્યા હતા. તેમજ ત્રણ વર્ગ સંદર્ભે કરવાની થતી તૈયારી સંદર્ભે ચર્ચા કરવામાં આવી.

ત્યારબાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા બાલવાટિકા એમ.ટી. તાલીમનું આયોજન તારીખ 22/06/2023 to 24/06/2023 દરમિયાન કરવામાં આવેલ હતું. રજીસ્ટ્રેશન બાદ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સંમેલનથી કરવામાં આવી. જેમાં ધ્યાન, પ્રાર્થના,અભિનય ગીત, વાર્તા અને પુસ્તક પરિચય જેવી બાબતો કરાવવામાં આવી. ત્યારબાદ ડાયેટ સુરતના સિનિયર લેકચરર સ્મિતાબેન દેસાઈએ બાલવાટિકા તાલીમની પૂર્વભૂમિકા વિશે ચર્ચા કરી. ત્યારબાદ તાલીમના પ્રથમ દિવસે પ્રિ ટેસ્ટ બાદ બાલવાટિકા સંદર્ભેની  નિપુણ ભારત, બાલવાટિકા સાહિત્ય પરિચય, અધ્યયન નિષ્પતિનો પરિચય

સર્કલ ટાઈમની પ્રવૃતિઓ અને વર્ગખંડની મુક્ત રમતો અને મેદાની રમતોની ચર્ચા કરવામાં આવેલ હતી. તાલીમના બીજા દિવસે પ્રોજેક્ટ વર્ક, વાર્તાકથન, સંગીત, HW,IL,EC તેમજ થીમ આધારિત પ્રવૃતિઓ, સર્જનાત્મક પ્રવૃતિઓની ચર્ચા કરવામાં આવેલ હતી. તાલીમના ત્રીજા દિવસે ગણનની પૂર્વ તૈયારી, વાચનની પૂર્વ તૈયારી, લેખનની પૂર્વ તૈયારી, મૂલ્યાંકન-૧ અને ૨ તેમજ તાલુકા શિક્ષક તાલીમ આયોજન તેમજ પોસ્ટ ટેસ્ટ લેવામાં આવેલ હતી.

## ❖ ફલશ્રુતિ:

- બાલવાટિકા શિક્ષક તાલીમ માટે તજજ્ઞો તૈયાર થયા.
- બાલવાટિકા શિક્ષક તાલીમ સંદર્ભેના વિષયોની ચર્ચા થઇ.

## ❖ ફોટોગ્રફસ:



❖ **ગ્રાન્ટનો પ્રકાર :** EDN 16-L ટીચર હેડ ટીચર

❖ **કાર્યક્રમનું નામ:** બાલવાટિકા શિક્ષક તાલીમ

❖ **તારીખ:**

26-27-28 જૂન 2023 (સુરત કોર્પોરેશન, માંડવી,મહુવા,બારડોલી)

3-4-5જુલાઈ2023 (કામરેજ,પલસાણા,માંગરોળ,ઉમરપાડા,ઓલપાડ,ચોર્યાસી)

❖ **સ્થળ :** તાલુકા/યુ.આર.સી કક્ષાએ

❖ **વર્ગ સંખ્યા:** **34**

❖ **લાભાર્થી સંખ્યા:** **1314**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | કુલ | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | EDN 16-L ટીચર હેડ ટીચર થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | |
| | | | | | | | | | | | | | |
| 34 | 95 | 215 | 37 | 233 | 13 | 62 | 121 | 539 | 258 | 1056 | 1314 | 101 | 925775 |

❖ **લાભાર્થી : બાલવાટિકાના અધ્યાપન સાથે જોડાયેલ શિક્ષકો**

❖ **ખર્ચ :** 925775

❖ **કાર્યક્રમનો હેતુ:**

- શિક્ષકો બાલવાટિકાનું મહત્વ સમજે.
- બાલવાટિકામાં કરાવવાની થતી પ્રવૃતિઓથી શિક્ષકોને વાકેફ કરવા.
- બાલવાટિકાના શિક્ષકોને બાલવાટિકાના વર્ગમાં શિક્ષણ આપવા માટે સજ્જ કરવા .

## ❖ કાર્યક્રમની વિગત:

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા બે તબક્કામાં સુરત જિલ્લો અને સુરત કોર્પોરેશનમાં બાલવાટિકા શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. તાલીમનો પ્રથમ તબક્કો તારીખ 26-27-28 જુન 2023 અને દ્વિતીય તબક્કો તારીખ 3-4-5 જુલાઈ 2023 દરમિયાન યોજવામાં આવેલ હતી.

તમામ સ્થળે રજીસ્ટ્રેશન બાદ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સંમેલનથી કરવામાં આવી. જેમાં ધ્યાન, પ્રાર્થના,અભિનય ગીત, વાર્તા અને પુસ્તક પરિચય જેવી બાબતો કરાવવામાં આવી. તજજ્ઞો દ્વારા બાલવાટિકા તાલીમની પૂર્વભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ તાલીમના પ્રથમ દિવસે પ્રિ ટેસ્ટ બાદ બાલવાટિકા સંદર્ભે નિપુણ ભારત, બાલવાટિકા સાહિત્ય પરિચય, અધ્યયન નિષ્પતિનો પરિચય,સર્કલ ટાઈમની પ્રવૃતિઓ અને વર્ગખંડની મુક્ત રમતો અને મેદાની રમતોની ચર્ચા કરવામાં આવેલ હતી. તાલીમના બીજા દિવસે પ્રોજેક્ટ વર્ક, વાર્તાકથન, સંગીત, HW,IL,EC તેમજ થીમ આધારિત પ્રવૃતિઓ, સર્જનાત્મક પ્રવૃતિઓની ચર્ચા કરવામાં આવેલ હતી. તાલીમના ત્રીજા દિવસે ગણનની પૂર્વ તૈયારી, વાચનની પૂર્વ તૈયારી, લેખનની પૂર્વ તૈયારી, મૂલ્યાંકન-૧ અને ૨ તેમજ તાલુકા શિક્ષક તાલીમ આયોજન તેમજ પોસ્ટ ટેસ્ટ લેવામાં આવેલ હતી.

## ❖ ફલશ્રુતિ:

- ❖ બાલવાટિકાના શિક્ષકો બાલવાટિકાના વર્ગમાં શિક્ષણ આપવા માટે સજ્જ થયા.
- ❖ તજજ્ઞો દ્વારા બાલવાટિકામાં બાળકોની વર્તમાન પરિસ્થિતિ અનુસાર અને વિષય પરત્વે પ્રવૃત્તિલક્ષી જ્ઞાન મેળવે તેમજ વિષયમાં રૂચી લેતા થાય તે હેતુસર વિવિધ પ્રવૃતિઓ સાથે શિક્ષકોને ખૂબ સરસ તાલીમ આપવામાં આવી

## ❖ ફોટોગ્રાફ્સ













❖ **ગ્રાન્ટનો પ્રકાર : CSSTE**

❖ **કાર્યક્રમનું નામ: સંકલન બેઠક**

❖ **તારીખ: 19/06/2023**

❖ **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**

❖ **વર્ગ સંખ્યા: 01**

❖ **લાભાર્થી સંખ્યા: 33**

❖ **લાભાર્થી જૂથ: સંકલનના સભ્યો**

❖ **ખર્ચ : 7544**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | કુલ | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | CSSTE થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | |
| | | | | | | | | | | | | | |
| **1** | **10** | **6** | **5** | **3** | **1** | **0** | **7** | **1** | **23** | **10** | **33** | **0** | **7544** |

❖ **કાર્યક્રમનો હેતુ:**

- **જિલ્લાના તાલીમ કાર્યક્રમોનું સુચારુ આયોજન કરવું.**
- **શિક્ષણ સંદર્ભેની નવીન બાબતોથી સંકલનના સભ્યોને અવગત કરવા.**

❖ **કાર્યક્રમની વિગત:**

સંકલન બેઠકની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી.ત્યારબાદ નીચે જાણાવેલ એજન્ડા મુજબ ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા.

**એજન્ડા :**

- એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ
- બાલવાટિકા શિક્ષક તાલીમ
- વિજ્ઞાન પ્રદર્શન,ઈન્સ્પાયર એવોર્ડ નોમિનેશન
- સંશોધન, બોલી આધારિત સાહિત્ય
- બાળમેળા – લાઈફ સ્કીલ મેળા
- ઇન્ટર્નશિપ, યોગ તાલીમ
- વાર્ષિક આયોજન તથા તાલુકાની માહિતી સંદર્ભે
- અધ્યક્ષ સ્થાનેથી રજૂ થાય તે...

## ❖ ફલશ્રુતિ:

- જિલ્લાના તાલીમ કાર્યક્રમોનું સુચારુ આયોજન કરવામાં આવ્યું.
- શિક્ષણ સંદર્ભેની નવીન બાબતોથી સંકલનના સભ્યોને અવગત કરવામાં આવ્યા.
- સંકલન બેઠકના એજન્ડાઓ સંદર્ભે ચર્ચા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવ્યા.

## ❖ ફોટોગ્રાફસ:


ek not power, you will be tower
Avoid authority, take responsibility
"मैं नहीं हम।"

❖ ગ્રાન્ટનો પ્રકાર : CSSTE

❖ કાર્યક્રમનું નામ: વર્ગખંડમાં બહુભાષિતા અને માતૃભાષા વિકાસની પ્રવૃતિઓ સાહિત્ય નિર્માણ વર્કશોપ

❖ તારીખ: 4/7/23 to 7/7/23

❖ સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

❖ વર્ગ સંખ્યા: -- 01

❖ લાભાર્થી સંખ્યા: 08

❖ લાભાર્થી જૂથ: ભાષાના એસ.આર.જી., ભાષાના શિક્ષકો

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | CSSTE થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ | | |
| | | | | | | | | | | | | | |
| 1 | 3 | 2 | 2 | 1 | 0 | 0 | 0 | 0 | 5 | 3 | 8 | 1 | 16981 |

❖ ખર્ચ : 16981

❖ કાર્યક્રમનો હેતુ:

વર્ગખંડમાં બહુભાષિતા અને માતૃભાષા વિકાસની પ્રવૃતિઓ તાલીમ માટે સાહિત્ય નિર્માણ કરવું.

❖ કાર્યક્રમની વિગત:

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા યોજવાના થતા તાલીમ કાર્યક્રમ** વર્ગખંડમાં બહુભાષિતા અને માતૃભાષા વિકાસની પ્રવૃતિઓ તાલીમ માટે સાહિત્ય નિર્માણ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. સૌ પ્રથમ તજજ્ઞો સાથે ચર્ચા કરી તાલીમનું સમય પત્રક

અને મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા. તાલીમના હેતુને ધ્યાનમાં રાખી સાહિત્યનુ નિર્માણ કરવામાં આવ્યું કે શિક્ષકોને તાલીમ દરમિયાન તેમજ તાલીમ બાદ પણ ઉપયોગી થાય.

## ❖ ફલશ્રુતિ:

- ❖ વર્ગખંડમાં બહુભાષિતા અને માતૃભાષા વિકાસની પ્રવૃતિઓ તાલીમ માટે સાહિત્યનું નિર્માણ થયું

## ❖ ફોટોગ્રાફસ:



વર્ગખંડમાંબહુભાષિતા

(તાલીમ મોડ્યુલ)



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

પ્રેરક:-

- ડી.એસ.પટેલશ્રી, નિયામક, જીસીઈઆરટી, ગાંધીનગર

માર્ગદર્શક:-

- ડૉ. વાય.કે.પટેલ, પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત

સંકલન :-

- ડૉ.દિપીકાબેન ચૌધરી, લેક્ચરરશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત

લેખન સંપાદન:-

- અલ્પેશભાઈ પટેલ, મુખ્યશિક્ષકશ્રી, ન.પ્રા.શાળા ક્રમાંક ૨૪૭
- મિતેશકુમાર પ્રજાપતિ, મુખ્યશિક્ષકશ્રી, ન.પ્રા.શાળા ક્રમાંક ૨૭૨
- મચ્છિન્દ્રભાઈ પાટીલ, ઉપશિક્ષકશ્રી, ન.પ્રા.શાળા ક્રમાંક ૨૨૩
- મનિષાબેન કુશકીયા, ઉપશિક્ષકશ્રી, પ્રાથમિક શાળા કડોદરા

વર્ગખંડમાં બહુભાષિતા અને માતૃભાષા વિકાસની પ્રવૃતિઓ તાલીમ

❖ ગ્રાન્ટનો પ્રકાર : CSSTE

❖ કાર્યક્રમનું નામ: વર્ગખંડમાં બહુભાષિતા અમલ સંદર્ભે કાર્યશાળા

❖ તારીખ: 18/07/23 to 19/07/23

❖ સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

❖ વર્ગ સંખ્યા: 01

❖ લાભાર્થી સંખ્યા: 52

❖ લાભાર્થી જૂથ: બહુભાષી વર્ગખંડ ધરાવતા ધોરણ 6-8 ના ભાષાનાં શિક્ષકો

❖ ખર્ચ : 24,468

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | CSSTE થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ | | |
| | | | | | | | | | | | | | |
| 1 | 6 | 23 | 6 | 7 | 0 | 2 | 2 | 6 | 14 | 38 | 52 | 3 | 24468 |

❖ કાર્યક્રમનો હેતુ:

- વર્ગખંડમાં બહુભાષિતાને પ્રોત્સાહન આપવું.
- શિક્ષકો બહુભાષિતાનું મહત્વ સમજે.
- શિક્ષકો બહુભાષિતાને પ્રોત્સાહન મળે તે માટેની વર્ગખંડ પ્રવૃતિઓ જાણે.
- 
- શિક્ષકો બહુભાષિતાના વિકાસ માટે ICT/APP નો ઉપયોગ કરતા થાય.

## ❖ કાર્યક્રમની વિગત:

સુરત જિલ્લો અને સુરત કોર્પોરેશનના બહુભાષી વર્ગખંડ ધરાવતા ધોરણ 6 થી 8 માં ભાષાનું શિક્ષણ કાર્ય કરાવતા શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રથમ પ્રાર્થના સંમેલનમાં બહુભાષિય આયામમાં પરિચય, વાર્તા અને ગીત દ્વારા કાર્યશાળાની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ શિક્ષકોની ઓનલાઈન પ્રી-ટેસ્ટ લેવામાં આવી. શિક્ષકોને જૂથમાં ત્યારબાદ કેસ સ્ટડી આપવામાં આવ્યા અને તેના આધારે બહુભાષિય વર્ગખંડના ફાયદા અને સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી.દરેક જૂથે પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા.

શિક્ષકોને  બહુભાષિતાને પ્રોત્સાહન મળે તે માટેની વર્ગખંડ પ્રવૃતિઓ કરાવવામાં આવી. જેમાં બહુભાષી નાટક,બહુભાષી અભિનય ગીત, શબ્દરમત,કહેવત જુદી જુદી ભાષામાં લખે વગેરે જેવી પ્રવૃતિઓ ભાષાના પાઠ્યપુસ્તક સાંકળીને કરાવવામાં આવી. આ ઉપરાંત બહુભાષી વર્ગખંડમાં શિક્ષકની ભૂમિકા સંદર્ભે પણ વિગતે ચર્ચા કરવામાં આવી.

શિક્ષકો બહુભાષિતાના વિકાસ માટે ICT/APP નો ઉપયોગ કરતા થાય એ હેતુથી જુદી જુદી બહુભાષી એપ્લીકેશન પર પણ શિક્ષકોને કાર્ય કરાવવામાં આવ્યું. જેમાં Duolingo language application, bhasha sangam, Language Curry જેવી એપ્લીકેશનનો ઉપયોગ અન્ય ભાષા શીખવા માટે કેવી રીતે કરવો તે પણ શીખવવામાં આવ્યું. અને શિક્ષકોના પ્રતિભાવ અને પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી.

## ❖ ફલશ્રુતિ:

- **શિક્ષકો બહુભાષિતાને પ્રોત્સાહન મળે તે માટેની વર્ગખંડ પ્રવૃતિઓથી વાકેફ થયા..**
- **શિક્ષકો બહુભાષિતાના વિકાસ માટે ICT/APP નો ઉપયોગ કરતા થયા.**

## ❖ ફોટોગ્રાફ્સ:



- **ગ્રાન્ટનો પ્રકાર : EDN-12 APPENDIX-1**
- **કાર્યક્રમનું નામ:** સ્ટેમ સેલ હેન્ડસઓન અંતર્ગત ગણિત અને વિજ્ઞાન વિષયની શિક્ષક તાલીમ
- **તારીખ:**

| તબક્કો | ગણિત વિષયની તાલીમ | વિજ્ઞાન વિષયની તાલીમ |
|---|---|---|
| પ્રથમ | **2-3 August 2023** | **8-10 August 2023** |
| બીજો | **17-18 August 2023** | **22-24 August 2023** |
| ત્રીજો | **21-22 September 2023** | ગ્રાન્ટના અભાવે થયેલ નથી |

- **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**
- **વર્ગ સંખ્યા:** 05
- **લાભાર્થી સંખ્યા:** 253
- **લાભાર્થી જૂથ:** SOE શાળાના ધોરણ 6-8 ના ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકો
- **ખર્ચ :**
- **કાર્યક્રમનો હેતુ:**
- સ્કૂલ ઓફ એકસલન્સ (SOE) શાળાના ગણિત અને વિજ્ઞાન વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકો STEM (Science, Technology, Engineering, and Mathematics ) શું છે તે સમજે.

- સ્કૂલ ઓફ એકસલન્સ (SOE) શાળાના ગણિત અને વિજ્ઞાન વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકોની અધ્યયન કુશળતા અને જ્ઞાન વધારવા.
- સ્કૂલ ઓફ એકસલન્સ (SOE) શાળાના ગણિત વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકો વિષયવસ્તુને પ્રવૃત્તિ દ્વારા સમજે.
- સ્કૂલ ઓફ એકસલન્સ (SOE) શાળાના વિજ્ઞાન વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકો વિષયવસ્તુને પ્રાયોગિક રીતે કરી મૂલવે.

## સ્ટેમ સેલ હેન્ડસઓન અંતર્ગત ગણિત વિજ્ઞાન વિષયની શિક્ષક તાલીમ

| તબક્કો | વિષય | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | તજજ્ઞની સંખ્યા | ખર્ચ EDN12 APP-1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | | |
| પ્રથમ | ગણિત | 7 | 4 | 7 | 16 | 1 | 2 | 7 | 5 | 22 | 27 | 3 | 48427 |
| | વિજ્ઞાન | 7 | 8 | 11 | 6 | 2 | 2 | 4 | 12 | 24 | 28 | 3 | 71750 |
| બીજો | ગણિત | 5 | 6 | 7 | 11 | 1 | 3 | 5 | 15 | 18 | 33 | 3 | 46178 |
| | વિજ્ઞાન | 3 | 10 | 7 | 10 | 1 | 2 | 8 | 10 | 19 | 32 | 3 | 72930 |
| ત્રીજો | ગણિત | 4 | 12 | 8 | 9 | 0 | 0 | 3 | 14 | 15 | 35 | 3 | 48978 |
| | વિજ્ઞાન | ગ્રાન્ટ ઉપલબ્ધ ન હોવાને કારણે આયોજન કરી શક્ય નથી | | | | | | | | | | | |
| કુલ | | 26 | 40 | 40 | 52 | 5 | 9 | 27 | 56 | 98 | 155 | 15 | 287617 |

## ❖ કાર્યક્રમની વિગત:

જી.સી.ઈ.આર.ટી.–ગાંધીનગર અને અમેરીકન ઇન્ડિયા ફાઉન્ડેશન દ્વારા પ્રેરિત **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા સુરત દ્વારા** સ્કૂલ ઓફ એકસલન્સ શાળાના ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકો માટે **સ્ટેમ સેલ હેન્ડસઓન અંતર્ગત શિક્ષક તાલીમનું તબકકા વાર આયોજન કરવામાં આવેલ હતું.**

સ્કૂલ ઓફ એકસલન્સ **(SOE)** શાળાના ગણિત અને વિજ્ઞાન વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકોની ત્રણ તબકકામાં તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગણિત વિષયની તાલીમ 2 દિવસની તેમજ વિજ્ઞાન વિષયની તાલીમ 3 દિવસની યોજાવામાં આવેલ હતી.

**દરેક તબક્કામાં ગણિત વિષયની 2 દિવસની તાલીમની શરૂઆત પ્રાર્થના સંમેલનથી કરવામાં આવી. ત્યારબાદ ગૂગલ લીંક દ્વારા તમામ શિક્ષકોએ પ્રી-ટેસ્ટ આપી હતી. ત્યારબાદ બે દિવસ દરમિયાન શિક્ષકોને સ્ટેમ સેલ હેન્ડસઓન અંતર્ગત આપેલ કીટ અને અન્ય ઉપલબ્ધ સાધનોની મદદથી ટેનગ્રામ, જહોન નેપીયર્સ, નિત્યસમ, અપૂર્ણાંક, વગેરે માટે બનાવેલ વર્કશીટ દ્વારા ગૃપવર્ક કરાવવામાં આવ્યું. વ્યક્તિગત અને જૂથ કાર્ય બાદ ચર્ચા પણ કરવામાં આવેલ હતી. તાલીમના અંતે શિક્ષકોની ગૂગલ લીંક દ્વારા પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી તેમજ ઓનલાઈન પ્રતિભાવો પણ લેવામાં આવેલ હતા.**

**દરેક તબક્કામાં વિજ્ઞાન વિષયની 3 દિવસની તાલીમની શરૂઆત પ્રાર્થના સંમેલનથી કરવામાં આવી. ત્યારબાદ ગૂગલ લીંક દ્વારા તમામ શિક્ષકોએ પ્રી-ટેસ્ટ આપી હતી. ત્યારબાદ ત્રણ દિવસ દરમિયાન શિક્ષકોને સ્ટેમ સેલ હેન્ડસઓન અંતર્ગત આપેલ કીટ અને અન્ય ઉપલબ્ધ સાધનોની મદદથી સોલાર લાઈટ, સેન્સર બઝર, મેગ્લેવ ત્રણ મોડેલ, રોકેટ મોડેલ વગેરે મોડેલ તૈયાર કરવા માટે આપવામાં આવેલ. વ્યક્તિગત અને જૂથ કાર્ય બાદ ચર્ચા પણ કરવામાં આવેલ હતી. તાલીમના અંતે શિક્ષકોની ગૂગલ લીંક દ્વારા પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી તેમજ ઓનલાઈન પ્રતિભાવો પણ લેવામાં આવેલ હતા.**

## ❖ ફલશ્રુતિ:

- સ્કૂલ ઓફ એકસલન્સ (SOE) શાળાના ગણિત અને વિજ્ઞાન વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકોની અધ્યયન કુશળતા અને જ્ઞાનમાં વધારો થયો.
- સ્કૂલ ઓફ એકસલન્સ (SOE) શાળાના ગણિત વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકો વિષયવસ્તુને પ્રવૃત્તિ દ્વારા સમજ કેળવી.
- સ્કૂલ ઓફ એકસલન્સ (SOE) શાળાના વિજ્ઞાન વિષયના અધ્યયન સાથે જોડાયેલ શિક્ષકોએ વિષયવસ્તુને પ્રાયોગિક રીતે કાર્ય કરીને સમજ કેળવી.

## ❖ ફોટોગ્રાફ્સ




























❖ **ગ્રાન્ટનો પ્રકાર : EDN -12 APPENDIX-1**

❖ **કાર્યક્રમનું નામ:** વૈદિક ગણિત એમ.ટી.તાલીમ

❖ **તારીખ:** 23/8/23 to 25/8/23

❖ **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત ,**

❖ **વર્ગ સંખ્યા: 01**

❖ **લાભાર્થી સંખ્યા: 46**

❖ **તજજ્ઞ સંખ્યા : 3**

❖ **લાભાર્થી જૂથ: ધોરણ 6-8 ગણિત શિક્ષકો**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | કુલ | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | EDN 12 APPENDIX -1 થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | |
| | | | | | | | | | | | | | |
| **1** | **7** | **9** | **6** | **6** | **2** | **1** | **13** | **2** | **28** | **18** | **46** | **3** | **61763** |

❖ **કાર્યક્રમનો હેતુ:**

- વૈદિક ગણિત શિક્ષક તાલીમના સુચારુ અમલીકરણ માટે તજજ્ઞો સાથે આયોજન કરવું.
- વૈદિક ગણિત શિક્ષક તાલીમ માટે તજજ્ઞો તૈયાર કરવા.
- વૈદિક ગણિત શિક્ષક તાલીમ સંદર્ભેના વિષયોની ચર્ચા કરવી.

## • કાર્યક્રમની વિગત:

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા તારીખ 23/8/23 to 25/8/20 ના રોજ એમ.ટી. તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. રજીસ્ટ્રેશન બાદ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સંમેલનથી કરવામાં આવી. જેમાં ધ્યાન, પ્રાર્થના,ગાણિતિક કોયડા અને પુસ્તક પરિચય જેવી બાબતો કરાવવામાં આવી. ત્યારબાદ ડાયેટ સુરતના લેકચરર ડૉ.દિપીકાબેન ચૌધરીએ તાલીમની પૂર્વભૂમિકા વિશે ચર્ચા કરી. પ્રિ – ટેસ્ટ લીધા બાદ તજજ્ઞો દ્વારા વૈદિક ગણિતનું મહત્વ તેમજ ધોરણ 6-7-8-ના વૈદિક ગણિતના પાઠ્યપુસ્તકની વિગતે તેમજ ઉદાહરણ સહ સમજ આપવામાં આવી. તાલીમના અંતિમ દિવસે તાલુકાવાર જૂથમાં બેસી શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું. અંતે પોસ્ટ ટેસ્ટ અને પ્રતિભાવ લેવામાં આવ્યા.

## ❖ ફલશ્રુતિ:

- ❖ વૈદિક ગણિત શિક્ષક તાલીમ માટે તજજ્ઞો તૈયાર થયા.
- ❖ વૈદિક ગણિત શિક્ષક તાલીમ સંદર્ભેના વિષયોની ચર્ચા થઇ.

## ❖ ફોટોગ્રાફ્સ



❖ ગ્રાન્ટનો પ્રકાર : CSSTE

❖ કાર્યક્રમનું નામ: વૈદિક ગણિત શિક્ષક તાલીમ

❖ તારીખ: 14-15 સપ્ટેમ્બર 2023

❖ સ્થળ : તાલુકા મથક

❖ વર્ગ સંખ્યા: 17

❖ લાભાર્થી સંખ્યા: 664

❖ તજજ્ઞ સંખ્યા : 46

❖ લાભાર્થી જૂથ: SOE શાળાના ધોરણ 6-8 ગણિત શિક્ષકો

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ | | |
| | | | | | | | | | | | | | |
| **17** | **80** | **109** | **105** | **130** | **13** | **22** | **71** | **139** | **255** | **409** | **664** | **46** | **244915** |

❖ કાર્યક્રમનો હેતુ:

- વૈદિક ગણિતના જ્ઞાન દ્વારા ગણિત વિષયની જટિલ સમસ્યાઓ સરળતાથી ઉકેલી શકે
- બાળકોમાં ગણિત વિષય પ્રત્યેની રસ રુચિ જળવાય રહે.
- શિક્ષકો વૈદિક ગણિતની રીતો અને વૈદિક ગણિત ધોરણ 6-8 ના પાઠ્ય પુસ્તકથી પરિચિત થાય.

- ## કાર્યક્રમની વિગત:

બાળકોના વૈદિક ગણિતના જ્ઞાન દ્વારા ગણિત વિષયની જટિલ સમસ્યાઓ સરળતાથી ઉકેલી શકે અને બાળકોમાં ગણિત વિષય પ્રત્યેની રસ રુચિ જળવાય રહે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા SOE શાળાના ધોરણ 6 થી 8 ના ગણિત વિષયના શિક્ષકોને ગણિતની તાલીમ આપવાનું નક્કી થયેલ હતું.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા તારીખ **14-15 સપ્ટેમ્બર 2023** ના રોજ વૈદિક ગણિત શિક્ષક તાલીમ તાલીમનું આયોજન તાલુકા મથકે કરવામાં આવેલ હતું. તમામ સ્થળે રજીસ્ટ્રેશન બાદ તાલીમની શરૂઆત પ્રાર્થના સંમેલનથી કરવામાં આવી હતી. જેમાં ધ્યાન, પ્રાર્થના,ગાણિતિક કોયડા અને પુસ્તક પરિચય જેવી બાબતો સમાવેશ કરવામાં આવેલ. ત્યારબાદ તજજ્ઞો દ્વારા તાલીમની પૂર્વભૂમિકા વિશે ચર્ચા કરવામાં આવી હતી. પ્રિ – ટેસ્ટ લીધા બાદ તજજ્ઞો દ્વારા વૈદિક ગણિતનું મહત્વ તેમજ ધોરણ 6-7-8-ના વૈદિક ગણિતના પાઠ્યપુસ્તકની વિગતે તેમજ ઉદાહરણ સહ સમજ આપવામાં આવી. તાલીમના અંતિમ દિવસે પોસ્ટ ટેસ્ટ અને પ્રતિભાવ લેવામાં આવ્યા.

## ❖ ફલશ્રુતિ:

- ❖ વૈદિક ગણિતના જ્ઞાન દ્વારા ગણિત વિષયની જટિલ સમસ્યાઓ કેવી રીતે સરળતાથી ઉકેલી શકે તે બાબતોથી શિક્ષકો પરિચિત થયા.
- ❖ બાળકોમાં ગણિત વિષય પ્રત્યેની રસ રુચિ જળવાય રહે તે સંદર્ભે ચર્ચાઓ થઇ.
- ❖ શિક્ષકો વૈદિક ગણિતની રીતો અને વૈદિક ગણિત ધોરણ 6-8 ના પાઠ્યપુસ્તકથી પરિચિત થયા.

## ❖ ફોટોગ્રાફ્સ
















વૈદિક ગણિત તાલીમ
તા. ચોયાસી,જી.સુરત

❖ ગ્રાન્ટનો પ્રકાર : EDN -16 L

❖ કાર્યક્રમનું નામ: તાલુકા કક્ષા એજ્યુકેશનલ ઇનોવેશન પસંદગી કાર્યશાળા

❖ તારીખ: 12/9/23 થી 14/09/23 દરમિયાન

❖ સ્થળ : તાલુકા મથકે

❖ વર્ગ સંખ્યા: 13

❖ લાભાર્થી સંખ્યા: 281

❖ લાભાર્થી જૂથ: ઇનોવેટીવ શિક્ષકો

❖ ખર્ચ : 87722

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | | ઉપ સ્થિત રહેલ તજજ્ઞ ની સંખ્યા | EDN 16 L માં થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ | | |
| | | | | | | | | | | | | | |
| **13** | **36** | **52** | **33** | **51** | **13** | **8** | **46** | **42** | **128** | **153** | **281** | **64** | **87722** |

❖ કાર્યક્રમનો હેતુ:

- ઇનોવેટીવ શિક્ષકોએ કરેલ કાર્યનું પ્રેઝન્ટેશન થાય.
- જિલ્લા કક્ષા એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ માટે ઇનોવેટીવ શિક્ષકોની પસંદગી કરવી.

## ❖ કાર્યક્રમની વિગત:

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા તાલુકા કક્ષા એજ્યુકેશનલ ઇનોવેશન પસંદગી કાર્યશાળાનું આયોજન તાલુકા કક્ષાએ કરવામાં આવેલ હતું. **તારીખ** 12/9/23 **થી** 14/09/23 **દરમિયાન તાલુકાની કૃતિને ધ્યાને રાખી શૈક્ષણિક ઇનોવેશન પસંદગી કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ હતું.**
- **શૈક્ષણિક ઇનોવેશન પસંદગી કાર્યશાળા અંતર્ગત ગુણવત્તાયુક્ત અને પરિણામલક્ષી કૃતિઓની પસંદગી થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવેલ હતી.**
- **કૃતિ પ્રેઝન્ટેશન માટેનાં મુદાઓને ધ્યાને રાખી શિક્ષકને 10 થી 15 મિનિટ પ્રેઝન્ટેશન માટે આપવામાં આવેલ.**
- ઇનોવેટીવ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગ પ્રેઝન્ટેશનનું **મૂલ્યાંકન આપેલ માપદંડોના આધારે કરવામાં આવ્યું.**

## ફલશ્રુતિ:

- ❖ **ઇનોવેટીવ શિક્ષકોએ કરેલ કાર્યનું પ્રેઝન્ટેશન થયું.**
- ❖ **જિલ્લા કક્ષા** એજ્યુકેશનલ ઇનોવેશન **ફેસ્ટીવલ માટે ઇનોવેટીવ શિક્ષકોની પસંદગી થઇ.**

# ઇનોવેટીવ શિક્ષકોની સંખ્યા

| તાલુકો | ઇનોવેટીવની સંખ્યા (પ્રાથમિક) | ઇનોવેટીવ શિક્ષકોની સંખ્યા (માધ્યમિક) | કુલ | મૂલ્યાંકનકાર |
|---|---|---|---|---|
| કામરેજ | **20** | **04** | **24** | **06** |
| ઓલપાડ | **21** | **01** | **22** | **06** |
| ચોર્યાસી | **21** | **04** | **25** | **06** |
| બારડોલી | **12** | **03** | **15** | **05** |
| પલસાણા | **09** | **00** | **09** | **05** |
| મહુવા | **59** | **7** | **66** | **06** |
| ઉમરપાડા | **15** | **00** | **15** | **05** |
| માંડવી | **03** | **02** | **05** | **05** |
| માંગરોળ | **29** | **03** | **32** | **06** |
| URC-1 | **17** | **02** | **19** | **05** |
| URC-2 | **06** | **00** | **06** | **05** |
| URC-3 | **10** | **03** | **13** | **07** |
| URC-4 | **22** | **08** | **30** | **06** |
| કુલ | **244** | **37** | **281** | **64** |
| જિલ્લા કક્ષા માટે પસંદ થયેલ | **39** | **19** | **58** | |

* ફોટોગ્રાફ્સ









- ગ્રાન્ટનો પ્રકાર : **EDN -16 L**
- કાર્યક્રમનું નામ: એજ્યુકેશનલ ઇનોવેશન શેરીંગ કમ રાઈટ અપ વર્કશોપ
- તારીખ: **27/9/2023 and 29/9/2023**
- સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત
- વર્ગ સંખ્યા: **01**
- લાભાર્થી સંખ્યા: **39** પ્રાથમિક **19** માધ્યમિક
- લાભાર્થી જૂથ: **ઇનોવેટીવ શિક્ષકો**
- ખર્ચ : 55920**+9340 (બુકલેટ નિર્માણ વર્કશોપ)**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | | ઉપ સ્થિત રહેલ તજજ્ઞ ની સંખ્યા | EDN 16 L માં થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ | | |
| | | | | | | | | | | | | | |
| **1** | **6** | **19** | **9** | **12** | **5** | **1** | **5** | **1** | **25** | **33** | **58** | **5** | **55920 +9340** |

- કાર્યક્રમનો હેતુ:

- ઇનોવેટીવ શિક્ષકોએ કરેલ કાર્યનું જિલ્લામાં શેરીંગ થાય.
- ઇનોવેટીવ શિક્ષકોએ કરેલ કાર્યનું રાઈટઅપ તેમજ પ્રેઝન્ટેશન તૈયાર કરવું.

## ❖ કાર્યક્રમની વિગત:

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા એજ્યુકેશનલ ઇનોવેશન શેરીંગ કમ રાઈટ અપ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યકક્ષાએ પસંદગી પામેલ શિક્ષકો દ્વારા વર્ષ ૨૦૨૩ તાલુકા કક્ષાએ પસંદગી પામેલ શિક્ષકોને પોતાના ઈનોવેશન ફેસ્ટિવલ સંદર્ભે સમજૂતી આપી. ઇનોવેટિવ કાર્ય માટેની બુકલેટ માટે જરૂરી રાઈટઅપ કેવી રીતે કરવું તેની સમજ ડી.આઈ.સી.કો.ઓ. ડૉ.દિપીકા ચૌધરી દ્વારા આપવામાં આવી. શિક્ષકોએ પોતે કરેલ ઇનોવેટિવ કાર્યનું રાઈટઅપ કર્યું. રાઈટઅપની ચકાસણી બાદ ફાઈનલાઈઝેશન કર્યું.

## ફલશ્રુતિ:

- **ઇનોવેટીવ શિક્ષકોએ કરેલ કાર્યનું જિલ્લાના શિક્ષકોમાં શેરીંગ થયુ.**
- **ઇનોવેટિવ શિક્ષકોએ કરેલ કાર્યનું રાઈટઅપ તૈયાર થયું.**

❖ **ગ્રાન્ટનો પ્રકાર : EDN -16 L**

❖ **કાર્યક્રમનું નામ:** જિલ્લા કક્ષાનો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ

❖ **તારીખ: 18 to 20 ઓકટોબર 2023**

❖ **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**

❖ **વર્ગ સંખ્યા: 01**

❖ **લાભાર્થી સંખ્યા:**

**સુરત - ઇનોવેટીવ શિક્ષકો - 57**

**(પ્રાથમિક – 39 અને માધ્યમિક – 18)**

**મુલાકાતી શિક્ષકો, સી.આર.સી.કો.ઓ., બી.આર.સી.કો.ઓ., કેળવણી નિરીક્ષક, હેડ ટીચર, તાલીમાર્થીઓ અન્ય : 836**

❖ **લાભાર્થી જૂથ:**

**શિક્ષકો, સી.આર.સી.કો.ઓ., બી.આર.સી.કો.ઓ., કેળવણી નિરીક્ષક, હેડ ટીચર અન્ય**

❖ **ખર્ચ : 909278 + 72081 (CSSTE)**

❖ **કાર્યક્રમનો હેતુ:**

જિલ્લાના ઇનોવેટીવ શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડવું.

જિલ્લાના અન્ય શિક્ષકોને ઇનોવેટીવ કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરવા.

## ❖ કાર્યક્રમની વિગત:

જિલ્લામાં ઇનોવેટીવ કાર્ય કરનાર શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડવા જિલ્લામાં બે દિવસ ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ હતું. આ ફેસ્ટિવલ ની મુલાકાત લેવા માટે જિલ્લામાંથી શિક્ષકો તેમજ બી.આર.સી. કો. તેમજ સી.આર.સી.કો. આવેલ હતા.ઇનોવેટીવ કાર્ય કરનાર શિક્ષકોને રાજયકક્ષા માટે પસંદગી કરવામાં આવેલ હતી.

## ❖ ફલશ્રુતિ:

**શિક્ષકોને તેમને શાળા કક્ષાએ પડતી સમસ્યાના ઉકેલો મળ્યા. મુલાકાતી શિક્ષકો પણ ઇનોવેટીવ કાર્ય કરવા પ્રેરાયા.**

## ❖ ફોટોગ્રાફસ:






જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
આયોજીત
એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ
૨૦૨૩-૨૪
આપ સૌનું હાર્દિક સ્વાગત છે.
તારીખઃ ૧૮-૧૯ અને ૨૦ ઓક્ટોબર - ૨૦૨૩
સ્થળઃ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભેસ્તાન સુરત




'SHE' TEAM
SAROLI POLICE STATION
MAHILA HELP LINE NUMBER 181
CHILD HELP LINE NUMBER


Opposite words
Chair
Train
Book
Year
Peacock
Pineapple
Punctuation Mark
Full Stop
PLEASE
Concrete


हिन्दी
ભૂશિર
ટાપુ


PRIME NUMBER

❖ **ગ્રાન્ટનો પ્રકાર : --  -----**

❖ **કાર્યક્રમનું નામ:** ઝોન અને રાજ્ય કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ મુલાકાત

❖ **તારીખ:  ઝોન કક્ષા 7/12/2023**

**રાજ્ય કક્ષા 17/01/2024 to 19/01/2024**

❖ **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,વઘઈ,ડાંગ (ઝોન કક્ષા)**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ભુજ, કચ્છ (રાજય કક્ષા)**

❖ **વર્ગ સંખ્યા: 02**

❖ **લાભાર્થી સંખ્યા:  ઝોન કક્ષા -39 રાજ્ય કક્ષા - 01**

❖ **લાભાર્થી જૂથ: ઇનોવેટીવ શિક્ષકો**

❖ **ખર્ચ :  ---**

❖ **કાર્યક્રમનો હેતુ:**

- ઝોન અને રાજ્ય કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલની મુલાકાત લેવી.
- ઇનોવેટીવ કાર્યો કરવા શિક્ષકોની પ્રેરણા પૂરી પાડવી.

❖ **કાર્યક્રમની વિગત:**

**ઇનોવેટીવ શિક્ષકોએ ઝોન તથા રાજ્ય કક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલની મુલાકાત લીધી હતી. તેમજ ઝોન અને રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ દરેક કૃતિનું મૂલ્યાંકન કાર્ય પણ કરેલ હતું.**

## ❖ ફલશ્રુતિ:

- ઝોન અને રાજ્યકક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલની મુલાકાત લીધી.
- ઇનોવેટીવ કાર્યો કરવા શિક્ષકોની પ્રેરણા પૂરી પાડી.

## ❖ ફોટોગ્રાફસ:


જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી આહવા-ડાંગ
નાં સંયુકત ઉપક્રમે
ડાંગ જિલ્લાનું ૪૮ મું વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન
(બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન)
તથા


રાજયકક્ષાનો નવમો

❖ ગ્રાન્ટનો પ્રકાર : **RTGS FROM STTI**

❖ **કાર્યક્રમનું નામ:** સ્ટેટ રીસોર્સ ગ્રુપ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) માં પસંદગી પામેલ શિક્ષકો/આચાર્યોની ઓરિએન્ટેશન તાલીમ

❖ તારીખ: **15/02/2024 to 16/02/2024**

❖ **સ્થળ :** સર વી.ડી.ટી.ગલર્સ હાઈસ્કૂલ,અઠવાગેટ,સુરત

❖ વર્ગ સંખ્યા: **02**

❖ લાભાર્થી સંખ્યા: **90**

❖ લાભાર્થી જૂથ: સ્ટેટ રીસોર્સ ગ્રુપ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) માં પસંદગી પામેલ શિક્ષકો/આચાર્યો

❖ ખર્ચ : **68254**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | કુલ | ઉપ સ્થિત રહેલ તજજ્ઞ ની સંખ્યા | RTGS- STTI માં થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | |
| | | | | | | | | | | | | | |
| **2** | **37** | **14** | **21** | **10** | **2** | **1** | **3** | **2** | **63** | **27** | **90** | **14** | **68254** |

## ❖ કાર્યક્રમનો હેતુ:

સ્ટેટ રીસોર્સ ગ્રુપ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) માં પસંદગી પામેલ શિક્ષકો/આચાર્યોને શિક્ષણના નૂતન પ્રવાહોથી ઓરિએન્ટ કરવા.

## ❖ કાર્યક્રમની વિગત:

જીસીઈઆરટી,ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત આયોજિત સ્ટેટ રીસોર્સ ગ્રુપ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) માં પસંદગી પામેલ

શિક્ષકો/આચાર્યોની ઓરિએન્ટેશન તાલીમના પ્રથમ દિવસનું પ્રાર્થના સંમેલનની શરૂઆત સર વી.ડી.ટી.ગલર્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ સરસ પ્રાર્થના દ્વારા કરી. ત્યારબાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરતના સિનિયર લેકચરર શ્રીમતી ગીતાબેન વાસીયાએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી. સુરત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ. ભગીરથસિંહ પરમાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જયેશભાઈ પટેલ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરતના પ્રાચાર્યશ્રી ડૉ. યોગેશભાઈ પટેલ સાહેબે પ્રાસંગિક ઉદબોધન આપી **SRG**ને પ્રેરણા પૂરી પાડી. ત્યારબાદ તમામની પ્રિ ટેસ્ટ ગૂગલ ફોર્મ દ્વારા લેવામાં આવી. ત્યાર બાદ જીસીઈઆરટી પરિચય અને વિધાપ્રવેશ સંદર્ભે શ્રીમતી શોભનાબેન સુરાણીએ ચર્ચા કરી. ડૉ.ડી.જી.ચૌધરી દ્વારા પેડાગોજી અને અધ્યયન નિષ્પતિ પરિચય સંદર્ભે માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી. ભોજન વિરામ બાદ શાળાકીય મૂલ્યાંકન, **NAS, GAS** ની ચર્ચા શ્રીમતી જી.એન. વાંસિયાએ કરી. શ્રી આર.એમ.પટેલ દ્વારા ચા વિરામ બાદ શિક્ષણનાં પ્રવાહો અને ડીજીટલ પ્લેટફોર્મ (વૈદિક ગણિત,સ્ટેમ લેબ, **G-SHALA, DIKSHA,PISA, VSK,PM e-Vidhya Gujarat**) સંદર્ભે માર્ગદર્શન આપવામાં આવ્યું.

તાલીમના બીજા દિવસે પ્રાર્થના સંમેલન બાદ માધ્યમિક અને ઉ.મા શિક્ષણ બોર્ડ અને કમિશ્નર શાળાઓની કચેરીનો પરિચય ડૉ. સંગીતાબેન મિસ્ત્રી **(EI SURAT)** દ્વારા આપવામાં આવ્યો. ક્રિયાત્મક સંશોધન અને **NEP 2020** સંદભે હીમાબેન શેઠે માર્ગદર્શન આપ્યું. **NCF & SCF Based on NEP 2020** તેમજ ઇનોવેશન ફેસ્ટીવલ સંદર્ભે ડૉ. દિપીકા ચૌધરીએ માહિતી આપી. ગુણોત્સવ ૨.**0** (શાળા એક્રીડીટેશન) નવભારત સાક્ષરતા કાર્યક્રમ શાળા આરોગ્ય અને સુખાકારી અને સુખાકારી કાર્યક્રમ શ્રી સી.જી.સેઈલર દ્વારા ચર્ચા કરવામાં આવી.અંતે સમાપન કાર્યક્રમમાં પોસ્ટ ટેસ્ટ ફીડબેક તેમજ અન્ય વહીવટી કાર્ય કરી સૌ છૂટા પડયા.

## ❖ ફલશ્રુતિ:

સ્ટેટ રીસોર્સ ગ્રુપ/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) માં પસંદગી પામેલ શિક્ષકો/આચાર્યો શિક્ષણના નૂતન પ્રવાહોથી ઓરિએન્ટ થયા.

## ❖ ફોટોગ્રાફસ:







❖ **ગ્રાન્ટનો પ્રકાર : PFMS**

❖ **કાર્યક્રમનું નામ:** ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી એમ.ટી. તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન)

❖ **તારીખ:** **7/02/24 to 8/02/24 (ભાષા)**

**8/02/24 to 9/02/24 (સામાજિક વિજ્ઞાન)**

❖ **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**

❖ **વર્ગ સંખ્યા: 02**

❖ **લાભાર્થી સંખ્યા: ભાષા - 80 સામાજિક વિજ્ઞાન – 59**

❖ **લાભાર્થી જૂથ:** ધોરણ 6 થી 8ના ભાષા અને સામાજિક વિજ્ઞાનના શિક્ષકો

❖ **ખર્ચ : 100743**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | | ઉપ સ્થિત રહેલ તજજ્ઞ ની સંખ્યા | PFMS માં થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ | | |
| | | | | | | | | | | | | | |
| **ભાષા -2** | **12** | **8** | **7** | **20** | **2** | **4** | **16** | **11** | **43** | **37** | **80** | **8** | **62672** |
| **સા.વિ.-1** | **1** | **10** | **15** | **10** | **2** | **4** | **14** | **3** | **27** | **32** | **59** | **3** | **38071** |
| **03** | **13** | **18** | **22** | **30** | **4** | **8** | **30** | **14** | **70** | **69** | **139** | **11** | **100743** |

## ❖ કાર્યક્રમનો હેતુ:

ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી શિક્ષક તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન) માટે તજજ્ઞ તૈયાર કરવા.

## ❖ કાર્યક્રમની વિગત:

જીસીઈઆરટી,ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા આયોજિત ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી એમ.ટી. (ભાષા અને સામાજિક વિજ્ઞાન) તાલીમના પ્રથમ દિવસની શરૂઆત પ્રાર્થના સંમેલનની શરૂઆત પ્રાર્થના દ્વારા કરી. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરતના લેકચરર ડૉ. દિપીકા જી.ચૌધરી દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી. ભાષાની તાલીમમાં પ્રથમ દિવસે પ્રથમ વર્ગમાં ગુજરાતી અને બીજા વર્ગમાં હિન્દી અને અંગ્રેજી ભાષાની તાલીમ આપવામાં આવે. તમામની પ્રિ ટેસ્ટ ગૂગલ ફોર્મ દ્વારા લેવામાં આવી. **ભાષાની તાલીમમાં ભાષાના કૌશલ્યો વિકાસ માટે ઇનોવેટીવ પેડાગોજી દ્વારા કેવી રીતે શિક્ષણ કાર્ય કરાવી શકાય તેની સમજૂતી અને જૂથકાર્ય સોપી પાઠ નિદર્શન જૂથ દ્વારા આપવામાં આવ્યા. ત્યારબાદ તે સંદર્ભે ચર્ચા કરવામાં આવી. અંતે પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી.**

તાલીમના બીજા દિવસે પ્રાર્થના સંમેલન બાદ પ્રથમ વર્ગમાં હિન્દી અને ગુજરાતી તેમજ બીજા વર્ગમાં ગુજરાતી ભાષા સંદર્ભે **ભાષાના કૌશલ્યો વિકાસ માટે ઇનોવેટીવ પેડાગોજી દ્વારા કેવી રીતે શિક્ષણ કાર્ય કરાવી શકાય તેની સમજૂતી અને જૂથકાર્ય સોપી પાઠ નિદર્શન જૂથ દ્વારા આપવામાં આવ્યા. ત્યારબાદ તે સંદર્ભે ચર્ચા કરવામાં આવી. અંતે પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી.** અંતે સમાપન કાર્યક્રમમાં પોસ્ટ ટેસ્ટ ફીડબેક તેમજ અન્ય વહીવટી કાર્ય કરી શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

સામાજિક વિજ્ઞાનની તાલીમમાં ઈતિહાસ, ભૂગોળ, રાજનીતિ શાસ્ત્રમાં અધ્યયન નિષ્પતિ સંદર્ભે ચર્ચા અને જૂથ ચર્ચા અને રજૂઆત કરવામાં આવી. આ તાલીમમાં પણ પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી. તેમજ અંતે સમાપન કાર્યક્રમમાં પોસ્ટ

ટેસ્ટ ફીડબેક તેમજ અન્ય વહીવટી કાર્ય કરી શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું.

## ❖ ફલશ્રુતિ:

- ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી શિક્ષક તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન) માટે તજજ્ઞ તૈયાર થયા.

## ❖ ફોટોગ્રાફ્સ:


One day Motu walked to the river
Chhotu shouted, "Motu, come out for a minute."
Motu answered, "Don't disturb me."
Motu was angry.
Chhotu shouted and shouted
ACTIVITY-3
I Checked it!


which subject has the lowest result?
How many Percentage Scored in english?
has the highest result?
which are the subjects in same results?
In which subjects students get 60 Percentage?




LO-6.21



❖ ગ્રાન્ટનો પ્રકાર : PFMS

❖ કાર્યક્રમનું નામ: ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી શિક્ષક તાલીમ
(ભાષા અને સામાજિક વિજ્ઞાન)

❖ તારીખ: **12/02/24 to 13/02/24 (ભાષા)**
**15/02/24 to 16/02/24 (સામાજિક વિજ્ઞાન)**

❖ સ્થળ : **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**

❖ વર્ગ સંખ્યા: **ભાષા- 27 અને સામાજિક વિજ્ઞાન -24**

❖ લાભાર્થી સંખ્યા: **ભાષા - 1384 સામાજિક વિજ્ઞાન – 905**

❖ લાભાર્થી જૂથ: **ધોરણ 6 થી 8 માં ભાષા અને સામાજિક વિજ્ઞાનનું શિક્ષણ કાર્ય કરવાતા શિક્ષકો**

❖ ખર્ચ :

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | કુલ | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | PFMS માં થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | |
| | | | | | | | | | | | | | |
| **ભાષા** | **175** | **384** | **116** | **241** | **24** | **37** | **241** | **166** | **556** | **828** | **1384** | **76** | **577731** |
| **સામાજિક વિજ્ઞાન** | **128** | **133** | **120** | **174** | **29** | **24** | **147** | **150** | **424** | **481** | **905** | **65** | **396643** |
| | **303** | **517** | **236** | **415** | **53** | **61** | **388** | **316** | **980** | **1309** | **2289** | **141** | **974374** |

❖ **PFMS થી મળેલ રકમ : 1203400**

❖ **કુલ ખર્ચ : 1075117 (MT- 100743 + TT - 974374)**

❖ **બચત રકમ : 128283**

## ❖ કાર્યક્રમનો હેતુ:

ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી શિક્ષક તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન) દ્વારા શિક્ષકોને અધ્યયન કાર્ય માટે સજ્જ કરવા.

## ❖ કાર્યક્રમની વિગત:

જીસીઈઆરટી,ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત દ્વારા આયોજિત ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી શિક્ષક તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન)નું આયોજન તાલુકા કક્ષાએ કરવામાં આવેલ હતું. તારીખ 12/2/24 to 13/02/24 ના રોજ ભાષાની તાલીમ અને 15/02/24 to 16/02/24 ના રોજ સામાજિક વિજ્ઞાની તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. તમામ સ્થળે બી.આર.સી.કો./યુ.આર.સી.કો. દ્વારા વર્ગ સંચાલન કરવામાં આવેલ. તાલીમના પ્રથમ દિવસની શરૂઆત તમામ સ્થળે પ્રાર્થના સંમેલનથી કરવામાં આવેલ તેમજ વર્ગ સંચાલક તાલીમની રૂપરેખા આપવામાં આવી હતી. ભાષાની તાલીમમાં પ્રથમ દિવસે વર્ગમાં ગુજરાતી અને બીજા દિવસે વર્ગમાં હિન્દી અને અંગ્રેજી ભાષાની તાલીમ આપવામાં આવી. તમામની પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ ગૂગલ ફોર્મ દ્વારા લેવામાં આવી. **ભાષાની તાલીમમાં ભાષાના કૌશલ્યો વિકાસ માટે ઇનોવેટીવ પેડાગોજી દ્વારા કેવી રીતે શિક્ષણ કાર્ય કરાવી શકાય તેની સમજૂતી અને જૂથકાર્ય સોપી પાઠ નિદર્શન જૂથ દ્વારા આપવામાં આવ્યા. ત્યારબાદ તે સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી.** અંતે સમાપન કાર્યક્રમમાં પોસ્ટ ટેસ્ટ, ફીડબેક તેમજ અન્ય વહીવટી કાર્ય પૂર્ણ કરી તાલીમ પૂર્ણ કરવામાં આવી.

સામાજિક વિજ્ઞાનની તાલીમમાં ઈતિહાસ, ભૂગોળ, રાજનીતિ શાસ્ત્રમાં અધ્યયન નિષ્પતિ સંદર્ભે ચર્ચા અને જૂથ ચર્ચા અને રજૂઆત કરવામાં આવી. આ તાલીમમાં પણ પ્રિ ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી. તેમજ અંતે સમાપન કાર્યક્રમમાં પોસ્ટ ટેસ્ટ ફીડબેક તેમજ અન્ય વહીવટી કાર્ય કરી તાલીમ પૂર્ણ કરવામાં આવી.

**ફલશ્રુતિ:** ધોરણ 6 થી 8 લર્નિંગ આઉટકમ આધારિત ઇનોવેટીવ પેડાગોજી શિક્ષક તાલીમ (ભાષા અને સામાજિક વિજ્ઞાન) દ્વારા શિક્ષકોને અધ્યયન કાર્ય માટે સજ્જ થયા.

## ❖ ફોટોગ્રાફસ:








❖ ગ્રાન્ટનો પ્રકાર : **PFMS**

❖ **કાર્યક્રમનું નામ:** વિદ્યા પ્રવેશ માધ્યમિક શિક્ષક - આર.પી. તાલીમ

❖ **તારીખ:** **22/02/2024 to 23/02/2024**

❖ **સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**

❖ **વર્ગ સંખ્યા: 01**

❖ **લાભાર્થી સંખ્યા: 59**

❖ **લાભાર્થી જૂથ: માધ્યમિક શાળાના શિક્ષકો**

❖ **ખર્ચ : 47421**

| વર્ગની સંખ્યા | જનરલ | | બક્ષી | | એસ.સી. | | એસ.ટી. | | કુલ | | કુલ | ઉપસ્થિત રહેલ તજજ્ઞની સંખ્યા | PFMS માં થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | | | |
| | | | | | | | | | | | | | |
| **1** | **12** | **9** | **14** | **5** | **5** | **0** | **10** | **5** | **41** | **18** | **59** | **6** | **47421** |

❖ **કાર્યક્રમનો હેતુ:**

વિદ્યા પ્રવેશ માધ્યમિક શિક્ષક તાલીમ માટે તજજ્ઞ તૈયાર કરવા.

❖ **કાર્યક્રમની વિગત:**

જીસીઈઆરટી,ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત આયોજિત વિદ્યા પ્રવેશ માધ્યમિક શિક્ષક આર.પી. તાલીમ પ્રથમ દિવસના પ્રાર્થના સંમેલનની શરૂઆત પ્રાર્થના દ્વારા કરી. ત્યારબાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરતના લેકચરર ડૉ.દિપીકા ચૌધરીએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી. સુરત

જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર  ડૉ. સંગીતાબેન મિસ્ત્રીએ પ્રાસંગિક ઉદબોધન આપી આર.પી.ને પ્રેરણા પૂરી પાડી. શોભનાબેન સુરાણીએ વર્ગ સંચાલનની કામગીરી સંભાળી હતી. તમામની પ્રિ ટેસ્ટ ગૂગલ ફોર્મ દ્વારા લેવામાં આવી. ત્યાર બાદ જીસીઈઆરટી પરિચય, પેડાગોજી અને અધ્યયન નિષ્પતિ  પરિચય શાળાકીય મૂલ્યાંકન, **NAS, GAS**, શિક્ષણનાં પ્રવાહો અને ડીજીટલ, ક્રિયાત્મક સંશોધન, **NEP 2020**, **PISA, NCF & SCF Based on NEP 2020** તેમજ ઇનોવેશન ફેસ્ટીવલ જેવા તમામ મુદાઓની **PPT** દ્વારા ચર્ચા કરવામાં આવી.અંતે સમાપન કાર્યક્રમમાં પોસ્ટ ટેસ્ટ ફીડબેક તેમજ અન્ય વહીવટી કાર્ય કરી સૌ છૂટા પડ્યા.

## ❖ ફલશ્રુતિ:

વિદ્યા પ્રવેશ માધ્યમિક શિક્ષક - આર.પી. તાલીમ માટે તજજ્ઞ તૈયાર થયા.

## ❖ ફોટોગ્રાફ




Gujarat, India


GPS Map Camera
Sonari, Gujarat, India
" In nature, nothing is considered as a waste;
Everything is food for something else."

અંતે ઉપસ્થિત તજજ્ઞોનો આભાર વ્યક્ત કરી પ્રથમ દિવસનો વર્કશોપ પૂર્ણ કર્યો.

વર્કશોપનો બીજો દિવસ (તા 26-7-2023) સૌ માટે ઉત્સાહ અને જીજ્ઞાસા પ્રેરક રહ્યો. વિશ્વના અનેક ઇજનેરો અને પત્રકારોએ વિઝીટ કરી ડોક્યુમેન્ટરી બનાવી હોય તેવું ઇકો ફ્રેન્ડલી હાઉસની મુલાકાત લેવામાં આવી. વ્યવસાયે ઇજનેર અને સ્વભાવે પ્રકૃતિપ્રેમી એવા શ્રી સ્નેહલભાઈ પટેલે 1985માં નેચર ક્લબ સુરતની શરૂઆત કરી હતી. તેમણે પોતાના ઉદ્દેશ્યોને મૂર્ત રૂપ આપવા માટે ઇકો ફ્રેન્ડલી ઘર બનાવ્યું. 16,000 ચોરસ મીટરના એરિયામાં 750 વૃક્ષો, 30 જાતના ફળ અને કિચન ગાર્ડન જોઈને સૌ આશ્ચર્યચકિત થઇ ગયા હતા. આ સાથે જ તેમનું ઘર જોઈ સૌના આશ્ચર્યમાં વધારો થયો હતો. આ ઘરમાં મહાનગરપાલિકાનું / સરકારનું પાણી, ગટર અને લાઈટ કનેક્શન નથી. આ ઘરમાં કુદરતી સંસાધનોનો (વરસાદ,સૂર્ય પ્રકાશ

વગેરે ) ઉપયોગ કરીને પ્રદૂષણમુક્ત ઉર્જા વપરાય છે. વરસાદી પાણીનો સંગ્રહ અને કરકસરયુક્ત ઉપયોગ, સૌર ઊર્જા, પવનચક્કીનો ઉપયોગ, વોટર પ્યુરીફાયરની પદ્ધતિ, માછલી, પક્ષીઓનાં માળા જોયા. આમ, એક જીવાવરણનો અનુભવ થયો.

આવી જ બીજી સંસ્થા પલસાણા તાલુકાની મલેકપુર પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી. પર્યાવરણ પ્રયોગશાળા અને ઈકો ક્લબને લગતી પ્રવૃત્તિઓને વાસ્તવિક આકાર લેતા જોઈ સૌએ ધન્યતા અનુભવી. શાળાના મુખ્ય શિક્ષકે સૌ મિત્રોનું સ્વાગત કરી, શાળામાં ચાલતી ઇકો કલબ પ્રવૃતિઓ અંગેની માહિતી આપી હતી.

ત્યારબાદ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારીમાં બપોરનુ ભોજન લીધા પછી કૃષિ યુનિવર્સિટી નવસારીની મુલાકાત લેવામાં આવી. દેશના 735 કેન્દ્રમાંથી પ્રથમ હરોળના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત માટે સૌ આતુર હતા. વિશાળ ક્ષેત્રમાં પથરાયેલ અને અનેક શાખા ધરાવતી યુનિવર્સિટીમાં ખેતી વિષયક સંશોધનની સાથે શિક્ષણ અને વિસ્તરણનું પણ કાર્ય થાય છે. અહી દેશ વિદેશથી જ્ઞાનવાંછુઓ આવીને રહે છે. આ તમામ માહિતી કેન્દ્રના વૈજ્ઞાનિક ડોક્ટર શ્રી કિંજલભાઈ સાહેબે પોતાના પ્રાથમિક પ્રવચનમાં આપી હતી. ફોરેસ્ટ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી મિનલભાઈ ટંડેલે “મિયાવાકી ફોરેસ્ટ” પદ્ધતિના ફાયદા – ગેરફાયદા, મિયાંવાકી પદ્ધતિ તથા આ પદ્ધતિનો ભારત અને ગુજરાતમાં વિકાસની માહિતી આપી.

નવસારી એટલે ભારતીય સ્વાતંત્ર ઈતિહાસનું તીર્થક્ષેત્ર ધરાવતો જિલ્લો. દાંડી જેવું તીર્થક્ષેત્રની મુલાકાત વગર જઈએ એ કેમ બને ?. સૌએ દાંડી સત્યાગ્રહ સ્મારકની મુલાકાત લઈ ધન્યતાનો અનુભવ કર્યો અને સૈફીવીલા અને પ્રાર્થના મંદિરની મુલાકાત કરી, અને ઘૂઘવાતા દરિયાની અનુભૂતિનો લ્હાવો લઈ સુરત તરફ રવાના થયા.

વર્કશોપના જ્ઞાનસભર બે દિવસ બાદ ત્રીજા દિવસે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સુરતના શ્રી ભક્તિબેન પંચાલે કિચન ગાર્ડન – ટેરેસ ગાર્ડન પધ્ધતિ દ્વારા  શાકભાજીની ખેતી કરવી. શાકભાજી અને ખોરાક્નુ સ્વાસ્થ્યમાં મહત્વની વાતો કરી, પ્રકૃતિ અને માનવ એકબીજા વગર અધૂરા છે તેની સમજ શાળાના વિદ્યાર્થીઓમાં વિકસે તે માટે કરી શકાય તેવી પ્રવૃત્તિ અંગે માહિતગાર કર્યા.

બીજુ સેશન માહિતી આદાન-પ્રદાનનું રહ્યું. રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી પધારેલા ડાયેટના વ્યાખ્યાતાશ્રીઓ અને શિક્ષકોએ પોતાના જિલ્લામાં અને શાળાઓમાં ઇકો ક્લબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓના અહેવાલ રૂપે પ્રેઝન્ટેશન રજૂ કર્યા.

અંતે આ સમગ્ર વર્કશોપ દરમ્યાન જી.સી.ઈ.આર.ટી.ના રીડર શ્રી ડો. વિજયભાઇ પટેલ સાહેબ સતત ઉપસ્થિત રહી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા બદલ ડાયેટ-સુરતના વ્યાખ્યાતા શ્રી રશ્મિકાંત પટેલે તેમનો આભાર વ્યક્ત કર્યો. સાથે સાથે વર્કશોપમાં પ્રવૃત્ત સૌનો આભાર વ્યક્ત કર્યો.

❖ **કાર્યશાળાના તજ્જ્ઞશ્રીની વિગત:**

| ક્રમ | તજ્જ્ઞશ્રીનું નામ | હોદ્દો અને સંસ્થા | વિષય |
|---|---|---|---|
| 1 | ડૉ વાય. કે. પટેલ | પ્રાચાર્ય<br>ડાયેટ – સુરત | કાર્યશાળાનાં હેતુ, મહત્ત્વ |
| 2 | ડૉ વિજય એસ. પટેલ | રીડર, ગણિત વિજ્ઞાન એકમ,<br>જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર | ઈકો ક્લબની શાળાકીય પ્રવૃત્તિઓ અને ડાયેટની ભૂમિકા |
| 3 | ડૉ જનકસિંહ રાઠોડ | હેડ અને સિ.સાયન્ટીસ,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત | પ્રાકૃતિક ખેતી શું છે? તેનાથી થતા ફાયદા અને ગેરફાયદા |
| 4 | શ્રી સુનિલભાઈ ત્રિવેદી | સિ.સાયન્ટીસ,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત | મિલેટ – ખોરાકમાં મિલેટનું મહત્વ |
| 5 | શ્રી પ્રતિક પટેલ | ફાઉન્ડર, કમ્પોઝવાલા | કમ્પોઝ ખાતર : સૂકા અને ભીનાં કચરામાંથી ખાતર બનાવવું |
| 6 | શ્રી મિનલભાઈ ટંડેલે | આસિસ્ટન્ટ પ્રોફેસર, ફોરેસ્ટ વિભાગ, નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સીટી, નવસારી | મિયાવાકી ફોરેસ્ટ પદ્ધતિના ફાયદા – ગેરફાયદા, |
| 7 | શ્રીમતી ભક્તિબેન પંચાલ | વૈજ્ઞાનિક, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત | કિચન ગાર્ડન – ટૅરેસ ગાર્ડન |

❖ **ફોટોગ્રાફ:**




## ઉદ્ઘાટન કાર્યક્રમ









પ્રાસંગિક ઉદબોધન : ડૉ વાય. કે.પટેલ, પ્રાચાર્ય , ડાયેટ સુરત




કાર્યશાળા વિષે : ડૉ વિજયભાઈ પટેલ. રીડર. જી.સી.ઈ.આર.ટી. – ગાંધીનગર



વિષય : પ્રાકૃતિક ખેતી : ડૉ જનકસિહ રાઠોડ, હેડ અને વિજ્ઞાનિક, કે.વી.કે., સુરત






વિષય : મિલેટ: સુનિલભાઈ ત્રિવેદી, સાયન્ટીસ, કે.વી કે. - સુરત








વિષય : કમ્પોઝ ખાતર : પ્રતિક પટેલ



- **એક્સપોઝર વિઝીટ :**

  **(1) ઈકો હોમ - વેસુ. (નેચર ક્લબ-સુરત)**







## (2) પ્રાથમિક શાળા- મલેકપોર  તા: પલસાણા












## (3) નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી





વિષય: મિયાવાંકી ફોરેસ્ટ : ડૉ મિનલભાઈ ટંડેલ આ.પ્રો., ન.એગ્રી.કોલેજ, નવસારી







(બાયો પેસ્ટીસાઈડ, વર્મીવોસ, વર્મી ખાતર બનાવત મુલાકાત )

(4) મીઠાનો સત્યાગ્રહ સ્મારક – દાંડી ( નવસારી)







## Day-3



વિષય: ટેરેસ ગાર્ડન, કિચન ગાર્ડન:    ભક્તિબેન પંચાલ, વૈજ્ઞાનિક, કે.વિ.કે.-સુરત



- વિવિધ ડાયેટની ઈકો ક્લબ એક્ટીવીટીનું પ્રેઝન્ટેશન










એસ.ટી.
ગુજરાત
સૂર્યનગરી
ડીલક્ષ
એક્સપ્રેસ
ગુજરાત એસ.ટી.
GSRTC
Govt. of Gujarat
શૈક્ષણિક પ્રવાસ
District Institute Of
Education & Training
Surat

# રાજ્યના વિવિધ ડાયેટનાં
# ઈકો ક્લબ પ્રવૃત્તિનાં અહેવાલો

**District Institute of Education and Training (DIET), SURAT**
**Programme and Activities of year 2022-23**
**Related to Eco Club Project**

- **ડાયેટ સુરત કેમ્પસમાં વૃક્ષારોપણ તથા કેમ્પસ સફાઈ કાર્યક્રમ** : સપ્ટેમ્બર માસમાં ડાયેટ સુરતના અધ્યાપકો અને બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં વિવિધ છોડોનું રોપણ કરવામાં આવ્યું તથા કેમ્પસમાં આવેલ ગાર્ડન-બગાયત વિભાગમાંથી નીંદણ અને કાપેલું ઘાસ ભેગું કરવામાં આવ્યું.
- **જિલ્લા કક્ષાની પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિઓ અંગેની કાર્યશાળા** : EDN-12 ગ્રાન્ટ અંતર્ગત તારીખ 6/9/22 થી 7/9/22 દરમિયાન ડાયેટ સુરત ખાતે જિલ્લા કક્ષાના ઇકો કબલ / પર્યાવરણ પ્રયોગશાળા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઇકો ક્લબ- પર્યાવરણ પ્રયોગશાળા ધરાવતી શાળામાંથી 53 તાલીમાર્થીઓ અને 03 તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કે વી કે સુરતનાં તજજ્ઞ દ્વારા સજીવ ખેતી, ટેરેસ ગાર્ડન-કિચન ગાર્ડન વગેરે વિષય પર સમજ આપવામાં હતી. તથા સુરતમાં આવેલ એક ટેરેસ ગાર્ડનની મુકાલાત તથા ઇકો ક્લબ-કિચન ગાર્ડનમાં સારું કામ કરતી કઠોર પ્રાથમિક શાળાની એક્ષપોઝર વિઝીટ કરાવી હતી.
- **પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિઓ અંગે મુખ્ય શિક્ષકની કાર્યશાળા** : EDN-12 ગ્રાન્ટ અંતર્ગત તારીખ 6/10/22 થી 7/10/22 દરમિયાન ડાયેટ સુરત ખાતે જિલ્લા કક્ષાના ઇકો કબલ / પર્યાવરણ પ્રયોગશાળા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઇકો ક્લબ- પર્યાવરણ પ્રયોગશાળા ધરાવતી શાળામાંથી 49 તાલીમાર્થીઓ અને 03 તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કે વી કે સુરતનાં તજજ્ઞ દ્વારા સજીવ ખેતી, ટેરેસ ગાર્ડન-કિચન ગાર્ડન વગેરે વિષય પર સમજ આપવામાં હતી. તથા સુરતમાં આવેલ એક ટેરેસ ગાર્ડનની મુકાલાત, વેસુ ખાતેનું ઇકો હોમની વિઝીટ તથા ઇકો ક્લબ- કિચન ગાર્ડનમાં સારું કામ કરતી કઠોર પ્રાથમિક શાળાની એક્ષપોઝર વિઝીટ કરાવી હતી.
- **કમ્પોઝ ખાતર બનાવવું કાર્યક્રમ** : ડાયેટના કેમ્પસમાં આવેલ વૃક્ષનાં પાન કે અન્ય વાનસ્પતિક કચરા/ ઘાસને કમ્પોઝ બેડમાં એકત્ર કરી કમ્પોઝ ખાતર બનાવવામાં આવ્યું. જેનો ઉપયોગ કેમ્પસના ફૂલ-છોડ અને બગાયતી છોડમાં નાખવામાં આવ્યું.

- **ડાયેટ કક્ષાની ઇકો કલબ પ્રવૃત્તિ :** જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા વર્ષ: 2022-23 માટે ઇકો કલબ પ્રવૃત્તિ(ડાયેટ કક્ષાની) માટે ઇડીએન-12 પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ-8 (C-5) અન્વયે રૂ. 25,000/-(અંકે રૂ.પચ્ચીસ હજાર પૂરા) ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે અંતર્ગત ફૂલ છોડ માટે સિમેન્ટના મોટા કુંડા લાવ્યા, કેમ્પસમાં આવેલ બાગમાં નિદણ કામ કરાવ્યું તથા બગાયત ફૂલછોડ લાવ્યા હતા.
- **જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળા**

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| 1. | કામરેજ | પ્રાથમિક શાળા- કઠોર | સીડબેંક, કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ અને તેની ઉપજનો વિધાર્થીનાં ભોજનમાં ઉપયોગ, કુંડા, સ્કલ્પચર બનાવવા, ઇકો વોલ |
| 2. | બારડોલી | પ્રાથમિક શાળા – બાબેન | ટેરેસ ગાર્ડન, ઔષધ બાગ અને તેનો ઉપયોગ, ટેરેસ પર ડ્રેગન ફ્રુટ ખેતી. |
| 3. | માંડવી | પ્રાથમિક શાળા – ગવાછી | ઔષધ બાગ અને તેનો ઉપયોગ, સીડબેંક, કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ અને તેની ઉપજનો વિધાર્થીનાં ભોજનમાં ઉપયોગ, જન્મ દિવસે છોડ આપવો. |
| 4. | પલસાણા | પ્રાથમિક શાળા – કણાવ | ઔષધ બાગ અને તેનો ઉપયોગ, લીલુંછમ કેમ્પસ ડેવલપમેન્ટ, |
| 5. | યુ આર સી – 3 | નગર પ્રાથમિક શાળા- ગવિયર (વેસુ) | લીલુંછમ કેમ્પસ ડેવલપમેન્ટ , હાઈડ્રો પોનીક્સ પધ્ધતિ, બોર રિચાર્જનું આયોજન, સીડબેંક, કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ, કુંડા બનાવવા |





ઇકો ક્લબ કાર્યશાળા




ઇકો ક્લબ કાર્યશાળા – એક્ક્ષપોઝર વિઝીટ




કિચન ગાર્ડન  અને ઇકો વોલ- પ્રા.શાળા કઠોર (કામરેજ)







ટેરેસ ગાર્ડન

પ્રા.શાળા- બાબેન

(બારડોલી)

કિચન ગાર્ડન અને હાઈડ્રોપોનીક્સ પ્લાન્ટ - પ્રા.શાળા ગવિયર -સુરત









કિચન ગાર્ડન – ઓષધબાગ

પ્રા.શાળા ગવાછી (માંડવી)







કમ્પોઝ બેડ અને ડાયેટ સુરતનું કેમ્પસ

## શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ (ગ્રામ્ય)

## ઇકો ક્લબ પ્રવૃત્તિ અહેવાલ વર્ષ 2022-23

- **વૃક્ષરોપણ કાર્યક્રમ** : તારીખ 28/6/2022ના રોજ કેમ્પસમાં ચંદન,મોગરા,કરેણ,અને રંગ બે રંગી બોગનવેલ જેવા પ્લાન્ટ્સનું ભવનના તમામ સ્ટાફ સાથે વૃક્ષરોપણ કરવામાં આવ્યું
- **રાજ્યકક્ષા બેઠક:** પર્યાવરણનાં જતન અને સંવર્ધનના હેતુ અંર્તગત શાળાક્ક્ષાએ ચાલતી ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃત્તિને વેગવંતી કરવા તારીખ 27 અને 28 જૂલાઈ 2022નાં રોજ પાલીતાણા મુકામે આયોજિત વર્કશોપમાં જોડાયા અને અમદાવાદ જીલ્લામાં ચાલતી ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃત્તિની અન્ય જીલ્લાઓમાં કરાતી પ્રવૃત્તિ સાથે શેરીગ કરવામાં આવ્યું
- **વર્કશોપ** : પર્યાવરણના જતન અને સંવર્ધનનાં હેતુસહ કાર્યરત ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાની શાળાકીય પ્રવૃત્તિઓની જાગૃતિ સંર્દભે તારીખ 29/9/22 અને તારીખ 30/9/22 ના રોજ જિલ્લાક્ક્ષાના બે દિવસીય વર્કશોપ નું આયોજન જેમાં પ્રથમ દિવસે પર્યાવરણલક્ષી શાળાકીય પ્રવૃત્તિ ચર્ચા
- **exposure –visit:** તાલીમનાં બીજા દિવસે તારીખ 30/9/23 તાલીમાર્થીઓને સુઘડ ખાતે **exposure –visit** કરાવવામાં આવી જ્યાં તાલીમાર્થીઓ સંસ્થાના કુદરતી વાતાવરણને માળવાની સાથે સ્વચ્છતા, વોટર હાર્વેસ્ટગ જેવી પર્યાવરણ લક્ષી પ્રવુતીઓનુ અનુભવજન્ય જ્ઞાન મેળવ્યું
- **કાર વોશિગ ઝોન** : ઓગષ્ટ માસમાં કેમ્પસની જગ્યાનો ખૂબ જ સુંદર ઉપયોગ કરી કેમ્પસ કાર વોશિગ ઝોન ડેવલોપ કરવામાં આવ્યા સાથે- સાથે કેમ્પસમાં વેજીટેબલ ગાર્ડન ડેવલોપ કરવામાં આવ્યો જેમાં કાર વોશિગ ઝોન નાં વેસ્ટ પાણીનો રી યુઝ (reuse) કરવામાં આવે છે

- **બેઠક કોર્નર** : કેમ્પસમાં રંગબેરંગી બોગનવેલ,ચંપા ,કરેણ જેવા ફૂલ છોડ તેમજ લોક સહયોગ થકી  રંગ બે રંગી બાકડા સાથેનો બેઠક કોર્નર ડેવલોપ કરવામાં આવ્યો.
- **મીનીગાર્ડેન** : વિવિધ ઓફીસ પ્લાન્ટ સાથે સંસ્થામાં મીની ગાર્ડન ડેવલોપ કરવામાં આવ્યો
- **કિચન ગાર્ડન** : નવેમ્બર માસમાં ડાયટ કેમ્પસ માં કિચન ગાર્ડનનું નિર્માણ જેમાં લીબું,લીમડો, મરચા , રીગણ જેવા વિવિધ શાકભાજીનું વાવેતર અને જતન
- **ડોક્યુમેન્ટેશન વર્કશોપ** : તારીખ 17/1/23અને 18/1/23 જીલ્લાની શાળાઓમાં ચાલતી ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાની  પ્રવૃત્તિ સંદર્ભે ડોક્યુમેન્ટેશન નિર્માણ વર્કશોપ, જેમાં જિલ્લાની શાળાઓની પ્રવૃત્તિ ઓંનું QR કોડ સાથેનું ડોક્યુમેન્ટેશન તૈયાર કરવામાં આવ્યું .
-

<u>જિલ્લાની શાળા કક્ષાની ઇકો ક્લબ પ્રવૃત્તિ – અમદાવાદ (ગ્રામ્ય)</u>

| ક્રમ | શાળા નું નામ | તાલુકો |
|---|---|---|
| 1 | ઇગોલી પ્રાથમિક શાળા | ધોળકા |
| 2 | ચોસર પ્રાથમિક શાળા | દસ્કોઈ |
| 3 | ગલસાણા પ્રાથમિક શાળા | ધંધુકા |
| 4 | રાજવાડા પ્રાથમિક શાળા | બાવળા |
| 5 | જીવણપૂરાપ્રાથમિક શાળા | સાણંદ |

❖ **ઇગોલી પ્રાથમિક શાળા – તાલુકો ધોળકા – જિ.અમદાવાદ**

- સ્વચ્છ  હેન્ડ વોશ એરિયા અને કેમ્પસ ગાર્ડન ડેવલોપ કેમ્પસ ગાર્ડન સાથેનું પરિસર

- કચરાનું વ્યવસ્થાપન : ઘન કચરાનો નિકાલ, કમ્પોઝ પીટ
- ક્ષેત્રિય મૂલાકાત : ગ્રીન હાઉસ,નદી, વાડી,ડેમ, ઇન્દ્રોડા પાર્ક જેવા પર્યાવરણીય સ્થળો ની મૂલાકાત
- સ્વસ્થ જમીન પ્રોજેક્ટ, સ્વચ્છતા થીમ બેઝ ભીત ચિત્રો , પરિસરમાં વોટર હાર્વેસ્ટ સીસ્ટમ

❖ ગલસાણા પ્રાથમિક શાળા – તાલુકો ધંધુકા – જિ.અમદાવાદ

- વૃક્ષમય શાળા કેમ્પસ- શાળા પરિસરમાં ૩૦૦ આશરે જેટલા વૃક્ષો
- ત્રિ –વિભાજિત શાળા કેમ્પસ – વિવિધ પ્રકારના ઉપયોગી વૃક્ષો – ઔષધ બાગ – કિચન ગાર્ડન
- ખજૂરી ઉછેર પ્રોજેક્ટ – ખજૂરીના રોપાનું શાળાના વિદ્યાર્થી દ્વારા જતન

❖ જીવણપૂરા પ્રાથમિક શાળા – તાલુકો સાણંદ – જિ.અમદાવાદ

- કિચન ગાર્ડન
- રંગ બે રંગી બોગનવેલ અને છોડવા સાથેનું શાળા પરિસર
- વૃક્ષ ઉછેર સંદંભી જાપાનની પ્રસિદ્ધ પદ્ધતિ ‘ મિયાવાંકીનો શાળામાં આશિક અમલ
- સ્વચ્છ સંકુલની સફાઈનું પાણીને શાળાના ફૂલ છોડ સુધી પહોચે તેની સુંદર વ્યવસ્થા
- ફૂલ –છોડથી સજ્જ શાળાના તમામ ખૂણા

<u>ડાયટમાં કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરી</u>



ડાયટ અમદાવાદ (ગ્રામ્ય)



ડાયટ અમદાવાદ (ગ્રામ્ય) કિચન –ગાર્ડન





સુધડ- પર્યાવરણીય સંસ્થા

ભવન કેમ્પસ માં બેઠક કોર્નર





ઇગોલી પ્રા.શાળા –કચરાનું વ્યવસ્થાપન

ધંધુકા- ગલસાણા પ્રાથમિક શાળા શાકભાજીના ક્યારા

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી. ૨૦૨૨-૨૩

### ECO-Club activities સંદર્ભે ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી

- બી.એડ.તાલીમાર્થી માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં એક દિવસીય વર્ગનું આયોજન કરી, હર્બલ ગાર્ડન, સ્વસ્થ જમીનની રચના, કિચન ગાર્ડન,પ્રાકૃતિક ખેતી અને સંશોધન કેન્દ્ર વગેરેની સમજ આપી એક્સપોઝર કરવામાં આવી. બી.એડ. તાલીમાર્થી દ્વારા સિંહ દિવસની ઊજવણી કરવામાં આવી.

- પર્યાવરણ પ્રયોગશાળા સંદર્ભે તા.૧/૦૭/૨૨ના રોજ તમામ બી.આર.સી.કો.શ્રી, સી.આર.સી.કો.શ્રી તેમજ કેળવણી નિરિક્ષકને તાલીમ આપવામાં આવી હતી.
- ઔષધબાગ અને વૃક્ષોનું જતન કરવામાં આવ્યું.ક્યારા બનાવવા, ઘાસ કાઢવું,નિંદણ કામ,વૃક્ષોનું કટીંગ વગેરે કરવામાં આવ્યું.
- દોરંતો મહેંદી અને લીમડાના રોપા વન વિભાગમાંથી મેળવી જીલ્લા શિક્ષણધિકારી, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,ડાયટ પ્રિન્સિપાલ,અધ્યાપકો અને બીએડ તાલીમાર્થીઓ દ્વારા તા.૨૯/૦૭/૨૩ ના રોજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું.
- અગાસીના ટાંકાની સફાઈ કરવામાં આવી.વેસ્ટ પાણીના નિકાલ માટે ખોદકામ કરી નવી પાઇપલાઇન નાખી વૃક્ષોમાં તેનો ઉપયોગ, ભવનની ડાબી બાજુ અવાવરુ જગ્યાએ તે તારની વાડ કરી તેમાં વૃક્ષરોપણ કરવામાં આવ્યું, થાંભલાઓનું રંગકામ કરવામાં આવ્યું.ત્યાં દરવાજો મુકવામાં આવ્યો. ભવન મુખ્ય દરવાજાનું રંગકામ કરવામાં આવ્યુ. જાહેર જગ્યા પર મુકવા માટે ભવન ઓળખરૂપ બોર્ડ તૈયાર કરવામાં આવ્યું. જરૂરી ખાતર વૃક્ષોમાં નાખવામાં આવ્યુ.
- મહેંદી અને છોડ કટીંગ માટે કાતર તેમજ કટીંગ માટે નું મશીન ખરીદ કરી તેના ઉપયોગ દ્વારા કરમદી કટીંગ તેમજ મહેંદી કટીંગ કરવામાં આવી.
- તાલીમાર્થીઓ દ્વારા ક્યારાની ઈંટોને અને વૃક્ષોના થડને ગેરુ થી રંગવામાં આવ્યા, ભવનમાં કુંડાઓના સ્ટેન્ડમાં,સર્કલના થાંભલાઓમાં રંગકામ કરવામાં આવ્યું, જ્યાં મહાદેવજીની સ્થાપના કરવામાં આવી છે ત્યાં પર્વતમાં રંગકામ કરવામાં આવ્યું.
- ઉનાળાના સખત તાપમાં તમામ વૃક્ષોને પાણી મળી રહે તે માટેની ડ્રીપને રીપેર કરવામાં આવી તેમજ બાંકડાઓ પર છાંયડાની વ્યવસ્થા કરવામાં આવી.
- હોસ્ટેલથી ભવન સુધી પાણીના પાઇપનું ખોદકામ કરી બ્લોકેજ પાઇપ રીપેર કરવામાં આવી, સમગ્ર ભવન કેમ્પસની સફાઈ કરવામાં આવી, વૃક્ષોનું જરૂરી કટીંગ કામ કરવામાં આવ્યું.
- ECO-Club activities સંદર્ભે તા.7/10/22 ના રોજ ક્લસ્ટર દીઠ એક શિક્ષકને છતડીયા નર્સરી તા.ધારી તેમજ કૃષિવિજ્ઞાન કેન્દ્ર,અમરેલી મુકામે તાલીમ તેમજ એક્સપોઝર કરવામાં આવ્યું.

# ડાયટ દ્વારા કરવામાં આવેલ કામગીરી ફોટોગ્રાફસ



કૃષિવિજ્ઞાન કેન્દ્ર અમરેલી તાલીમ



DPEO,DEO દ્વારા ડાયેટમાં વૃક્ષારોપણ



કરમદી કટિંગ



છતડીયા નર્સરી એક્સપોઝર

# શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફસ






આંબરડી પ્રા.શાળા, તા. : લાઠી.

જૂની હળિયાદ પ્રા.શાળા, તા. બગસરા

## ECO-Club activities સંદર્ભે ૫ શ્રેષ્ઠ શાળાઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની ટુંકમાં વિગત

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| ૧. | લાઠી | આંબરડી પ્રાથમિક શાળા | 125 વૃક્ષો પિંજરા સાથે રોપણ,110 જેટલા માળા લગાવીને પક્ષીઓનું ઘર,પાણીના કુંડા તેમજ આહાર પાત્ર, વૃક્ષોના નામકરણ બેનર, ઔષધ બાગ,કિચન ગાર્ડન, ફૂલછોડના કુંડામાં પણ વાવેતર. |
| ૨ | બગસરા | જૂની હળિયાદ પ્રાથમિક શાળા | ઔષધ બાગ,ગ્રીન હાઉસનું નિર્માણ ધાણા,મેથી,હળદર, આદુનું વાવેતર કરી મધ્યાન ભોજનમાં ઉપયોગ,૧૮૦ વૃક્ષોનું રોપણ,૧૮૦ કુંડામાં ૯૦ જેટલી પ્લાન્ટ વેરાઈટીઝનું રોપણ. |
| 3. | લીલીયા | ગુંદરણ પ્રાથમિક શાળા | શાળામાં ઔષધ બાગ, મોટા વૃક્ષો અંદાજે 55, ટપક સિંચાઈ પદ્ધતિ, શાળાના કિચન ગાર્ડન, |

| | | | |
|---|---|---|---|
| | | | 100 જેટલા પ્લાસ્ટિકના અને માટીના કુંડાઓનું નિર્માણ, ફૂલ છોડનું કુંડામાંવાવેતર |
| ૪. | બાબરા | શિરવાણીયા પ્રાથમિક શાળા | ૩૦૦ વૃક્ષોનુ વાવેતર,તેમાં ટપક સિંચાઇ પધ્ધતિ,ગુજરાત કાઉન્સીલ ઓફ સ્કુલ એજ્યુકેશન સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરની કચેરી ગાંધીનગર પુરસ્કૃત રોપા ઔષધીય નર્સરી પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૦૦ તૈયાર કરવામાં આવ્યા હતા.ગામલોકોને તે રોપાઓનું મફત વિતરણ કરવામાં આવ્યું હતું. |
| ૫. | અમરેલી | જાળીયા પ્રાથમિક શાળા | ઔષધ બાગ, કિચન ગાર્ડન, બગીચો, રેઇન વોટર હાર્વેસ્ટીંગ અંતર્ગત પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા,સજીવખેતી. |

=========================================

## District Institute of Education and Training(DIET), Anand

## Prgrammes and Activities of year 2022-23

## Related to Eco Club Project

- ડાયટ કક્ષાએ ઇકો ક્લબ પ્રવૃત્તિ: જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા વર્ષ:2022-23 માટે ઇકો ક્લબ પ્રવૃત્તિ (ડાયટ કક્ષાની) માટે ઇડીએન-12 પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ-8(C-5) અન્વયે રૂ.25000/-(અંકે રૂ.પચ્ચીસ હજાર પૂરા ) ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે અન્વયે ઓગષ્ટ- સપ્ટેમ્બર, 2022 દરમિયાન ડાયેટ ક્વાટર્સ કેમ્પસની આગળ-પાછળ અને હોસ્ટેલ બિલ્ડીંગની બાજુની બિનઉપયોગી જમીન અંતર્ગત કેમ્પસ ડેવલોપમેન્ટ કરવામાં આવ્યું. ડ્રીપ ઇરીગેશન ઈંસ્ટોલેશન અને ફળાઉ ઝાડ બાગ નિર્માણ કરવામાં આવ્યું.
  - ડાયેટ ક્વાટર્સ કેમ્પસની આગળ-પાછળ અને હોસ્ટેલ બિલ્ડીંગની બાજુની બિનઉપયોગી જમીન પસંદ કરવામાં આવી. તેની સફાઈ કરવામાં આવી.
  - ૯૦ જેટલા અલગ અલગ ફળાઉ ઝાડ જેમકે આમળા, કલમી આંબા, સીતાફળ, જામફળ, જાંબુ, ફાલસા, સરગવા, ગુંદા, લીંબુ, ડ્રેગન ફ્રુટ, સરગવા વગેરે રોપવામાં આવ્યા.

- ▪ પાણી સિંચાઈ માટે તમામ રોપા આગળ ડ્રીપ ઇરીગેશન ઈંસ્ટોલેશન કરવામાં આવ્યું.

- NEP-2020 અંતર્ગત વ્યવસાયલક્ષી શિક્ષણ સંદર્ભે શહેરી બાગાયત તાલીમ : તા.12/07/22 અને તા.13/07/22ના રોજ NEP-2020 અંતર્ગત વ્યવસાયલક્ષી શિક્ષણ સંદર્ભે બાગાયત કચેરી, આણંદનાં સહયોગથી શહેરી બાગાયત એક દિવસીય બે તાલીમ કરવામાં આવી. જેમાં વ્યવસાયલક્ષી શિક્ષણનું મહત્વ, પ્રાથમિક ક્ષેત્રે વ્યવસાયલક્ષી શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ, જેમાં કૃષિ, શહેરી બાગાયત, પ્લગ નર્સરી, કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન, વિવિધ ઓર્નામેન્ટલ પ્લાન્ટસ, મેડીસનલ પ્લાન્ટસના ઉછેર, જાળવણી વગેરેની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક સમજ આપવામાં આવી.
- જળ સવર્ધન તાલીમ: તા.04/08/22ના રોજ વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ, આણંદ ખાતે જળ સવર્ધન તાલીમ કરવામાં આવી. જેમાં પાણીના ઉપયોગો, પાણીની પરિસ્થિતિ, ઘરગથ્થુ વપરાશમાં પાણીનો ઉપયોગ અને તેમાં થતો દુર્વ્યય અને તેનો અટકાવ ,ખેતીમાં પાણીનો અસરકારક ઉપયોગ, World water crisis - some facts " વિષય અંતર્ગત જળ એ જ જીવન, વિશ્વમાં જળની પરિસ્થિતિ, , જળ સંકટ, ગ્લોબલ વોટર ફૂટપ્રિન્ટ, ગુજરાતના વોટર રીસોર્સીસ વગેરેની સમજ આપવામાં આવી.
- ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળા કાર્યશિબિર: તા.22/09/22 થી તા.23/09/22 અને તા.27/09/22 થી તા.28/09/22 દરમિયાન કૃષિ યુનિવર્સીટી, ખેતીવાડી, આણંદ મુકામે ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાની બે દિવસીય બે કાર્યશિબિર કરવામાં આવી. જેમાં કૃષિ યુનિવર્સીટીના સાયન્ટીસનો તજજ્ઞ તરીકે લાભ મળ્યો. તાલીમમાં સ્વસ્થ જમીન, વર્મી કમ્પોષ્ટ, જંતુનાશકોના ઉપયોગો અને તેની આડઅસરો, શાળા કક્ષાએ કરવાની ઇકો ક્લબ પ્રવૃત્તિઓ, શાળાઓનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. કૃષિ યુનિવર્સીટી, અને ટીંબા, દહેડા તથા રાલેજ ઇકો ફ્રેન્ડલી પ્રાથમિક શાળાઓની એક્ષપોઝર વિઝીટ કરાવવામાં આવી.
- સમગ્ર વર્ષ દરમિયાન સમયાંતરે ઓફીસ બિલ્ડીંગમાં આવેલ કુંડાઓ અને બે ગાર્ડનના ક્યારાઓના રખરખાવ તેમજ જંગલી ઘાસનો નિકાલ કરવાની કામગીરી અને મોટા છોડને પૃનીંગ કરવાની કામગીરી કરવામાં આવી.

- જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળાઓ:

| ક્રમ | તાલુકાનું નામ | શાળાનું નામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| 1 | આણંદ | ગોપાલપુરા | ભૂગર્ભ જળ રિચાર્જ કુવો-,જળસંચય, નાળિયેરના છોતરામાંથી કોકોપીટ બનાવવું, કિચન ગાર્ડન અને શાળા બાગ, ચબૂતરો અને અક્ષય પાત્ર, પક્ષી પરબ, વન ભોજન, નાડેપ પ્રકારનો કમ્પોસ્ટ પીટ, ઇકો ફ્રેન્ડલી ગણપતિ નિર્માણ, વર્ષા ગીત સ્પર્ધા, દિન વિશેષ ઉજવણી, વૃક્ષારોપણ, ઔષધીય બાગ, શાળા નર્સરી, વકતૃત્વ, ચિત્ર સ્પર્ધા, ગામમાંથી પ્લાસ્ટિક કલેક્શન પ્રોજેક્ટ |
| 2 | આણંદ | રામનગર | ઔષધ બાગની રચના, કિચન ગાર્ડન નિર્માણ, નવા રોપાનું વાવેતર, વન ભોજન, વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી, નર્સરીની મુલાકાત, પર્યાવરણને લગતી ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, પંખી ઘરની રચના, નવીનીકરણ, પર્યાવરણ વિષય પર સંવાદ, પર્યાવરણ સંદર્ભે શિક્ષક અને વિદ્યાર્થી દ્વારા કથન |
| 3 | આંકલાવ | ફતેપુરા | ઔષધ બાગ-નેમ પ્લેટ સાથે, કાર્પેટ લોનવાળો બગીચો, કિચન ગાર્ડન, રેલી, ચબૂતરો, અક્ષયપાત્ર, પક્ષી ઘર, શાળાની મીની નર્સરી, ફૂવારો,તુલસીવન, ૨૦૦ જેટલા ફૂલછોડ,૫૦ આસોપાલવ,૯૦થી વધારે કૂંડામાં છોડનું વાવેતર,ફ્લાવર શો, વન મહોત્સવની ઉજવણી |
| 4 | આંકલાવ | કરણેટપુરા | લોનવાળો બગીચો ,ઔષધ બાગની રચના, કિચન ગાર્ડન, ટાયરના ઉપયોગથી બગીચાની સજાવટ જેમાં બાગનો સેન્ટર પોઈન્ટ હાઈલાઈટ કરવો, ટાયરથી કાચબા સ્વરૂપે પોટ બનાવેલ છે.વોટર બોટલથી બતકના આકારન આકર્ષક ફૂલ ક્યારાનું નિર્માણ |
| 5 | ખંભાત | રાલેજ | પક્ષીઓ માટે ચબુતરીનું આયોજન, શાળા બાગ લોન સાથે, દરેક છોડથી બાળક પરિચિત થાય તે માટે છોડના નામકરણ, નકામા કચરાના નિકાલ માટે વ્યવસ્થા |





શહેરી બાગાયત તાલીમ

ઇકો ક્લબ કાર્યશિબિર



ઇકો ક્લબ કાર્યશિબિર એક્ષપોઝર વિઝીટ



જળ સવર્ધન તાલીમ



ફતેપુરા પ્રાથમિક શાળાનો આકર્ષક બાગ





રામનગર શાળાનો કિચન ગાર્ડન

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મોડાસા ( અરવલ્લી )

## ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી

**૧) વિશ્વ વનદિવસ** -: દિવસે અને દિવસે વૃક્ષો ઓછા થતા જાય છે અને વન નાશપ્રાય થતા જાય છે આથી જંગલોને બચાવવાના ઉદ્દેશ સાથે તા. 20 માર્ચના રોજ વિશ્વવન દિવસ નિમિત્તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,મોડાસા દ્વારા વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં વિવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

**૨) વિશ્વ જળદિવસ** -: વર્તમાન સમયમાં જળસમસ્યા વિકટરૂપ ધારણ કરી રહી છે.ત્યારે જળ વ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. સૌને પાણીનું મહત્વ સમજાય તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મોડાસા ખાતે 22 માર્ચના રોજ વિશ્વ જળદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**3) શિક્ષક ઇકો પ્રશિક્ષણ** :- ભિલોડા તાલુકાના શામળાજી વિસ્તારમાં જિલ્લાના પર્યાવરણ પ્રેમી શિક્ષકોનું એક દિવસીય પ્રશિક્ષણ વર્ગ યોજી ઇકોક્લબની ટ્રેનિંગ આપવામાં આવી જેમાં તજજ્ઞશ્રીઓ દ્વારા શાળામાં કરી શકાય તેવા ઇકોક્લબના પ્રયોગો અને પ્રવૃત્તિઓની મહત્તમ ઝાંખી કરાવવામાં આવી. તેમજ વન રક્ષકો દ્વારા વિવિધ ઉછેર કરેલ વૃક્ષોનો પરિચય કરાવવામાં આવ્યો.

**૪) નર્સરી મુલાકાત** :- પ્રશિક્ષણના દિવસે જ શામળાજી ખાતે આવેલ નર્સરીની શિક્ષક મુલાકાત ગોઠવી તેમાં રહેલ દશહજાર જેટલી વનસ્પતિનો પરિચય કરાવવામાં આવ્યો. કેટલીક શાળાઓએ જરૂરી છોડની ખરીદી કરી અને ડાયેટ અરવલ્લી તરફથી તમામ શિક્ષકોને બે-બે છોડ ભેટમાં આપવામાં આવ્યા.

**૫) ઇકોક્લબની સ્પર્ધા** :- ઇકો ચિત્ર સ્પર્ધા , નિબંધ સ્પર્ધા , વકતૃત્વ સ્પર્ધા , જન્મ દિવસે વૃક્ષ વાવેતર અને ઉછેર સ્પર્ધા, ઇકો સુવિચાર નિર્માણ તથા ઇકોક્લબને અનુકૂળ રમતોની યાદી તૈયાર કરવામાં આવી.

## ફોટો ગેલેરી

# ગ્રીન ડાયટ












## અમીયાપુર પ્રા શાળા - વૃક્ષોના થડને કલર કામ





## રમોસ પ્રા શાળા – કિચન ગાર્ડન

## ઇકોક્લબ પ્રવૃત્તિઓ સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ

૧) અમીયાપુર પ્રા શાળા , તાલુકો – બાયડ

૨) રમોસ પ્રા શાળા, તાલુકો – ધનસુરા

3) આકરુન્દ પ્રા શાળા, તાલુકો – ધનસુરા

૪) ચુનાખાણ પ્રા શાળા, તાલુકો – ભિલોડા

૫) બોલુન્દ્રા પ્રા શાળા, તાલુકો - ભિલોડા

## ઇકોક્લબ અંતર્ગત કામગીરીની વિગત

૧) ઇકોક્લબ અંતર્ગત **શ્રી અમીયાપુર પ્રા શાળામાં** વિવિધ વૃક્ષોનું વાવેતર કરીને શાળાને ગ્રીન સ્કુલ બનાવેલ છે. આ ઉપરાંત શાળામાં વિવિધ ઔષધીઓનું વાવેતર કરીને સરસ ઔષધબાગનું નિર્માણ કરેલ છે. આ ઉપરાંત શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ઇકોક્લબ કોર્નર, નર્સરીની મુલાકાત,વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું,જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ વગેરે જેવી કામગીરી કરવામાં આવે છે. આમ અમીયાપુર પ્રા શાળા દ્વારા ઇકોક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

૨) ઇકોક્લબ અંતર્ગત **શ્રી રમોસ પ્રા શાળામાં** વિદ્યાર્થીઓ પાસે પંખીઘરના નિર્માણ કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત શાળા દ્વારા સમગ્ર શાળાના મેદાનમાં લોન વાવવામાં આવી છે. શાળા દ્વારા ઇકોક્લબ અંતર્ગત પર્યાવરણ જાગૃતિ ઝુંબેશ ચલાવીને સમગ્ર ગામમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત શાળા દ્વારા વિવિધ દિવસો જેવા કે વિશ્વ જળદિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ વનદિવસ વગેરે જેવા દિવસોની પણ ઉજવણી કરવામાં આવે છે. આમ આ શાળા દ્વારા વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

**District Institute of Education and Training (DIET), Palanpur**

**Programme and Activities of year 2022-23**

**Related to Eco Club Project**

---

- **ડાયેટ પાલનપુર કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ :** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કેમ્પસમાં બીએડ્ના તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા તા.05/ 07/ 2022  ના રોજ વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં અંદાજે 123 જેટલા જુદા જુદા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું.
- **ડાયેટ બિલ્ડીંગ અને કેમ્પસની સાફ સફાઈ કાર્યક્રમ :** જિલ્લા અને શિક્ષણ તાલીમ ભવનનું મુખ્ય બિલ્ડીંગ, હોસ્ટેલ અને કેમ્પસની સાફ સફાઈનું આયોજન દરમાસના ચોથા શનિવારે સામુહિક સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ રાખવામાં આવે છે જેમાં ડાયેટ સ્ટાફ અને બીએડના તાલીમાર્થીઓ સ્વેચ્છાએ જોડાય છે.
- **વિશ્વ ચકલી દિવસ અને વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી :** 20 માર્ચ  વિશ્વ ચકલી દિવસ અને 17 સપ્ટેમ્બર વિશ્વ ઓઝોન દિવસ આ બંને દિવસોની ઉજવણી ડાયેટ દ્વારા દર વર્ષે  કરવામાં આવે છે.
- **ડાયેટ કક્ષાની ઇકો કલબની પ્રવૃત્તિ:** જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા વર્ષ: 2022-23 માટે ઇકો કલબ પ્રવૃત્તિ ( ડાયેટ કક્ષાની) માટે ઇડીએન -12 પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ -8 (  C-5) અન્વયે રૂ.25000/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે અંતર્ગત તા. 16/ 10/ 2022ના રોજ સદર ગ્રાન્ટનો ઉપયોગ ડાયેટ કેમ્પસમાં  જુદા જુદા ફૂલ અને પુષ્પો વાળા છોડ સાથેના કુંડાઓની ખરીદી કરવામાં આવી અને બે સ્થાનો પર બહારથી માટી લાવી પુરાણ કરાવવામાં આવ્યું. 100 ફૂટ લાંબી પાણી માટેની પાઈપ લાવવામાં આવી.
- **જિલ્લા કક્ષાનો ઇકો કલબનો તાલીમ વર્ગ:** જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ આયોજન મુજબ દરવર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા કક્ષાનો ઇકો કલબની પ્રવૃત્તિઓના માર્ગદર્શન અને એક્ષપોઝર વિઝીટ અંગેનો તાલીમ વર્ગ તારીખ 1 અને 2 માર્ચ 2023 દરમિયાન  ડીસા તાલુકાની

ગણેશપુરા પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં જિલ્લાની 70 શાળાઓમાંથી શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## ડાયટમાં કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફસ










પ્રકૃતિ વંદન
રૂપરેખા:-
- વૃક્ષ છોડને તિલક કરવું.
- વૃક્ષની પ્રદક્ષિણા કરવી.

















ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ

૧. લેબલાપુરા પ્રાથમિક શાળા, તાલુકો વડગામ

૨. મમાણા પ્રાથમિક શાળા, તાલુકો સુઈગામ

૩. પાવડાસણ પ્રાથમિક શાળા, તાલુકો ધાનેરા

૪. કોતરવાડા પ્રાથમિક શાળા, તાલુકો ભાભર

૫. છનીયાણા પ્રાથમિક શાળા, તાલુકો વડગામ

1. છનીયાણા પ્રાથમિક શાળા, તાલુકો વડગામ :

છનીયાણા પગારકેન્દ્ર શાળામાં ઇકો ક્લબ સંદર્ભે ખુબ સારી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વૃક્ષારોપણ કાર્યક્રમ, પ્રકૃત્તિ વંદના કાર્યક્રમ, દાતણ સપ્તાહની ઉજવણી,વિશ્વ ચકલી દિવસની ઉજવણી, શાળાના પર્યાવરણની જાળવણી વગેરે કાર્યક્રમો વર્ષ 2022-23 દરમિયાન કરવામાં આવ્યા હતા.

2. પાવડાસણ પ્રાથમિક શાળા, તાલુકો ધાનેરા :

રાજસ્થાન રાજ્યની બોર્ડર પર આવેલી પાવડાસણ પ્રાથમિક શાળામાં વર્ષ 2022-23 દરમિયાન ઓગસ્ટ માસમાં પ્રકૃતિ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાનું પરિસર વૃક્ષો અને છોડવાઓથી ખુબ સુંદર તૈયાર કરવામાં આવેલ છે.

## District Institute of Education and Training(DIET), Bharuch
## Programme and Activities of year 2022-23
## Related to Eco Club Project

- **ડાયેટ ભરૂચ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ :** તારીખ 01-07-2022 ના રોજ ડાયેટ ભરૂચના અધ્યાપકો અને બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં વિવિધ છોડોનું રોપણ કરવામાં આવ્યું તથા વર્ષ દરમિયાન માવજત પણ કરવામાં આવી.
- **જિલ્લા કક્ષાની પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિઓ અંગેની કાર્યશાળા :** EDN-12 ગ્રાન્ટ અંતર્ગત તારીખ 25/08/2022 થી 26/08/2022 દરમિયાન કૃષિ યુનિવર્સીટી, ભરૂચ ખાતે જિલ્લા કક્ષાના પર્યાવરણ પ્રયોગશાળા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પર્યાવરણ પ્રયોગશાળા ધરાવતી શાળામાંથી 78 તાલીમાર્થીઓ અને 06 તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા જેમાં સજીવ ખેતી, પ્રાકૃતિક ખેતી, સરગવાના વિવિધ ઉપયોગો વિષે તથા ધોરણ- 3 થી 5 અને 6 થી 8 ની વિવિધ પર્યાવરણ પ્રયોગશાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિષે તથા બીજા દિવસે એક્ષપોઝર વિઝીટ અંતર્ગત વાગરા તાલુકાની રહિયાદ અને સુવા પ્રાથમિક શાળાની મુલાકાત કરાવી હતી.
- **સ્વચ્છતા કાર્યક્રમ :** તારીખ 03-08-2022 અને 04-08-2022 ના રોજ ડાયેટ અને કેમ્પસમાં બી.એડ્ના તાલીમાર્થીઓ દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.
- **વેસ્ટ પાનની છાપ કાર્યક્રમ :** તારીખ 05-09-2022 ના રોજ વેસ્ટ પાનની છાપ અને તેને આધારે સર્જનાત્મક વસ્તુ, છાપ કે ચિત્ર બનાવવામાં આવ્યા હતા.
- **વિશ્વ ઓઝોન ડે ઉજવણી :** સેવાકાલીન ગ્રાન્ટ અંતર્ગત તારીખ 17/09/2022 ના રોજ બી.એડ્ના બંને વર્ષના તાલીમાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, પોસ્ટર સ્પર્ધા તથા ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 100 તાલીમાર્થીઓ અને 06 તજજ્ઞ હાજર રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.
- **ડાયેટ કક્ષાની ઇકો કલબ પ્રવૃત્તિ :** જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા વર્ષ: 2022-23 માટે ઇકો કલબ પ્રવૃત્તિ(ડાયેટ કક્ષાની) માટે ઇડીએન-12 પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ-8 (C-5) અન્વયે રૂ. 25,000/-(અંકે રૂ.પચ્ચીસ હજાર પૂરા) ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે અંતર્ગત તારીખ 08-10-2022 ના રોજ સદર ગ્રાન્ટનો ઉપયોગ ડાયેટ ભરૂચના કેમ્પસ આવતા પક્ષીઓ/પંખીઓ માટે ચણ અને પાણી મળી રહે તે માટે ડાયેટ ભરૂચમાં ચબૂતરાની વ્યવસ્થા કરવામાં આવી અને તેને ઇન્સ્ટોલ કરાવવામાં આવ્યો હતો. આ ચબૂતરો મૂકવામાં આવ્યા પછી અક્ષયપાત્ર અને તેનો ઉપયોગ ચબૂતરામાં નિયમિત દાણા નાખી અને પાણી માટે મૂકવામાં આવેલ પાત્રમાં પાણી પણ ભરવામાં આવે છે. આ પ્રવૃત્તિ ડાયટ ભરૂચના તાલીમાર્થીઓ દ્વારા નિયમિત કરવામાં આવે છે.
- **પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટરી નિર્માણ વર્કશોપ :** EDN-12 ગ્રાન્ટ અંતર્ગત તારીખ 29/12/2022 થી 30/12/2022 દરમિયાન ડાયટ ભરૂચ ખાતે બે દિવસીય પર્યાવરણ પ્રયોગશાળા ડોકયુમેન્ટરી નિર્માણ વર્કશોપમાં 67 તાલીમાર્થીઓ અને 05 તજજ્ઞ ઉપસ્થિત રહી વર્ષ દરમિયાન જિલ્લામાં પર્યાવરણ અને ઈકો કલબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓનું ડોકયુમેન્ટ બનાવવામાં આવ્યું હતું.

- **પર્યાવરણ પ્રયોગશાળા રિવ્યુ બેઠક અને માર્ગદર્શન :** સેવાકાલીન ગ્રાન્ટ અંતર્ગત તારીખ: 13/01/2023 (આમોદ અને અંકલેશ્વર તાલુકો), 19/01/2023 (હાંસોટ અને વાગરા તાલુકો), 20/01/2023 (નેત્રંગ તાલુકો), 21/01/2023 (ઝઘડીયા તાલુકો), 17/02/2023 (ભરૂચ તાલુકો), 20/02/2023 (જંબુસર તાલુકો), 24/02/2023 (વાલીયા તાલુકો) માં થઈને 7 તબકકામાં કુલ 173 પર્યાવરણ પ્રયોગશાળાના નોડલ શિક્ષકોના રિવ્યુ લઈને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

- **જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળા :**

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| 1. | આમોદ | સુડી પ્રાથમિક શાળા | ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુકત શાળા |
| 2. | હાંસોટ | આંકલવા પ્રાથમિક શાળા | ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુકત શાળા, NGBC દ્વારા એવોર્ડ,જમીનનું સંવર્ધન |
| 3. | નેત્રંગ | થવા બ્રાંચ પ્રાથમિક શાળા | પ્રાકૃતિક ખેતી અંતર્ગત બટાકાની ખેતી કરવામાં આવી 90 દિવસના અંતે વિદાય અને વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં શાળાના 430 વિધાર્થીઓ માટે પાવભાજી બનાવવામાં ઉપયોગ કરવામાં આવ્યો. બટાકાની ખેતી કોઈપણ જાતના ખાતર કે પેસ્ટીસાઈડનો ઉપયોગ કર્યા સિવાય કરવામાં આવી હતી. |
| 4. | વાગરા | રહિયાદ પ્રાથમિક શાળા | વેસ્ટ મેનેજમેન્ટ, લીમડાના પાન અને બોગનવેલમાંથી કુદરતી જંતુનાશક દવા બનાવવી, કલમી છોડની પ્રવૃત્તિઓ, જમીનનું સંવર્ધન અને વર્મીકમ્પોસ્ટ |
| 5. | જંબુસર | વેડચ કુમાર પ્રાથમિક શાળા | રેઇન વોટર હાર્વેસ્ટ તથા બોર રિચાર્જનું આયોજન, સીડબેંક, ભૂમિ સ્વરૂપોનું નિદર્શન, કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ અને તેની ઉપજનો વિધાર્થીના હિતમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. |



ડાયેટ ભરૂચના તાલીમાર્થીઓ દ્વારા ચબૂતરામાં દાણા નાખતા




વર્ષ 2022 -23 નો ભરૂચ જિલ્લાનો ઈકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળાનો અહેવાલ






જમીનનું સંવર્ધન કરતા રહિયાદ પ્રાથમિક શાળા, વાગરા ના વિદ્યાર્થીઓ

પ્રાકૃતિક ખેતી દ્વારા બટાકાનું ઉત્પાદન કરતા થવા બ્રાન્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ






વિશ્વ ઓઝોન ડે નિમિત્તે ડાયેટ ભરૂચમાં ચિત્ર સ્પર્ધા

કૃષિ યુનિવર્સિટી ભરૂચમાં પર્યાવરણ પ્રયોગશાળા વિશેની કાર્યશાળા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જામનગર

## ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી

૧. તારીખ:૦૫/૦૬/૨૦૨૨ ના વિશ્વ પર્યાવરણ દિન નિમિતે દ્વિતિય વર્ષના તાલીમાર્થી માટે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવેલ.

૨. તારીખ:૦૭/૦૬/૨૦૨૨ થી તારીખ:૦૮/૦૬/૨૦૨૨ ના રોજ તાલીમાર્થીઓ તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા ડાયેટ કેમ્પસની સફાઇ, વૃક્ષારોપણ કરવામાં આવેલ.

૩. તારીખ:૦૨/૦૧/૨૦૨૩ થી તારીખ:૦૩/૦૧/૨૦૨૩ ના રોજ કેમ્પસમાં આવેલ વૃક્ષોનું કટીંગ, વૃક્ષ ફરતે સિમેન્ટના કુંડા કરવામાં આવેલ.

૪. નકામા કચરાના નિકાલ માટે ડસ્ટબીન વ્યવસ્થા.

૫. વૃક્ષના છોડને પાણી પાવા માટે પાઇપ દ્વારા વ્યવસ્થા.

**ડાયટમાં કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફસ**

ડાયેટ જામનગરમાં વૃક્ષ ફરતે સિમેન્ટના કુંડા



જશાપર પ્રા. શાળામાં વૃક્ષોને ગેરુ કલર



જશાપર પ્રા. શાળામાંકેમ્પસ ડેવલપમેન્ટ



વાવડી પ્રા. શાળામાં ભીંતસુત્રોથી સજાવટ









ટોબર પ્રા. શાળામાં પક્ષીઓના પાણીના કુંડા

ટોબર પ્રા. શાળામાં વૃક્ષારોપણ

**ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ**

૧. શ્રી વાવડી પ્રાથમિક શાળા, તાલુકો-જોડિયા, જિલ્લો-જામનગર

૨. શ્રી જશાપર પ્રાથમિક શાળા, તાલુકો-કાલાવડ, જિલ્લો-જામનગર

૩. શ્રી દાંતા પ્રાથમિક શાળા, તાલુકો-ખંભાળિયા, જિલ્લો-દેવભૂમિ દ્વારકા

૪. શ્રી ટોબર પ્રાથમિક શાળા, તાલુકો-દ્વારકા, જિલ્લો-દેવભૂમિ દ્વારકા

૫. શ્રી રૂપામોરા પ્રાથમિક શાળા, તાલુકો-ભાણવડ, જિલ્લો-દેવભૂમિ દ્વારકા

**પાંચ પૈકી કોઇ પણ ૨ શાળાઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની ટુંકમાં વિગત**

**૧) શ્રી વાવડી પ્રાથમિક શાળા, તાલુકો-જોડિયા, જિલ્લો-જામનગર**

૧. ઔષધિય બગીચો, ફૂલ-છોડના બગીચાની જતન અને જાળવણી.

૨. પર્યાવરણને લગતા વિશેષ દિનની ઉજવણી નિમિતે નિબંધ, ચિત્ર, વક્તૃત્વ સ્પર્ધા યોજેલ.

૩. રેઇનવોટર હાર્વેસ્ટિંગ અંતર્ગત પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા.

૪. કિચન ગાર્ડન અંતર્ગત શાકભાજીની જાળવણી.

૫. નિયમીત શાળાની સંપૂર્ણ સાફ-સફાઇ.

૬. શાળામાં પક્ષીઘર અને પાણીના પરબની વ્યવસ્થા.

૨) શ્રી દાંતા પ્રાથમિક શાળા, તાલુકો-ખંભાળિયા, જિલ્લો-દેવભૂમિ દ્વારકા

૧. પર્યાવરણ અંતર્ગત દિવાલોની કુંડા અને ભીતસૂત્રોથી સજાવટ.

૨. ઔષધિય બગીચો, ફૂલ-છોડના બગીચાની જતન અને જાળવણી.

૩. પર્યાવરણને લગતા વિશેષ દિનની ઉજવણી નિમિતે નિબંધ, ચિત્ર, વક્તૃત્વ સ્પર્ધા યોજેલ.

૪. કીચન ગાર્ડનની રચના.

૫. પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત પર્યટન અને પ્રવાસની ગોઠવણી.

=================================================================

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ

## ઇકો-ક્લબ પ્રવૃતિ: 2022-23

- **ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, દાહોદ ખાતે કેમ્પસમાં સુંદર બાગ-બગીચાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં ડાયટમાં મેઇન ગેટથી માંડીને ભવનનાં ગેટ સુધીના રસ્તામાં બંને સાઇડમાં મહેંદી રોપવામાં આવેલ છે. ડાયટમાં પ્રવેશતી વખતે જ પ્રવેશદ્વાર પર સુંદર મજાની લીલીછમ વેલો જોવા મળે છે. ડાયટ ભવન ખાતે દિવાલો પર આકર્ષક રંગો વડે સુંદર મજાના ઇકો-ક્લબ પ્રવૃતિને લગતા ચિત્ર દોરવામાં આવ્યા છે. સાથે સાથે અન્ય શ્રેષ્ઠ શાળાઓમાં થતી ઇકો-ક્લબ પ્રવૃતિનાં ચિત્રો પણ મૂકવામાં આવ્યા છે. જેથી તાલીમમાં આવનાર શિક્ષકોને પણ પોતાની શાળામાં ઇકો-ક્લબ પ્રવૃતિની કામગીરી કરવાની પ્રેરણા મળી રહે છે. ડાયટ-ભવનની અંદર કેમ્પસમાં પણ વિવિધ ફુલ-છોડનાં કૂંડા મુકવામાં આવ્યા છે.

- **ડાયટ કેમ્પસમાં સ્વચ્છતા અને વૃક્ષારોપણ કાર્યક્રમ :**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-દાહોદ દ્વારા તારીખ: 20/07/2022 ના રોજ ડાયટ કેમ્પસમાં સ્વચ્છતા અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડાયટ અધ્યાપકો અને ડી.એલ.એડનાં તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં સાફ-સફાઈ અને નર્સરીમાથી લાવવામાં આવેલ વિવિધ પ્રકારના ફૂલ-છોડ અને રોપાનું રોપાણ કરવામાં આવ્યું તથા આ છોડની આજુબાજું માટી નાખી પાણીનું સિંચન કરવામાં આવ્યું. ત્યારબાદ તાલીમાર્થીઓ અને અધ્યાપકોને જુદા-જુદા છોડની સંભાળ રાખવા માટે જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

- ### જિલ્લા કક્ષાએ ઇકો-ક્લબ પ્રવૃત્તિ અંગેની તાલીમ:

જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, દાહોદ દ્વારા પર્યાવરણ પ્રયોગશાળા વર્કશોપનું આયોજન ડાયટ ખાતે તા. 25-26/08/2022 એમ 2- દિવસ દરમિયાન કરવામાં આવેલ હતું. આ વર્કશોપમાં સમગ્ર જિલ્લાના 9 તાલુકામાંથી કુલ 60 શિક્ષકો હાજર રહ્યા હતા. ડાયટના WE શાખાના સિ. લેક્ચરર રાજેશભાઈ મુનિયા દ્વારા તાલીમના પ્રથમ દિવસે પર્યાવરણ પ્રયોગશાળા અને પ્રકૃતિનું જતન કઈ રીતે કરવું તેમજ તેનું જીવનમાં કેટલું મહત્વ રહેલું છે તે વિશે વિસ્તૃત સમજ આપી હતી. શ્રી એમ.કે.મોદી દ્વારા ભાવનગર, પાલીતાણા ખાતે ધોરણ 1 થી 8 તેમજ ધોરણ 1 થી 5 ની શાળાઓમાં ચાલતી પર્યાવરણ પ્રયોગશાળાની કામગીરી પ્રોજેક્ટર દ્વારા બતાવવામાં આવી હતી. તે પણ ઉપયોગી એવું એક ઉત્તમ જીવંત ઉદાહરણ પૂરું પાડયુ હતું.

તાલીમના બીજા દિવસે એક્સ્પોઝર વિઝિટમાં (1) કજેલી પ્રાથમિક શાળા અને (2) માનગઢ હિલ સ્ટેશન પર મુલાકાત લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેથી અમે સૌ કજેલી પ્રાથમિક શાળા પર સવારે 10.30 કલાકે પહોંચી ગયા હતા. ત્યાં શાળામાં કરવામાં આવેલ ઇકો-ક્લબની વિવિધ પ્રવૃતિઓ અને જુદા-જુદા પ્લાન્ટ નિહાળી ભોજન સમારંભ માટે ગયા હતા. ત્યાર બાદ માનગઢ હિલ ખાતે અમે ગુરુ ગોવિંદ સ્મારક અને વીરગતિ પામેલ દેશપ્રેમીઓના સ્મારકની મુલાકાત લીધી હતી. માનગઢ હિલનો નજારો પ્રકૃતિમય બગીચા, સેલ્ફી પોઇન્ટ, વાંકાચૂકા રસ્તાઓ અને બે ડુંગરની વચ્ચે વહેતી ઝરણાંકેરી નદીને નિહાળી હતી. જેમાં પ્રકૃતિએ જાણે લીલી ચાદર ઓઢી લીધી હોય તેવો નજારો માણવાલાયક હતો.

- ### ડાયેટ કક્ષાએ થયેલ ઇકો-કલબ પ્રવૃતિ:

જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા વર્ષ: 2022-23માં ડાયટ કક્ષાએ ઇકો-કલબ પ્રવૃતિ માટે ઈડીએન-12 પ્લાન હેઠળ એપેન્ડીક્ષ- 8 (C-5) અન્વયે 25000/- રૂ. ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી. જે અંતર્ગત સદર ગ્રાન્ટનો ઉપયોગ તારીખ: 25/11/2022 નાં રોજ ડાયટ-દાહોદનાં કેમ્પસમાં આવતા પક્ષીઓને ચણ તથા પાણી મળી રહે તે હેતુથી ચબૂતરાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ચબૂતરાની વ્યવસ્થા કર્યા બાદ ડાયટના અધ્યાપકો અને ડી.એલ.એડનાં તાલીમાર્થીઓ દ્વારા દરરોજ નિયમિતપણે ચબૂતરામાં અનાજનાં દાણા નાખી પક્ષીઓને પાણી માટે મૂકવામાં આવેલ ટબમાં પાણી પણ ભરવામાં આવે છે.

- ### ઇકો-કલબ ડોક્યુમેન્ટ્રી નિર્માણ વર્કશોપ:

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-દાહોદ દ્વારા ઇકો-કલબ ડોક્યુમેન્ટરી નિર્માણ વર્કશોપનું આયોજન તારીખ: 23-24/2/2023 દરમિયાન કરવામાં આવેલ હતું. આ વર્કશોપમાં જિલ્લાના 9 તાલુકામાંથી 53 શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપના આયોજકશ્રી આર.જી.મુનિયા દ્વારા ડોક્યુમેન્ટરી નિર્માણ કરવાની કામગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાએ ઇકો-કલબ પ્રવૃત્તિ ડોક્યુમેન્ટરીની કામગીરી ઝડપથી પૂર્ણ તે માટે ગ્રુપ મુજબ કામગીરી કરવા કુલ 7 ગ્રુપ પાડવામાં આવેલ હતા. બધા શિક્ષક પાસેથી પોતાની શાળામાં અને તાલુકાની અન્ય શાળાઓમાં થયેલ ઇકો-કલબ પ્રવૃત્તિના ફોટો, અહેવાલ લેખન અને અખબારની કલમે, બાળકોના અને ગામના આગેવાનના પ્રતિભાવો ઇકો-ક્લબ પ્રવૃતિ માટે એકત્રિત કરવામાં આવ્યા હતા. તજજ્ઞ દ્વારા અહેવાલ, ફોટોગ્રાફ, પ્રતિભાવો, વિડિયો, હાર્ડ કોપી અને સોફ્ટ કોપીમાં એકત્રીકરણ કરવામાં આવ્યા. વર્કશોપના બીજા દિવસે 24/2/2023ના રોજ ઇકો-કલબ

ડોક્યુમેન્ટરી કામગીરીમાં વ્યસ્ત બની ગ્રુપ મુજબ અવનવી પ્રવૃતિના ફોટોગ્રાફ એકત્રીત કરી કામગીરી ઝડપથી પૂર્ણ કરી હતી. ત્યારબાદ 4:30 કલાકે પ્રાર્થનાખંડમાં બે દિવસની કામગરી ગ્રુપ 1 થી 7નું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

- લાયઝન અધિકારી દ્વારા ઇકો-કલબ સંદર્ભે મોનીટરીંગ અને માર્ગદર્શન:

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-દાહોદ દ્વારા સમગ્ર દાહોદ જિલ્લાનાં 9- તાલુકાઓમાં 9- લાયઝન અધિકારીની નિમણૂક કરવામાં આવેલ છે. જેથી દરેક શાળાઓમાં ઇકો-કલબ અંગેની ગ્રાન્ટ ફાળવણી કર્યા બાદ આ ગ્રાન્ટનો સદઉપયોગ અને સુવ્યવસ્થિત રીતે થાય તે માટે મોનિટરિંગ અને માર્ગદર્શનનું આયોજન પણ દર વર્ષે કરવામાં આવે છે. ઇકો-ક્લબ સંદર્ભે શાળાએ કરેલ કામગીરીની વિગત મેળવવા મુલાકાત ફોર્મમાં તેની વિગતો ભરવામાં આવે છે અને જે-તે શાળાને વધુ સારી પ્રવૃતિઓ કરવા સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવે છે.

- ECO-Club Activities સંદર્ભે શ્રેષ્ઠ કામગીરી કરતી શાળાઓ:

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | પ્રવૃતિની વિગત |
|---|---|---|---|
| 1 | ઝાલોદ | ડુંગરી મુખ્ય પ્રા. શાળા | પ્લાસ્ટિક મુક્ત ગ્રીન શાળા, ચબૂતરાની વ્યવસ્થા, પર્યાવરણ જાગૃતિ વિષયક રેલી, ચિત્ર સ્પર્ધા, રોપા વિતરણ, ઇકો-ક્વિઝ સ્પર્ધા, વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી, કિચન ગાર્ડન, ઔષધ બાગ નિર્માણ. |
| 2 | ગરબાડા | આંબલી પ્રા. શાળા | પ્લાસ્ટીક મુક્ત શાળા, શાળામાં બાગકામ, ફૂલ-છોડ કટીંગ કરી યોગ્ય આકાર, વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી, પર્યાવરણલક્ષી ચિત્ર તથા રંગોળી સ્પર્ધા, વાડી-ખેતરની મુલાકાત, બાગ-બગીચાની સમયાંતરે સાફ-સફાઇ. |
| 3 | દે. બારીયા | આમલીપાણી ચોત્રા પ્રા. શાળા | સ્વચ્છ અને સુંદર પરિસર, વૈવિધ્યસભર ઇકો-ક્લબ પ્રવૃતિઓ, પ્રવાસ-પર્યટન, વન ભોજન, ઇકો ફ્રેંડલી મુર્તિ નિર્માણ, ખાખરામાંથી પડિયા-પતરાળા નિર્માણ, કિચન ગાર્ડન, ઔષધ બાગ નિર્માણ. |
| 4 | ધાનપુર | નવાનગર પ્રા. શાળા | પ્લાસ્ટિક મુક્ત ગ્રીન શાળા, પર્યાવરણ જાગૃતિ વિષયક રેલી, ચિત્ર સ્પર્ધા, સ્વસ્થ જમીન નિર્માણ, પ્રવાસ-પર્યટન, બીજ બેંક, ઇકો-ક્વિઝ સ્પર્ધા, વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી, કિચન ગાર્ડન, ઔષધ બાગ નિર્માણ. |
| 5 | સંજેલી | જસૂણીની મુવાડી પ્રા. શાળા | સ્વચ્છ અને સુંદર પરિસર, ઇંટોના ક્યારા બનાવવા, વૃક્ષના થડને ગેરુકામ, કિચન ગાર્ડન, ચિત્ર સ્પર્ધા, પર્યાવરણ જાગૃતિ વિષયક રેલી, સ્વસ્થ જમીન નિર્માણ, નર્સરી -ખેતરની મુલાકાત, ફૂલ-છોડ, રોપા વિતરણ. |



ડાયટ કેમ્પસમાં તાલીમાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ



પક્ષીઓ માટે ચણ નાખતાં  ડાયટનાં તાલીમાર્થીઓ




ડાયટ ખાતે ઇકો-ક્લબ પ્રવૃતિઓની તાલીમ




ડાયટ ખાતે ઇકો-ક્લબ ડૉક્યુમેન્ટરીની તાલીમ



ફૂલ-છોડ વિતરણ- ડુંગરી પ્રા. શાળા, ઝાલોદ




નર્સરી મુલાકાત- રેબારી પ્રા શાળા. દે. બારીયા

**DISTRICT INSTITUTE OF EDUCATION & TRAINING (DIET, GIR SOMNATH)**

**PROGRAMME & ACTIVITIES OF YEAR 2022-23**

**RELATED TO ECO CLUB PROJECT**

.............................................................................................................................

**ડાયેટ ગીરસોમનાથ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ** : તારીખ **01-07-2022**ના રોજ ડાયેટ ગીર સોમનાથ ના પ્રાચાર્યશ્રીના અધ્યક્ષસ્થાને અધ્યાપકો અને શિક્ષકો તેમજ શાળાના બાળકો દ્વારા કેમ્પસમાં વિવિધ છોડનું રોપણ કરવામાં આવ્યું તથા વર્ષ દરમિયાન માવજત પણ કરવામાં આવી. આમ પર્યાવરણની સાચા અર્થમાં જાળવણી અને સંવર્ધન ડાયેટના કેમ્પસમાંથી જોવા મળ્યું.

**જિલ્લા કક્ષાએ પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃતિઓ અંગેની કાર્યશાળા** :-

જિલ્લા કક્ષાએ પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃતિઓ તેમજ કાર્યશાળાનં આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તાલીમાર્થીઓએ ભાગ લીધેલ. વૃક્ષારોપણ પણ કરવામાં આવેલ હતું. ડાયેટ ગીર સોમનાથ કેમ્પસમાં વિવિધ છોડ ઉગાડવામાં આવેલ હતા.

**સ્વચ્છતા કાર્યક્રમ** :- તારીખ **03-08-2022** અને **04-08-2022** ના રોજ ડાયેટ ગીર સોમનાથના કેમ્પસમાં પે.સે.શાળાના બાળકો અને શિક્ષકો તેમજ તાલીમાર્થીઓ દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

**વેસ્ટ પાનની છાપ કાર્યક્રમ** :- તારીખ **05-09-2022** ના રોજ વેસ્ટ પાનની છાપ અને તેને આધારે સર્જનાત્મકવસ્તુ , છાપ કે ચિત્ર બનાવવામાં આવ્યાહતા.

**વિશ્વ ઓઝોન ડે ઉજવણી** :- સેવાકાલીન ગ્રાન્ટ અંતર્ગત તારીખ **17/09/2022** ના રોજ વકતૃત્વ સ્પર્ધા, નિબંધલેખન, પોસ્ટરસ્પર્ધા તથા ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

**ડાયેટ કક્ષાની ઇકો કલબ પ્રવૃત્તિ** :- જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા વર્ષ: **2022-23** માટે ઇકોકલબ પ્રવૃત્તિ (ડાયેટકક્ષાની) માટે ઇડીએન-**12** પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ-**8** (**C-5**) અન્વયે રૂ. **25,000/-**(અંકેરૂ. પચ્ચીસ હજાર પૂરા) ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી .

**પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટરી નિર્માણ વર્કશોપ તથા રીવ્યુ બેઠક** :-

ઇકો ક્લબ પ્રવૃતિના ભાગ રૂપે ડી.એલ.એડ કોલેજની તાલીમાર્થી બહેનો દ્વારા ડોક્યુમેન્ટરી નિર્માણ કરવામાં આવેલ. તથા એક રીવ્યુ બેઠકનું પણ આયોજન કરવામાં આવેલ.

જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્યકરતીશ્રેષ્ઠ શાળાની વિગતો :-

| ક્રમ | શાળાનું નામ | પ્રવૃતિની વિગત |
|---|---|---|
| ૧ | રમળેચી પ્રા. શાળા | ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુક્ત શાળા, રેઇન વોટર હાર્વેસ્ટ. |
| ૨ | આજોઠા કન્યા શાળા | ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુક્ત શાળા,વેસ્ટ મેનેજમેન્ટ, કલમી છોડની પ્રવૃતિઓ. |
| 3 | મૂળદ્વારકા પ્રા. શાળા | ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુક્ત શાળા, ભૂમિ સ્વરૂપોનું નીર્દર્શન |
| ૪ | સરખળી પ્રા. શાળા | પાણીનો બગાડ અટકાવવાની પ્રવૃત્તિ, જમીનનું સંવર્ધન |













# District Institute of Education and Training (DIET), Junagadh

## Programme and Activities of year 2022-23

## Related to Eco Club Project

---

## ઇકોકલબ પ્રવૃત્તિ વર્ષ - ૨૦૨૨-૨૩

- **ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી**

૧. તારીખ – ૦૫/૦૬/૨૦૨૨ના વિશ્વ પર્યાવરણ દિન નિમિતે દ્વિતીય વર્ષની તાલીમાર્થી વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવેલ.

૨. તારીખ-૨૧/૦૬/૨૦૨૨ના રોજ તમામ સી.આર.સી.કો.શ્રી , બી.આર.સી.કો.શ્રી તેમજ કેળવણી નિરીક્ષકશ્રીઓને એક દિવસની તાલીમ આપવામાં આવેલ જેમાં પર્યાવરણ પ્રયોગશાળાની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ.

૩. તારીખ-૦૭/૦૬/૨૦૨૨ થી ૦૮/૦૬/૨૦૨૨ના રોજ બીજા વર્ષની તાલીમાર્થીઓ તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા પરિસરની સફાઇ, કોલેજના તમામ ટોયલેટ-બાથરુમ અને પાણીના ટાંકાની સફાઇ તથા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

૪. તારીખ-૧૨/૦૯/૨૦૨૨ થી ૧૩/૦૯/૨૦૨૨ દિન બે પર્યાવરણ પ્રયોગશાળા વર્કશોપનું આયોજન કરેલ.

૫. જૂનાગઢ ડાયેટ દ્વારા તારીખ-૧૮/૦૯/૨૦૨૨ના રોજ જિલ્લાની શ્રેષ્ઠ પર્યાવરણ શાળાઓના શિક્ષકશ્રીઓને ઇ.ડી.એન. યોજના હેઠળ એક દિવસ કાર્યશિબિરનું આયોજન કરેલ તેમાં તજજ્ઞશ્રીઓ દ્વારા ગ્લોબલ વોર્નિંગ, પ્રકૃતિ-શિક્ષણની આવશ્યકતા તેમાં શિક્ષકનો ફાળો, વૃક્ષનું મહત્વ, ગ્રીન હાઉસ ઇફેકટ વિષય પર પાવર પોઇનટ પ્રેઝન્ટેશન અને પપેટ શો દ્વારા તાલીમ વધુ અસરકારક રહી હતી.

૬. તારીખઃ- ૨૦/૧૦/૨૦૨૨ થી ૨૧/૧૦/૨૦૨૨નાં રોજ ઇકોકલબ ડોક્યુમેન્ટ્રી વર્કશોપની આયોજન કરવામાં આવેલ.

૭. તારીખઃ- ૦૨/૦૧/૨૦૨૩ થી ૦૩/૦૧/૨૦૨૩નાં રોજ કેમ્પસમાં આવેલ કરમદી/વૃક્ષોનું કટીંગ કરવામાં આવેલ.

૮. તારીખઃ- ૨૫/૦૩/૨૦૨૩ થી ૨૯/૦૩/૨૦૨૩ સુધી કેમ્પસમાં આવેલ પાછળ ભાગમાં સાફ-સફાઇ, કટીંગ તથા વિવિધ સાધનોની ખરીદી કરવામાં આવેલ.

૯. સમગ્ર બગીચામાં આવેલ ડ્રીપઇરીગેશનની સમારકામ.

## ECO-Club activities  સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ

૧. ધંધુસર પ્રાથમિક શાળા, તાલુકો – વંથલી, જિલ્લો – જૂનાગઢ

૨. ચર પ્રાથમિક શાળા, તાલુકો – કેશોદ, જિલ્લો – જૂનાગઢ

૩. નવા પ્લોટ પ્રાથમિક શાળા, તાલુકો – માણાવદર, જિલ્લો – જૂનાગઢ

૪. સીમ શાળા,મેદરડા તાલુકો – મેદરડા, જિલ્લો – જૂનાગઢ

૫. નવા પીપડીયા પ્રા.શાળા, તાલુકો – જૂનાગઢ ગ્રામ્ય , જિલ્લો – જૂનાગઢ

### ૧) ધંધુસર પ્રા. શાળા, વંથલી

૧. શાળા દ્વારા પર્યાવરણ સમીતિની રચના કરવામાં આવેલ.

૨. ઔષધિય બગીચો, ફૂલ-છોડના બગીચાની જતન અને જાળવણી.

૩. પર્યાવરણને લગતા વિશેષ દિનની ઉજવણી નિમિતે નિબંધ, ચિત્ર, વકતૃત્વ સ્પર્ધા યોજેલ.

૪. રેઇનવોટર હાર્વેસ્ટિંગ અંતર્ગત પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા.

૫. કંમ્પોસ્ટ ખાડાની સેન્દ્રીય ખાતરની બનાવટ.

૬. પર્યાવરણ સંગ્રહાલય અને સાસણની મુલાકાત.

૭. કિચન ગાર્ડન અંતર્ગત વિવિધ શાકભાજીના વાડોલીવાની જાળવણી.

૮. શાળા દ્વારા વિવિધ રોપાઓનો ઉછેર કરી વાલીના ઘર સુધી પહોંચાડવા.

૯. મધ્યાહ્ન ભોજનમાં શાળાના શાકભાજીનો ઉપયોગ.

૧૦.નિયમીત શાળાની સંપૂર્ણ સાફ-સફાઇ.

૧૧.પર્યાવરણ અંતર્ગત દિવાલોની સજાવટ.

૧૨.તમામ વૃક્ષોનું નામકરણ.

૧૩. શાળામાં પક્ષીઘર અને પાણીનું પરબની વ્યવસ્થા.

૧૪. શાળામાં પર્યાવરણ પ્રેમી વિશેષ વ્યકતિનું વ્યાખ્યાન માળા ગોઠવણી.

## ૨) ચર પ્રા.શાળા, કેશોદ

૧. શાળા દ્વારા પર્યાવરણ સમીતિની રચના કરવામાં આવેલ.

૨. ઔષધિય બગીચો, ફૂલ-છોડના બગીચાની જતન અને જાળવણી.

૩. પર્યાવરણને લગતા વિશેષ દિનની ઉજવણી નિમિતે નિબંધ, ચિત્ર, વકતૃત્વ સ્પર્ધા યોજેલ.

૪. કંમ્પોસ્ટ ખાડાની રચના તથા સેન્દ્રીય ખાતરની બનાવટ.

૫. પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત પર્યટન અને પ્રવાસની ગોઠવણી.

૬. કીચન ગાર્ડનની રચના.

૭.પર્યાવરણ અંતર્ગત દિવાલોની કુંડા અને ભીતસૂત્રોથી સજાવટ.

૮.તમામ વૃક્ષોનું નામકરણ અને ડ્રીપઇરીગેશનથી સજ્જ.

૯. પર્યાવરણને લગતા વિવિધ પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ.

## કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફસ








પર્યાવરણ વર્કશોપ



ઇકોકલબ આયોજન બેઠક



કીચન ગાર્ડન ધંધુસર પ્રા.શાળા



વિવિધ  છોડઅને વૃક્ષો ચર પ્રા.શાળાવંથલી







# District Institute of Education and Training ( DIET ), Bhuj

## Programme and Activities of year 2022-23

## Related to Eco Club project

- ડાયટ કેમ્પસમાં પક્ષીઓ માટે પાણીના કૂંડા અને પક્ષીઘર મૂકવા : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ દ્વારા માનવજ્યોત ટ્રસ્ટ-ભુજના સહકારથી ઇકો ક્લબ તાલીમમાં ઉપસ્થિત તાલીમાર્થીઓના હસ્તે ડાયટ કેમ્પસમાં પક્ષીઓ માટે પાણીના કૂંડા અને પક્ષીઘર મૂકવામાં આવ્યા હતા.
- વૃક્ષારોપણ અને છોડના કુંડા મુકવા : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ તથા **B.Ed.** અને **D.El.Ed.**ના તાલીમાર્થીઓ દ્વારા ડાયટ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને છોડના કુંડા મૂકવામાં આવ્યા હતા.
- છોડને પાણી સિંચવું : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજના **WE** શાખાના વ્યાખ્યાતા શ્રી એ. પી. સુથાર, **PSTE** શાખાના વ્યાખ્યાતા શ્રી રીઝવાનભાઈ રાજા અને ડાયટના સેવકભાઈઓ જુસબભાઈ અને કિરણભાઈ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વૃક્ષોને પાણી પીવડાવવામાં આવ્યું હતું.
- લોનની માવજત અને ફેંસિંગ વર્ક : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજના પ્રાચાર્ય શ્રી એસ.પી.ઠાકર, **WE** શાખાના વ્યાખ્યાતા શ્રી એ. પી. સુથાર, **PSTE** શાખાના વ્યાખ્યાતા શ્રી રીઝવાનભાઈ રાજા અને ડાયટના સેવકભાઈઓ જુસબભાઈ અને કિરણભાઈ દ્વારા ડાયટ કેમ્પસમાં લોનનિ માવજત અને તેનું ફેંસિંગ વર્ક કરવામાં આવ્યું હતું.
- સમુહ સફાઈ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ તથા **B.Ed.** અને **D.El.Ed.**ના તાલીમાર્થીઓ દ્વારા દર મહિને સ્વચ્છતા અભિયાન અંતર્ગત સામૂહિક રીતે ડાયટ ભુજના કેંમ્પસની સફાઈ કરવામાં આવી હતી.
- શાળાકીય પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિઓ માટે શિક્ષક તાલીમ : તા.14/09/22 થી તા.15/09/22 દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની **WE** શાખા દ્વારા ડાયટ ભુજ ખાતે ઇકો ક્લબ શાળાકીય પ્રવૃત્તિ તાલીમનો એક વર્ગ યોજવામાં આવ્યો હતો. જેમાં કચ્છ જિલ્લાની વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાંથી 46 મુખ્ય શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.
- ઇકોક્લબ મોનીટરીંગ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજના **WE** શાખા અને અન્ય શાખાના સિ.લેક્ચરર્સ અને લેક્ચરર્સ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઇકોક્લબ પ્રવૃત્તિઓનું મોનીટરીંગ કરવામાં આવ્યું હતું.
- ઇકોક્લબ ડૉક્યુમેન્ટેશન વર્કશોપ : તા.16/03/2023 થી તા.17/03/2023 દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજની **WE** શાખા દ્વારા ઇકોક્લબ ડૉક્યુમેન્ટેશન વર્કશોપ ડાયટ ભુજ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં કચ્છ જિલ્લામાં વર્ષ : 2022-23 દરમિયાન કરવામાં આવેલ ઇકો ક્લબ પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો.
- ડાયટ કક્ષાની ઇકો ક્લબ પ્રવૃત્તિ : **GCERT** ગાંધીનગર દ્વારા વર્ષ 2022-23 માટે ડાયટ કક્ષાની ઇકો ક્લબ પ્રવૃત્તિ માટે **EDN12, APPENDIX–8 (C-5)** સ્કીમ હેઠળ રૂ.25000 ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી જે અંતર્ગત તા.18/08/2022 થી તા.24/09/2022 દરમિયાન સદર ગ્રાન્ટનો ઉપયોગ ડાયટ

ભુજના કેમ્પસમાં છોડના રોપા વાવવા, છોડના રોપાને પાણી પીવડાવવા, અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન નાખવામાં આવી અને લોન નિર્માણ કરવામાં આવી.

## ડાયટમાં કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફ્સ



ડાયટમાં લોન નિર્માણની કામગીરી



ડાયટમાં લોન નિર્માણ બાદ વિકસિત લોન



ડાયટમાં છોડના રોપા વાવવા



ડાયટમાં લોન નિર્માણ બાદ વિકસિત લોન



પ્લાસ્ટિક હટાવો અભિયાન, ખેડોઇ, તા-અંજાર



કિચન ગાર્ડન નિર્માણ, ઉમેદપર, તા-ભુજ

# કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઇકો ક્લબની પ્રવૃતિઓ

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | ઇકો ક્લબ પ્રવૃત્તિની વિગત | તારીખ |
|---|---|---|---|---|
| 1 | નખત્રાણા | ચાવડકા પ્રાથમિક શાળા | ઇકો કોર્નર,<br>ઔષધ બાગનું નિર્માણ,<br>પક્ષીઓ માટે પાણીના કુંડા મુકવા,<br>પર્યાવરણ સંબંધિત નિબંધસ્પર્ધા યોજવી,<br>પાણી અને વીજળીની બચત | તા.15/06/2022<br>તા.20/06/2022<br>તા.09/07/2022<br>તા.05/08/2022<br>તા.05/09/2022 |
| 2 | ભુજ | ઉમેદપર પ્રાથમિક શાળા | પર્યાવરણ દિનની ઉજવણી, વૃક્ષારોપણ,<br>કમ્પોસ્ટ ખાતર તૈયાર કરવું,<br>ગાંડા બાવળમાં લીંબોળીનું વાવેતર કરવું,<br>અક્ષય પાત્ર | તા.05/06/2022<br>તા.01/07/2022<br>તા.21/07/2022<br>તા.02/08/2022<br>તા.09/09/2022 |
| 3 | મુન્દ્રા | વાંકી પ્રાથમિક શાળા | કમ્પોસ્ડ ખાડા કરવા,<br>ફળાઉ વૃક્ષોનું વાવેતર,<br>કિચન ગાર્ડનનું નિર્માણ,<br>પક્ષીઘર મુકવા,<br>પર્યાવરણલક્ષી રેલી કાઢવી | તા.18/06/2022<br>તા.02/07/2022<br>તા.19/07/2022<br>તા.06/08/2022<br>તા.07/09/2022 |
| 4 | લખપત | દોલતપર પ્રાથમિક શાળા | વૃક્ષારોપણ,<br>કિચનગાર્ડનનું નિર્માણ,<br>ઘન કચરાનો નિકાલ કરવો,<br>તુલસીવન બનાવવું,<br>સ્વસ્થ જમીનનું નિર્માણ | તા.16/06/2022<br>તા.04/07/2022<br>તા.21/07/2022<br>તા.10/08/2022<br>તા.15/09/2022 |
| 5 | અંજાર | માધવનગર પ્રાથમિક શાળા | વૃક્ષારોપણ,<br>ઔષધ બાગનું નિર્માણ<br>છોડ-વૃક્ષોને પાણી સીંચવું,<br>પક્ષીઘર મુકવા, અક્ષયપાત્ર,<br>પર્યાવરણલક્ષી ચિત્રસ્પર્ધા યોજવી | તા.22/06/2022<br>તા.05/07/2022<br>તા.25/07/2022<br>તા.12/08/2022<br>તા.20/09/2022 |

**District Institute of Education and Training (DIET), Kathlal**
**Programme and Activities of year 2022-23**
**Related to Eco Club Project**

- **ડાયેટ કઠલાલ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ :** તારીખ 28-07-2022 ના રોજ ડાયેટ કઠલાલના અધ્યાપકો અને બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં વિવિધ છોડોનું રોપણ કરવામાં આવ્યું તથા વર્ષ દરમિયાન માવજત પણ કરવામાં આવી.
- **સ્વચ્છતા કાર્યક્રમ :** તારીખ 03-08-2022 અને 04-08-2022 ના રોજ ડાયેટ અને કેમ્પસમાં બી.એડ્ના તાલીમાર્થીઓ દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.
- **ક્લબ સંવર્ધન કાર્યક્રમ :** ઓફલાઈન મોડમાં તારીખ 01-07-2022 થી 30-09-2022 ના રોજ ડાયટ કઠલાલ ખાતે ઇકો ક્લબ પ્રવુત્તિ સંદર્ભે જાગૃતા કેળવાય તે માટે ઇકો ક્લબ સંવર્ધન કાર્યક્રમ કરવામાં આવ્યો.
- **વિશ્વ ઓઝોન ડે ઉજવણી :** સેવાકાલીન ગ્રાન્ટ અંતર્ગત તારીખ **16/09/2022** ના રોજ બી.એડ્ના બંને વર્ષના તાલીમાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, પોસ્ટર સ્પર્ધા તથા ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 92 તાલીમાર્થીઓ અને 02 તજજ્ઞ હાજર રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.
- **ડાયેટ કક્ષાની ઇકો કલબ પ્રવૃત્તિ :** જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા વર્ષ: 2022-23 માટે ઇકો કલબ પ્રવૃત્તિ(ડાયેટ કક્ષાની) માટે ઇડીએન-12 પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ-8 (C-5) અન્વયે રૂ. 25,000/-(અંકે રૂ.પચ્ચીસ હજાર પૂરા) ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે અંતર્ગત તારીખ 15 ઓગષ્ટના રોજ સદર ગ્રાન્ટનો ઉપયોગ ડાયેટ કઠલાલના કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં વિવિધ ઔષધીય છોડવાઓ, ફૂલ તેમજ વિવિધ બાગાયતી છોડવાઓનું વાવેતર કરવામાં આવ્યું. કેમ્પસ સફાઈ તેમજ બાગાયતી ખેતી માટેના સાધનો જેવા કે કોદાળી, પાવડો, ત્રિકમ, પંજેટી, દાતરડાં, ઝાડું, સાવરણા, મહેંદી-કાતર, ધારિયા, પાણી પાવા માટેના ઝારા વગેરે વસાવવામાં આવ્યું. આ પ્રવૃત્તિ ડાયટ કઠલાલના તાલીમાર્થીઓ દ્વારા નિયમિત કરવામાં આવે છે.

**જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળા :**

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| 1. | નડિયાદ | વાલ્લા પ્રાથમિક શાળા | વેસ્ટ મેનેજમેન્ટ, લીમડાના પાન અને બોગનવેલમાંથી કુદરતી જંતુનાશક દવા બનાવવી, કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ |

| | | | |
|---|---|---|---|
| | | | અને તેની ઉપજનો વિદ્યાર્થીના હિતમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. |
| 2. | કપડવંજ | મદારી નગર પ્રાથમિક શાળા | બટાકાની ખેતી કોઈપણ જાતના ખાતર કે પેસ્ટીસાઈડનો ઉપયોગ કર્યા સિવાય કરવામાં આવી હતી. |
| 3. | ઠાસરા | રવાલીયા પ્રાથમિક શાળા | કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ અને તેની ઉપજનો વિદ્યાર્થીના હિતમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. |
| 4. | ગળતેશ્વર | પરબીયા પ્રાથમિક શાળા | ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુકત શાળા, NGBC દ્વારા એવોર્ડ,જમીનનું સંવર્ધન |
| 5. | મહેમદાવાદ | સિહુંજ કુમાર શાળા | રેઇન વોટર હાર્વેસ્ટ તથા બોર રિચાર્જનું આયોજન, સીડબેંક, ભૂમિ સ્વરૂપોનું નિદર્શન, કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ અને તેની ઉપજનો વિદ્યાર્થીના હિતમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. |


ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ
પરિષદ(જીસીઇઆરટી) ગાંધીનગર,પ્રેરિત
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કઠલાલ, આયોજિત

કાર્યાનુભવ (WE) શાખા ની કામગીરી
(એપ્રિલ– ૨૦૨૨ થી માર્ચ-૨૦૨૩ દરમિયાન શાખા કાર્ય અહેવાલ )
અહેવાલ વર્ષ:-૨૦૨૨-૨૩

: પ્રેરક અને માર્ગદર્શન :
શ્રી મનુભાઈ બી.પરમાર(પ્રાચાર્ય)
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કઠલાલ


વૃક્ષારોપણ કાર્યક્રમ




ઇકો – ક્લબ સંવર્ધન



સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમ

# District Institute Of Education And Training DIET Santrampur
## Programme And Activities Of Year 2022 – 23
## Related TO Eco Club Project

- ડાયટ સંતરામપુર કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ : તારીખ ૦૫/૦૭/૨૦૨૨ ના રોજ ડાયટ સંતરામપુરના અધ્યાપકો અને ડી. એલ એડ ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં વિવિધ છોડોનું રોપણ કરવામાં આવ્યું તથા વર્ષ દરમિયાન માવજત કરવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો.
- જિલ્લા કક્ષાનો પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિઓ અંગેની કાર્યશાળા : ગ્રાન્ટ અંતર્ગત તારીખ ૧૯-૦૭-૨૦૨૨ જિલ્લા કક્ષાના પર્યાવરણ પ્રયોગશાળા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પર્યાવરણ પ્રયોગશાળા ધરાવતી શાળામાંથી ૬૫ તાલીમાર્થીઓ અને છ તજજ્ઞ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સજીવ ખેતી પ્રાકૃતિક ખેતી સરગવાના વિવિધ ઉપયોગો વિશે તથા ધોરણ ત્રણ થી પાંચ અને છ થી આઠ ની વિવિધ પર્યાવરણ પ્રયોગશાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે તથા બીજે દિવસે એક્સપોઝર વિઝીટ અંતર્ગત સંતરામપુર તાલુકાની નરસીંગપુર પ્રા. શાળા અને માનગઢ ધામની મુલાકાત કરાવી હતી.
- સ્વચ્છતા કાર્યક્રમ : તારીખ ૩/૦૮/૨૦૨૨ અને ૪/૦૮/૨૦૨૨ ના રોજ ડાયટના કેમ્પસમાં ડીએલએડના તાલીમાર્થીઓ દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.
- વેસ્ટ પાન અને પાણીની વેસ્ટ બોટલની છાપ કાર્યક્રમ : તારીખ ૧૨/૦૯/૨૦૨૨ ના રોજ વેસ્ટ પાન અને વેસ્ટ બોટલનો ઉપયોગ કરીને છાપ અને તેને આધારે સર્જનાત્મક વસ્તુ છાપ કે ચિત્ર તથા બોટલ ગાર્ડન બનાવવામાં આવ્યા હતા.
- વિશ્વ ઓઝોન ડે ઉજવણી : સેવાકાલીન ગ્રાન્ટ અંતર્ગત તારીખ ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ ડીએલએડના બંને વર્ષના તાલીમાર્થીઓ માટે વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા પોસ્ટર સ્પર્ધા અને પર્યાવરણ ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫ જેટલા તાલીમાર્થીઓ અને ૩ જેટલા તજજ્ઞ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.
- ડાયટ કક્ષાની ઇકો ક્લબની પ્રવૃત્તિ : જીસીઈઆરટી ગાંધીનગર દ્વારા વર્ષ 2023 માટે ઇકો ક્લબ પ્રવૃત્તિ ડાયટ કક્ષાની માટે ઇડીયન 12 પ્લાન યોજના હેઠળ એપેન્ડિક્સ પાંચ અન્વયે ₹ 25,000 અંકે રૂપિયા 25,000 પુરા ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જેમાં ડાયટ કેમ્પસમાં કિચન ગાર્ડન માટે માટી પુરાણ અને સંરક્ષણ તારની વાડ બનાવી તેમાં વિવિધ શાકભાજીના રોપ રોપવામાં આવ્યા. આ પ્રવૃત્તિ ડાયટ સંતરામપુરના તાલીમાર્થીઓ દ્વારા નિયમિત રીતે કરવામાં આવે છે.
- પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટરી નિર્માણ, રિવ્યુ બેઠક અને માર્ગદર્શન વર્કશોપ : ગ્રાન્ટ અંતર્ગત તારીખ ૧૪/૦૭/૨૦૨૩ ડાયટ સંતરામપુર ખાતે એક દિવસીય પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટરી નિર્માણ વર્કશોપનું ૫૪ જેટલા તાલીમાર્થીઓ અને છ જેટલા તજજ્ઞ ઉપસ્થિત રહી વર્ષ દરમિયાન જિલ્લામાં પર્યાવરણ અને ઇકો ક્લબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓનું ડોક્યુમેન્ટેશન બનાવવામાં આવ્યું હતું.

# ફોટો ગેલેરી




ડાયટ સંતરામપુર કેમ્પસ




વર્કશોપમાં ડાયટ પ્રાચાર્યશ્રીનું માર્ગદર્શન



ચિત્ર સ્પર્ધા



ઓઝોન દિવસ ઉજવણી



ચકલી દિવસ ઉજવણી – નરસીંગપુર પ્રા. શાળા




રાજ્યની ૧૧ પૈકીની શ્રેષ્ઠ શાળા લીંભોલા

## જીલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળા

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | કરેલ પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | હરદાસપુર | ગ્રીન શાળા પ્લાસ્ટિક મુક્ત શાળા |
| ૨ | સંતરામપુર | નરસીંગપુર | કલમ રોપ, વેસ્ટ બોટલ ગાર્ડન, ઔષધ બાગ, કિચન ગાર્ડન |
| ૩ | વીરપુર | ઘાટડા | ખેડૂતો દ્વારા જમીનનું દાન |
| ૪ | ખાનપુર | કુંભરવાડી | ગ્રીન શાળા |
| ૫ | કડાણા | લીંભોલા | રાજ્યની ૧૧ પૈકીની શ્રેષ્ઠ ગ્રીન શાળા |
| ૬ | વીરપુર | ભવાની નાં મુવાડા | જાહેર સ્થળ (બસ સ્ટેશની આસપાસ) વૃક્ષારોપણ |

## વિશેષ કામગીરી કરેલ શાળાની વિગત

### ૧. ઘાટડા પ્રાથમિક શાળા, તા. વીરપુર, જી. મહીસાગર

મહીસાગર જીલ્લાની વીરપુર તાલુકાની ઘાટડા પ્રાથમિક શાળામાં ગ્રીન શાળા અને ઇકો ક્લબ પ્રવૃત્તિઓ અંતર્ગત શાળામાં રમવાનું મેદાન, કિચન ગાર્ડન માટે અપૂરતી જગ્યા હોઈ એસ.એમ સી અને ગ્રામજનો સાથે મીટીંગ કરતા ગામના સાત ખેડૂતોએ શાળાને પોતાની જનીનનું દાન કરેલ અને તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓની અને ગ્રામજનોની હાજરીમાં આ સાત ખેડૂત ભાઈઓનું સન્માન કરવામ આવ્યું.

### ૨. લીંભોલા પ્રાથમિક શાળા, તા. કડાણા, જી. મહીસાગર

મહીસાગર જીલ્લાની કડાણા તાલુકાની લીંભોલા પ્રાથમિક શાળામાં ગ્રીન શાળા અને ઇકો ક્લબ પ્રવૃત્તિઓ અંતર્ગત શાળામાં વિવિધ ઔષધીય છોડવા, વિશાળ કિચન ગાર્ડન, વિવિધ ફળાઉ વૃક્ષો, આકર્ષક અને રંગબેરંગી ફૂલોનો બાગ બગીચો, સક્રિય બાગ સમિતિ અને સક્રિય શાળા પરિવાર અને શાળા વ્યવસ્થાપન સમિતિના સહકારથી આધુનિક સમયમાં ખેતીમાં લુપ્ત થતું બળદગાડુ અને કલાત્મક અને આકર્ષક ચબુતરાનું નિર્માણ કરેલ છે. શાળાની સમગ્ર કામગીરીને ધ્યાને લઇ રાજ્યની ૧૧ શાળાઓ પેકી આ શાળાને રાજ્ય કક્ષાની શ્રેષ્ઠ શાળા તરીકે જાહેર કરવામાં આવેલ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી

## ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી

- તા. 13-14/09/2022ના રોજ નવતર ઈકો પર્યાવરણ પ્રોજેક્ટ અંતર્ગત તાલુકા દિઠ દસ દસ શાળાની પસંદગી કરી, તેમને દશ ઘટકોની સમજ આપી, બેસ્ટ સ્કૂલની મુલાકાત કરી, વર્ષાંત તાલુકા પ્રમાણે એક એક ટીમ બનાવી એમનુ મુલ્યાંકન કરી, તાલુકા દિઠ ત્રણ ત્રણ શાળાને પ્રમાણે સિલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહન આપવામા આવ્યુ.
- તા. 11.07.2022 વૃક્ષા રોપાણ અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ: પ્રસ્તુત કાર્યક્રમમાં પર્યાવરણ જાગૃતિ સંદર્ભે વ્યાખ્યાન પછી, આંબી, જમરૂખ, બદામ, દાડમ, આમળા, નાળયેરી, આસોપાલવ, સાગ, શરૂ અને ઔષધિ વનસ્પતિ અને રોપાનુ વાવેતર કરવામાં આવ્યું.
- તા. 13-14.09.2022 ઈકો કલબ ઓરીએન્ટેશન, ઇ.ડી.એન. ૧૨, નવસારી જિલ્લાના શિક્ષકો પર્યાવરણ સંદર્ભે જાગૃતિ આવે, શાળા કક્ષાએ કરવાની પ્રવૃત્તિ વિશે પરિચિત કરવા હાથ ધરવામા આવ્યો હતો.
- ડાયટ સ્વછતા સપ્તાહ તારીખ 12-18/09/2022 ડાયટ પરિશરને સ્વચ્છતા માટેનું આયોજન કરવામાં આવ્યુ. ડાયટના સમગ્ર પરિસરમાં જૂથની વહેંચણી કરી, સમગ્ર કેમ્પસમાં સફાઈ અભિયાન કરવામાં આવી.
- તા. 14,22,25.03.2023 ઈકો કલબ પર્યાવરણ ડોકયુમેન્ટ કાર્ય શિબિર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી ઈકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગ શાળાની પ્રવૃત્તિઓનું ડોક્યુમેન્ટ કરવામાં આવ્યું
- કેમ્પસ ડેવલોપમેન્ટ : જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા પ્રાપ્ત કેમ્પસ ડેવલોપમેન્ટની 50,000ની ગ્રાન્ટમાંથી ડાયટ પરિસરનો મેઈન ગેટનુ સમારકામ, પાર્કિંગને રંગરોગાન અને વિવિધ નાના મોટા સાપનોની ખરીદી કરવામા આવ્યા.
- ઈકો ક્લબ ઇન ડાયટ : જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર દ્વારા પ્રાપ્ત ઇકો કલબની આવેલ 5,000ની ગ્રાન્ટમાંથી ડાયેટ કેમ્પસમા વિવિધ ઔષધિનું વાવેતર કરવામાં આવ્યુ અને ડાયટની બિલ્ડીંગની ફરતે ફુલ છોડનું વાવેતર કરવામાં આવ્યું અને ડાઘરમાં વાવેલ ફૂલ છોડ અને વનસ્પતિના નામના બોર્ડ બનાવવામાં આવ્યા જૈવિક ખાતર અને નાના સાધનોની ખરીદી કરવામાં આવી.
- તારીખ 08.07.2022ના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવી હતી. જેમાં બન્ને વર્ષાના પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. વર્ષાગીત માટે જાણે ઈશ્વર પણ અમારી સંગાથે હોય એમ મેઘરાજા પણ મન મૂકીને વરસતા હતા.
- હોમિયોપેથિક કેમ્પ ડાયેટ નવસારી ખાતે એસએસ અગ્રવાલ મેડિકલ નવસારીના તાલીમાર્થીઓ દ્વારા હોમિયોપેથિક મેડિકલ કેમ્પ તારીખ 18.09.2022 યોજવામા આવ્યો.
- સંશોધન :
  - નવસારી જિલ્લાની પ્રાથમિક શાળામાં સ્વચ્છતા સંદર્ભે અભ્યાસ
  - નવસારી જિલ્લાની પ્રાથમિક શાળામાં ચાલતા પર્યાવરણ પ્રયોગશાળા સંદર્ભે એક અભ્યાસ

## ડાયટમાં કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફસ















ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ

1. પ્રાથમિક શાળા, ભાટ, તા ગણદેવી
2. પ્રાથમિક શાળા, એધલ, તા. ગણદેવી
3. પ્રાથમિક શાળા, સિસોદરા (કન્યા), તા. નવસારી
4. પ્રાથમિક શાળા, ઘેકટી, તા. ચીખલી
5. પ્રાથમિક શાળા, રંગપુર, તા. વાંસદા

## ૧. પ્રાથમિક વિદ્યામંદિર ભાટ, તા ગણદેવી

1. કન્વિનર શિક્ષક અને વિદ્યાર્થીઓની પર્યાવરણ સમિતિની રચના.
2. શાળામાં તમામ વૃક્ષો અને છોડને પિયત સંદર્ભે ડ્રીપ ઇરિગેશનથી સમજ
3. શાળા દ્વારા ઔષધિય રોપાનું ઉછેર કરી વિદ્યાર્થી અને ગ્રામજનોને મફત વિતરણ
4. રાશીવન, નક્ષત્રવન, ઔષધિવન , કિચનગાર્ડન , ક્રેકટસવન, પુષ્પવન, ફળાઉવનનું ડેવલપમેન્ટ અને સમજ.
5. શાળામાં પક્ષીઘર માટે ચબૂતરાનું નિર્માણ
6. રોપા ઉછેર માટે ગ્રીન હાઉસનું નિર્માણ
7. મત્સ્ય ઉછેર (ગપ્પી માછલી ) માટે તળાવનું નિર્માણ
8. સજીવ ખેતીની સમજ માટે વર્મીવોશ અને વર્મીકમ્પોસ્ટ ખાતરની બનાવટ
9. પર્યાવરણ જાગ્રુતિ સંદર્ભે દરિયાકિનારે પ્લાસ્ટિકમુક્ત સફાઇ અભિયાન
10. રેઇનવોટર હાર્વેસ્ટિંગ દ્વારા વરસાદી શુધ્ધ પિવાના પાણીની વ્યવસ્થા
11. શાળા સફાઇ અને બગીચાની જાળવણી સંદર્ભે સ્પર્ધા.

## ૨.પ્રાથમિક શાળા એધલ તા.ગણદેવી જિ.નવસારી

1. પર્યાવરણ સમિતિની રચના કરી, વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે.
2. શાળામાં ઔષધીય બાગ, કિચન ગાર્ડન ,રોઝ ગાર્ડન, તુલસીવન નું નિર્માણ કરેલ છે .
3. પર્યાવરણને લગતા વિશેષ દિનની ઉજવણી,પાણી બચાવો,વીજળી બચાવો,વૃક્ષો બચાવો જેવા વિષયો પર વકૃત્વ સ્પર્ધા અને સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.
4. શાળામાં અમૃત જળની બનાવટ
5. પર્યાવરણ અંતર્ગત વિવિધ સૂચનો પ્રાર્થના સંમેલન માં આપવામાં આવે છે.
6. દરેક બાળકને એક દત્તક વૃક્ષ આપવાની કામગીરી
7. નિયમિતપણે શાળાની સફાઈ અને નયનરમ્ય બાગબાની તૈયાર કરેલ છે.
8. શાળામાં બીજ બેંક નું નિર્માણ કરેલ છે.
9. ખેડૂત દ્વારા વક્તવ્ય ગોઠવી બાળકોને ખેતી વિશે માહિતી પણ આપવામાં આવેલ છે.
10. ચોમાસ દરમ્યાન રોપા વિતરણ કરી રોપા બાળકોને ઘરે આપવામાં આવેલ છે.
11. પ્લાસ્ટીક મુક્ત શાળા પ્રયોગ હાથ ધરવામા આવેલ છે.

# District Institute Of Education And Training Diet

# Panchmhal

## Programme And Activities Of Year 2022 – 23

## Related TO Eco Club Project

- **ડાયટ પંચમહાલ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ :** તારીખ ૦૫/૦૭/૨૦૨૨ ના રોજ ડાયટ સંતરામપુરના અધ્યાપકો દ્વારા કેમ્પસમાં વિવિધ છોડોનું રોપણ કરવામાં આવ્યું તથા વર્ષ દરમિયાન માવજત કરવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો.
- **જિલ્લા કક્ષાનો પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિઓ અંગેની કાર્યશાળા :** ગ્રાન્ટ અંતર્ગત જિલ્લા કક્ષાના પર્યાવરણ પ્રયોગશાળા કાર્યશાળાનું ઘોઘંબા તાલુકાના ભીલોટ પ્રાથમિક શાળામાં આયોજન કરવામાં આવ્યું, જેમાં પર્યાવરણ પ્રયોગશાળા ધરાવતી શાળામાંથી તાલીમાર્થીઓ અને તજજ્ઞ ઉપસ્થિતમાં કાર્યશાળાનું આયોજન કરવામાંઆવ્યું. જેમાં સજીવ ખેતી પ્રાકૃતિક ખેતી સરગવાના વિવિધ ઉપયોગો વિશે તથા ધોરણ ત્રણથી પાંચ અને છથી આઠની વિવિધ પર્યાવરણ પ્રયોગશાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે તથા બીજે દિવસે એક્સપોઝર વિઝીટ અંતર્ગત કાલોલ તાલુકાની મલાવ પ્રા. શાળા,માલવ કૃપાળુ આશ્રમ અને વેજલપુર બાગાયત ખેતીની મુલાકાત કરાવી હતી.
- **વિશ્વ ઓઝોન ડે ઉજવણી :** વકૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા પોસ્ટર સ્પર્ધા અને પર્યાવરણ ક્વિઝ નું આયોજન કરવામાં આવ્યું હતું.શાળાઓમાં ઓંઝોન ડે ને લગતા વિડીયો બતાવવામાં આવ્યા હતા.
- **પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટરી નિર્માણ, રિવ્યુ બેઠક અને માર્ગદર્શન વર્કશોપ :** ગ્રાન્ટ અંતર્ગત તારીખ ૧/૦/૨૦૨૩ બે દિવસીય પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટરી નિર્માણ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વર્ષ દરમિયાન જિલ્લામાં પર્યાવરણ અને ઇકો ક્લબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓનું ડોક્યુમેન્ટેશન બનાવવામાં આવ્યું હતું.

# જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળા

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | કરેલ પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| ૧ | ધરા | પોપટપુરા | ગ્રીન શાળા,ઔષધ બાગ, કિચન ગાર્ડન,સરગવા વન, |
| ૨ | લોલ | બાકરોલ | ગ્રીન શાળા,ઔષધ બાગ, કિચન ગાર્ડન |
| ૩ | લોલ | ટીંબી | શાળા ગાર્ડન,બાગ |
| ૪ | બુઘોડા | ખોડસલ | ગ્રીન શાળા |
| ૫ | ઘંબા | ગલીબીલી | કલમ દ્વારા વૃક્ષ ઉછેર અને બાળકો દ્વારા વૃક્ષ ઉછેર |
| ૬ | રવા હડફ | વેડ ફળિયા | આકર્ષક ગાર્ડન,કિચન ગાર્ડન |
| ૭ | ફેરા | પાલીખંડા | વિવિધ પ્રકારના વૃક્ષોનુ વાવેતર |

## ફોટો ગેલેરી










પોપટપુરા
પ્રાથમિક શાળા
તા.ગોધરા
જી.પંચમહાલ
દાતાશ્રી તરફથી શાળામાં ચબુતરાનું દાન









નવીન મકાન
પોપટપુરા પ્રાથમિક શાળા
તા.ગોધરા જી.પંચમહાલ
પ્રોગ્રામ સ્ટેજ
Toilet
ખો-ખો નું મેદાન
વોલીબોલનું મેદાન
ઔષધબાગ
કિચન ગાર્ડન
હિંચકો લપસણી
ગોળા ફેંકનું મેદાન

# જિલ્લા શિક્ષણ  અને તાલીમ ભવન – પોરબંદર

## ઇકો પ્રવૃત્તિ અહેવાલ

- **કેમ્પસ ડેવલપમેન્ટ ખાતે**
  - ✓ ડાયેટના પરિસરમાં ખાલી જગ્યાનો સદુપયોગ મોટા સિમેન્ટના કુંડામાં શોભાના છોડ વાવીને કરવામાં આવ્યો.
  - ✓ તે કુંડાનું રંગકામ રાષ્ટ્રધ્વજ ના રંગ મુજબ તાલીમાર્થી દ્વારા કરવામાં આવ્યું હતું.
  - ✓ તે કુંડામાં છોડ ઉપર લગભગ 5 ફૂટ ઊંચેથી  ફુવારા દ્વારા ઇલેક્ટ્રિક મોટર રાખીને એટલે કે ફક્ત સ્વીચ ચાલુ કરીએ એટલે પાણી છોડને મળીજાય એવું ગોઠવવામાં આવ્યું છે.
  - ✓ તાલીમાર્થી દ્વારા લગભગ ૧૫ જેટલા કુંડા , ખાલી બોટલ  અને નકામી ડોલ માં કિચન ગાર્ડન નું કાર્ય કરવામાં આવ્યું હતું જેમાં તુલસી,અજમો,મેથી,કોથમીર વગેરે છોડ ઉગાડવામાં આવ્યા હતા અને તેની જવાબદારી પણ જે તે તાલીમાર્થીને સોપવામાં આવી હતી.
  - ✓ 5 મી જૂન વિશ્વ પર્યાવરણ દિન નિમિતે વન  વિભાગ દસ જેટલા ઝાડ જેમાં કરેણ,પીપળો,વડ,ગુલમહોર વગેરે વાવવામાં આવ્યા હતા અને તેને ખુબ જ સંભાળપૂર્વક ઉછેરવાની જવાબદારી અત્રેની કચેરીના વર્ગ-૪ ના કર્મચારીઓ કરે છે.
- **જિલ્લાની શાળામાં થતી ઇકો અંતર્ગત પ્રવૃતિઓ-**

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| ૧. | પોરબંદર | એરડા પ્રા.શાળા | |
| ૨. | રાણાવાવ | સ્ટેશન પ્લોટ | • ધો 6 થી 8 ની બાળાઓને એક એક ઝાડ દત્તક આપીને તેને ઉછેરવાની જવાબદાર આપી હતી.<br>• ગલકા,તુરિયા અને ટમેટીનું વાવેતર પણ કરવામાં આવ્યું. |
| 3. | કુતિયાણા | ઈશ્વરીયા કુમાર શાળા,હામદપરા | • શાળામાં ચકલીના માળા મુકવામાં આવેલા છે,પરિસરમાં પચાસ જેટલા વૃક્ષો છે તેની જાળવણી વિદ્યાર્થીઓ મારફત કરવામાં આવે છે અને આ વૃક્ષોને ઘણા સમયથી ટપક પદ્ધતિ દ્વારા પાણી આપવામાં આવે છે. શાળા સ્વચ્છતા સમિતિ ઘન કચરાનો નિકલા પણ સારી રીતે કરે છે. |

| | | | |
|---|---|---|---|
| ૪ | કુતિયાણા | પે.સે કુમાર ખાગેશ્રી | ધો.૬ થી ૮નાં વિદ્યાર્થીઓ દ્વારા કચરાનો નિકાલ,બગીચામાં નિંદામણ કાર્ય,સ્વચ્છતા,ઔષધબાગની રચના વગેરે કાર્ય. |
| ૫ | રાણાવાવ | મોકર પ્રા.શાળા | શાળામાં નાની એવી નર્સરીનું નિર્માણ કરી કરેણ, તુલસી, ભરાની, બારમાસી ગલગોટા અને ગુલાબના છોડ માથી કલમો કરી બાળકોને રોપાનું વિતરણ પણ કરવામાં આવે છે. ઇકો ક્લબ પ્રવૃતિ દ્વારા શાળામાં લોન ,મહેંદી ની ફેન્સિંગ ફૂલવાડી નું નિર્માણ કરી શાળાની શોભામાં વૃદ્ધિ કરવામાં આવેલ છે. જન્મ દિવસ નિમિતે બાળક શાળાને છોડની ભેટ આપે તેવો નવતર પ્રયોગ પણ શાળામાં અમલી બનાવવામાં આવ્યો છે. |
| ૬ | રાણાવાવ | ઝારેરા નેશ | વૃક્ષારોપણ,માટીકામ,વૃક્ષ નો ઉછેર, જાળવણી, ખોદકામ, બાગકામ, વૃક્ષ ની જાળવણી,સમયાંતરે ખોદકામ, દવા છંટકાવ વગેરે |
| ૭ | રાણાવાવ | સાજનાનેશ | કિચન ગાર્ડન ની સાફસફાઈ તેમજ બીજ નું વાવેતર તેમજ જુદી જુદી ઔષધીય છોડ નું વાવેતર, સ્વાસ્થ્ય માટે જરૂરી એવી હાથવગી વનસ્પતિઓની માહિતી આપી તેના ગુણો તેમજ ક્યાં રોગ માં તે ઉપયોગી છે તેના વિશે માહિતી આપી તેનું વાવેતર કરવામાં આવ્યું જેવી કે અરડૂસી,તુલસી,સરગવો વગેરે. |



નિંદામણ કરતી વિદ્યાર્થીનીઓ



# ઓટોમેટીક ફુવારા પિયત - ડાયેટ – પોરબંદરમાં

==========================================

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ઇડર ( સાબરકાંઠા )**
**ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી**

**૧) વિશ્વ જળદિવસ** -: વર્તમાન સમયમાં જળસમસ્યા વિકટરૂપ ધારણ કરી રહી છે.ત્યારે જળ વ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. સૌને પાણીનું મહત્વ સમજાય તે હેતુથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઇડર ખાતે 22 માર્ચના રોજ વિશ્વ જળદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

**૨) વિશ્વ પર્યાવરણદિન** -: દિવસે અને દિવસે વૃક્ષો ઓછા થતા જાય છે અને વન નાશપાય થતા જાય છે આથી વિશ્વબહારના જંગલોને બચાવવાના ઉદ્દેશ સાથે તા. 5 જુનના રોજ વિશ્વપર્યાવરણ દિવસ નિમિત્તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,ઇડર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં વિવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

**3) શિક્ષક ઇકો પ્રશિક્ષણ** :- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઈડર માં પર્યાવરણ પ્રેમી શિક્ષકોનો એક દિવસીય પ્રશિક્ષણ વર્ગ યોજી ઇકોક્લબની ટ્રેનિંગ આપવામાં આવી જેમાં તજજ્ઞશ્રીઓ દ્વારા શાળામાં કરી શકાય તેવા ઇકોક્લબના પ્રયોગો અને પ્રવૃત્તિઓની મહત્તમ ઝાંખી કરાવવામાં આવી. તેમજ વન રક્ષકો દ્વારા વિવિધ ઉછેર કરેલ વૃક્ષોનો પરિચય કરાવવામાં આવ્યો.

**૪) નર્સરી મુલાકાત** :- પ્રશિક્ષણના દિવસે જ પાંજરાપોળ ખાતે આવેલ નર્સરીની શિક્ષક મુલાકાત ગોઠવી તેમાં રહેલ હજાર જેટલી વનસ્પતિનો પરિચય કરાવવામાં આવ્યો. કેટલીક શાળાઓએ જરૂરી છોડની ખરીદી કરી અને ડાયેટ ઈડર તરફથી તમામ શિક્ષકોને છોડ ભેટમાં આપવામાં આવ્યા.

**૫) ઇકોક્લબની સ્પર્ધા** :- ઇકો ચિત્ર સ્પર્ધા , નિબંધ સ્પર્ધા , વકતૃત્વ સ્પર્ધા , જન્મ દિવસે વૃક્ષ વાવેતર અને ઉછેર સ્પર્ધા, ઇકો સુવિચાર નિર્માણ તથા ઇકોક્લબને અનુકૂળ રમતોની યાદી તૈયાર કરવામાં આવી.

## ફોટો ગેલેરી

ગ્રીન ડાયટ







બોભા પ્રા શાળા – કિચન ગાર્ડન

## ઇકોક્લબ પ્રવૃત્તિઓ સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ

૧) બોભા પ્રાથમિક શાળા, તાલુકો – પ્રાંતિજ

૨) કેશરપુરા પ્રાથમિક શાળા, તાલુકો – ઇડર

૩) લેઈ પ્રાથમિક શાળા, તાલુકો – ઇડર

૪) કિશોરગઢ પ્રાથમિક શાળા, તાલુકો – ઇડર

૫) ભાણપુર પ્રાથમિક શાળા, તાલુકો – ઇડર

## ઇકોક્લબ અંતર્ગત કામગીરીની વિગત

૧) ઇકોક્લબ અંતર્ગત **શ્રી બોભા પ્રા.શાળામાં** વિવિધ વૃક્ષોનું વાવેતર કરીને શાળાને ગ્રીન સ્કુલ બનાવેલ છે. આ ઉપરાંત શાળામાં વિવિધ ઔષધીઓનું વાવેતર કરીને સરસ ઔષધબાગનું નિર્માણ કરેલ છે. આ ઉપરાંત શાળામાં ઓર્ગેનિક કિચન ગાર્ડન વિકસાવવામાં આવ્યું છે. આ ઉપરાંત શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ઇકોક્લબ કોર્નર, નર્સરીની મુલાકાત,વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું,જળશક્તિ અભિયાન અંગે જાગૃતિ વગેરે જેવી કામગીરી કરવામાં આવે છે. આમ અમીયાપુર પ્રા શાળા દ્વારા ઇકોક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

૨) ઇકોક્લબ અંતર્ગત **શ્રી કેશરપુરા પ્રા શાળામાં** કેશર ઔષધબાગનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં વિવિધ ઔષધિઓઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શાળા દ્વારા સમગ્ર શાળાના મેદાનમાં લોન વાવવામાં આવી છે. શાળા દ્વારા ઇકોક્લબ અંતર્ગત પર્યાવરણ જાગૃતિ ઝુંબેશ ચલાવીને સમગ્ર ગામમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત શાળા દ્વારા વિવિધ દિવસો જેવા કે વિશ્વ જળદિવસ, વિશ્વ પર્યાવરણ દિવસ, વિશ્વ વનદિવસ વગેરે જેવા દિવસોની પણ ઉજવણી કરવામાં આવે છે. આમ આ શાળા દ્વારા વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે જાગૃત બને તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

## ડાયટ કક્ષાએ કરવામાં આવેલ Eco-Club પ્રવૃતિઓ 202-23

- કેમ્પસમાં વૃક્ષારોપણ: 2 જુલાઈના 2022 ના રોજ ડાયેટના કેમ્પસમાં ફૂલછોડ અને વૃક્ષોનું રોપણ અધ્યાપકો અને તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવેલ. તેમજ તેની માવજત માટે સતત સિંચન કરવામાં આવેલ. વૃક્ષોને ગેરુ કરવામાં આવે છે.
- ઔષધિ બાગ અને કિચન ગાર્ડન: ઔષધિ વૃક્ષોનું તેમજ કિચન ગાર્ડન ને લગતા છોડનું વાવેતર કરવામાં આવેલ.
- સ્વચ્છતા કાર્યક્રમ: ડાયેટમાં કેમ્પસ સફાઈ સમયાન્તરે તાલીમાર્થીઓ સાથે રહી કરાવવામાં આવે છે.
- ડાયેટ કેમ્પસમાં સુવિધાઓ: Eco-Garden માં બાકડા બેઠક વ્યવસ્થા મુકવામાં આવેલ.
- જિલ્લા કક્ષાની પ્રવૃતિઓ: જિલ્લાના દરેક તાલુકામાંથી ઇકો ક્લબ અંતર્ગત ૩ શ્રેષ્ઠ શાળાની  શાળામાં થતી પ્રવૃતિઓની વિગત મેળવીને તેની સમીક્ષા કરવમાં આવેલ અને તેનો એક રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ. (સેવાકાલીન તાલીમ ઓકટોબર ૨૦૨૨)
- ઇકો ક્લબ અંતર્ગત શાળામાં થતી પ્રવૃતિઓનું સમીક્ષા કરવમાં આવેલ જેમાં, ૩૮ શિક્ષકોએ હાજર રહી પોતાની શાળામાં થતી વિશેષ કામગીરી રજુ કરેલ.

WE શાખા ફોટો ગેલેરી:









-: બાળમેળાના ફોટો :-





તાલીમાર્થીઓ દ્વારા ઊભા ઝાડું નિર્માણ કાર્યશાળા




.B.Edતાલીમાર્થીઓ દ્વારા ડાયેટમાં સમયાન્તરે કેમ્પસ સફાઈ




જિલ્લાના શિક્ષકોને માટે યોગ તાલીમ

# WE શાખા ECO-CLUB અહેવાલ






## ધન્વતંરી ઔષધિ બાગમાં ૫૫ પ્રકારની ઔષધિનું રોપણ કરાયું

### સુરેન્દ્રનગર સ્થિત બાગમાં છોડ સાથે નામનો ઉલ્લેખ

। સુરેન્દ્રનગર । (બ્યુરો)

શહેરના જિલ્લા શીક્ષણ અને તાલીમ ભવન ખાતે ઔષધિ બાગ બનાવાયો છે. જેમાં વિવિધ રોગોના ઉપચાર સમી ૫૫ ઔષધિનું રોપણ કરાયુ છે. ૨ વર્ષના ટુંકા સમયગાળામાં આ બાગની ઔષધિ લોકોને રોગોના ઉપચાર માટે મળી શકશે.

સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે ધન્વતંરી ઔષધ બાગ બનાવી પ્રકૃતી વંદના કરાઈ છે. રોટરી કલબ ઓફ વઢવાણના સૌજન્યથી જિલ્લામાં સૌ પ્રથમ ધન્વન્તરી ઔષધિ બાગ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં બનાવાયો છે. શનિવારે યોજાયેલા કાર્યકમમાં ધારાસભ્ય ધનજીભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ જગદીશભાઈ મકવાણા, પાલિકા પ્રમુખ વીરેન્દ્ર આચાર્ય, ડાયેટના પ્રાચાર્ય સી.ટી.ટુંડીયા, રોટરી કલબના શિવાની શાહ સહિતનાઓ હાજર રહ્યા હતા. જિલ્લામાં આ સૌ પ્રથમ ઔષધિ બાગ છે. જેમાં વિવિધ ૫૫ પ્રકારની વનસ્પતિ રોપવામાં આવી છે. આ ઔષધિ જુનાગઢથી લાવી રોપવામાં આવી છે.












- ઇકો ક્લબ અંતર્ગત સંસ્થામાં વૃક્ષારોપણ ઔસધી વૃક્ષોનું તેમજ કિચન ગાર્ડન ને લગતા છોડનું વાવેતર કરવામાં આવેલ.
- પીએસટીઈ શાખાના તાલીમાર્થીઓ દ્વારા ઊભા ઝાડું બનાવવાનો વર્કશોપ સેવાકાલીન યોજવામાં આવેલ.
- ૯૫ તલીમર્થીઓએ ભાગ લીધો હતો. અને ૪૨ ઊભા ઝાડું નિર્માણ કરેલ
- પીએસટીઈ શાખાના તાલીમાંર્થો દ્વારા વર્ષ દરમિયાન સંસ્થા સફાઈ યોજવામાં આવે છે.
- સફાઈમાં તમામ તાલીમાર્થીઓ તથા તમા ડાયેટ સ્ટાફ પરિવાર તે કાર્યક્રમમાં સહભાગી બને છે.
- ઇકો ક્લબ અંતર્ગત તા.૨૩/૬/૨૨ના રોજ ૩૯ શાળાના શિક્ષકોની એક સમીક્ષા બેઠક બોલાવેલ જેમાં જીલ્લાની પસંદિત શાળાના ઇકો ક્લબના ડોકયુમેન્ટનું સંકલન કરી તેની સમીક્ષા કરેલ.
- માંડવવનનું નિર્માણ પણ કરવામાં આવેલ છે: ફોટોગ્રાફ:



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
# વઘઈ, જિ.ડાંગ

૧. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,વઘઈ દ્વારા તા.૧૬/૦૫/૨૦૨૨ થી તા.૧૮/૦૫/૨૦૨૨ દરમ્યાન મુખ્ય બિલ્ડીંગ તથા કુમાર છાત્રાલય અને કન્યા છાત્રાલય તેમજ વહીવટી બિલ્ડીંગનાં આગળ અને પાછળનાં કમ્પાઉન્ડમાં તમામ ડાયટ લેકચરર તથા તાલીમાર્થીઓ દ્વારા સાફ – સફાઈ કરવામાં આવી હતી.

૨. ડાયટ વઘઈ ખાતે તા.૨૯/૦૫/૨૦૨૨નાં રોજ કિચન ગાર્ડન બનાવવા માટે જમીન ખેડી સેન્દ્રીય ખાતર નાંખી સ્વસ્થ જમીન તૈયાર કરી તા.૨૮/૦૮/૨૦૨૨નાં રોજ કિચન ગાર્ડનમાં રીંગણ, ટામેટા, વાલ, તુવેર, દુધી, કોબી અને ફ્લાવરનાં છોડ વાવવામાં આવ્યા અને કિચન ગાર્ડનમાં સમાયંતરે નીંદણ કરવામાં આવતું હતું તેમજ છોડવાઓની કાળજી કરવામાં આવતી હતી.

૩. ડાયટ વઘઈ ખાતે તા.૦૫/૦૬/૨૦૨૨નાં રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે કેમ્પસમાં ડાયટનાં પ્રાચાર્ય, તમામ લેકચરર તથા તાલીમાર્થીઓ દ્વારા ૫૦ (પચાસ) રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

૪. તા.૦૪/૦૭/૨૦૨૨નાં રોજ ડાયટ વઘઈ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું જેમાં ડી.ઈ.એલ.એડનાં વિદ્યાર્થીઓ, ડાયટનાં તમામ લેકચરરો, વહીવટી કર્મચારી દ્વારા કાળો સીસમ, સરગવો, મહુડા, સીતાફળ જેવા છોડો વાવવામાં આવ્યા હતા.

૫. ડાયટ વઘઈ ખાતે તા.૨૩/૦૯/૨૦૨૦૨૨નાં રોજ કેમ્પસમાં ઘાસ અને અન્ય કચરો ચોમાસા દરમ્યાન થતો હોય જે સાફ-સફાઈ કરવામાં આવ્યો.

૬. ડાયટ કક્ષાની ઇકો ક્લબ પ્રવૃત્તિ માટે મળેલ ગ્રાન્ટ માંથી તા.૨૮/03/૨૦૨૩ થી તા.30/03/૨૦૨૩ દરમ્યાન નવો બગીચો બનવવા માટે માટી પુરાણ કરવામાં આવ્યું અને જુન માસમાં લોન રોપવામાં કરવામાં આવી હતી.

# ડાયટમાં કરવામાં આવેલી કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલી કામગીરીના ફોટોગ્રાફ્સ



ડાયટમાં સ્વસ્થ જમીન તૈયાર કરવામાં આવી



ડાયટમાં લોનનું વાવેતર



ડાયટ સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ



બીલીઆંબા શાળામાં સ્વચ્છતા કાર્યક્રમ



કરંજડા પ્રા.શાળામાં બાગબાની કાર્યક્રમ



ડાયટમાં શાકભાજીનું વાવેતર

## ECO Club Activities સંદર્ભે ડાંગ જીલ્લાની ૫ શ્રેષ્ઠ શાળાઓના નામ

| | | | |
|---|---|---|---|
| ૧. | બીલી આંબા પ્રાથમિક શાળા. | તાલુકો : શુબીર | જીલ્લો : ડાંગ |
| ૨. | ગોંડલ વિહિર પ્રાથમિક શાળા. | તાલુકો : આહવા | જીલ્લો : ડાંગ |
| ૩. | નડગખાદી પ્રાથમિક શાળા. | તાલુકો : આહવા | જીલ્લો : ડાંગ |
| ૪. | કરંજડા પ્રાથમિક શાળા. | તાલુકો : શુબીર | જીલ્લો : ડાંગ |
| ૫. | ચિકટીયા પ્રાથમિક શાળા. | તાલુકો : આહવા | જીલ્લો : ડાંગ |

## બીલી આંબા પ્રાથમિક શાળા

૧. શાળા દ્વારા પર્યાવરણ સમીતિની રચના કરવામાં આવેલ.
૨. ઔષધિય બગીચો, ફૂલ-છોડના બગીચાની જતન અને જાળવણી.
૩. પર્યાવરણને લગતા વિશેષ દિનની ઉજવણી નિમિતે નિબંધ, ચિત્ર, વકતૃત્વ સ્પર્ધા યોજેલ.
૪. રેઇનવોટર હાર્વેસ્ટિંગ અંતર્ગત પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા.
૫. કંમ્પોસ્ટ ખાડાની સેન્દ્રીય ખાતરની બનાવટ.
૬. કિચન ગાર્ડન અંતર્ગત વિવિધ શાકભાજીના વાડોલીવાની જાળવણી.
૭. શાળા દ્વારા વિવિધ રોપાઓનો ઉછેર કરી વાલીના ઘર સુધી પહોંચાડવા.
૮. મધ્યાહન ભોજનમાં શાળાના શાકભાજીનો ઉપયોગ.
૯. નિયમીત શાળાની સંપૂર્ણ સાફ-સફાઇ.
૧૦. પર્યાવરણ અંતર્ગત દિવાલોની સજાવટ.
૧૧. તમામ વૃક્ષોનું નામકરણ.
૧૨. શાળામાં પક્ષીઘર અને પાણીનું પરબની વ્યવસ્થા.
૧૩. શાળામાં પર્યાવરણ પ્રેમી વિશેષ વ્યકતિનું વ્યાખ્યાન માળા ગોઠવણી.

## કરંજડા પ્રાથમિક શાળા

૧. શાળા દ્વારા પર્યાવરણ સમીતિની રચના કરવામાં આવેલ.
૨. ઔષધિય બગીચો, ફૂલ-છોડના બગીચાની જતન અને જાળવણી.
૩. પર્યાવરણને લગતા વિશેષ દિનની ઉજવણી નિમિતે નિબંધ, ચિત્ર સ્પર્ધા યોજેલ.
૪. કંમ્પોસ્ટ ખાડાની રચના તથા સેન્દ્રીય ખાતરની બનાવટ.
૫. કીચન ગાર્ડનની રચના.
૬ પર્યાવરણ અંતર્ગત દિવાલોની કુંડા અને ભીતસૂત્રોથી સજાવટ.
૭. પર્યાવરણને લગતા વિવિધ પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ.
૮. તમામ વૃક્ષોનું નામકરણ.

District Institute of Education and Training (DIET),Vadodara

Programme and Activities of Year: 2022-23

Related to Eco-club /Environment Lab.

.............................................................................................................................

- **ડાયેટ કેમ્પસમાં સમૂહકાર્ય ,વૃક્ષારોપણ કાર્યક્રમ,સ્વચ્છતા અભિયાન અને કેમ્પસ ડેવલપમેન્ટ:**

ડાયેટ વડોદરા ખાતે તારીખ: ૧૫/૦૮/૨૦૨૨ ના રોજ ડાયેટના તમામ સ્ટાફ અને બી.એડના તાલીમાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં વિવિધ ઔષધીય વનસ્પતિઓ,ફૂલ-છોડના છોડવાઓ રોપવામાં આવ્યા. બી.એડના તાલીમાર્થીઓને વૃક્ષ દત્તક આપી માવજત કરવામાં આવે છે.કેમ્પસમાં દર અઠવાડીયાના બીજા અને ચોથા શનિવારે મહા સફાઈ કાર્યક્રમ ચલાવવામાં આવે છે,આ સફાઈ કાર્યક્રમમાં ડાયેટ લેકચરર અને તાલીમાર્થીઓ જોડાય છે.વર્ષ:૨૦૨૨-૨૩માં કેમ્પસ ડેવલપમેન્ટ અંતર્ગત ફાળવાયેલ ગ્રાન્ટમાંથી વિવિધ કામગીરીઓ પણ સંસ્થામાં કરાવવામાં આવી છે.

- **ઇકો-ક્લબ અંતર્ગત વિવધ સહ-અભ્યાસિક પ્રવૃતિઓ:**

ડાયેટ વડોદરા ખાતે તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૧૦/૨૦૨૨ દરમિયાન વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું,જે નીચે પ્રમાણે છે.

<u>૧) પ્રોજેક્ટ કાર્ય</u> : બી.એડના તાલીમાર્થીઓ માટે વિવિધ વિષયો પર આધારિત પ્રોજેક્ટ બનાવ્યા અને તેનું વર્ગખંડમાં પ્રેઝન્ટેશન કરાવવામાં આવ્યું... સ્વાસ્થ્ય સભાનતાનો પ્રોજેક્ટ ,ગ્લોબલ વોર્મિંગની વિઘાતક અસરો પર પ્રોજેક્ટ ....વગેરે

<u>૨) પર્યાવરણ પોસ્ટર,ચાર્ટ,ચિત્ર નિર્માણ સ્પર્ધા</u> : પર્યાવરણ થીમ આધારિત વિવધ પોસ્ટર,ચાર્ટ અને ચિત્રો તાલીમાર્થીઓએ નિર્માણ કર્યા અને વિજેતા તાલીમાર્થીને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા. SAVE WATER, SAVE TREE ,NO MORE POLLUTION જેવા વિષયો પર પોસ્ટર નિર્માણ થયા.

<u>3) ઇકો ક્વીઝ સ્પર્ધા :</u> તાલીમાર્થીઓના ગ્રુપમાં અલગ-અલગ રાઉન્ડ પ્રમાણે ઇકો-ક્વીઝ રાખવામાં આવી હતી.આ કાર્યક્રમમાં પણ પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા. નીચેના જેવા મુદ્દાની પ્રશ્નોતરી કરવામાં આવી. ---સ્વાસ્થ્યને લગતા પ્રશ્નો ----પ્રદુષણને લગતા પ્રશ્નો ---પર્યાવરણને લગતા પ્રશ્નો

---વન્યજીવન,પ્રાણી જગતને લગતા પ્રશ્નો ---મનુષ્યના રોગને લગતા પ્રશ્નો ......વગેરે.

- **જિલ્લા કક્ષાની પર્યાવરણ પ્રયોગશાળા પ્રવૃત્તિઓ અંતર્ગત વર્કશોપ :**

જિલ્લા કક્ષાનો પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત તાલીમ વર્ગ યોજાયો. જે EDN-12 એપેન્ડીક્ષ-1 ગ્રાન્ટ અંતર્ગત યોજાયેલ હતો .

| તારીખ | સ્થળ | તાલીમાર્થીની સંખ્યા | તજજ્ઞની સંખ્યા |
|---|---|---|---|
| ૨૯-3૦ /૦૮ /૨૦૨૨ | રોજ્કુવા શ્રેષ્ઠ ઉચ્ચ પ્રા.શાળા | ૬૨ | 0૩ |

## તાલીમ કાર્યક્રમના હેતુઓ:-

----શાળા કક્ષાએ કરવાની થતી પ્રવૃત્તિઓથી શિક્ષકો અવગત થાય,ધોરણ પ્રમાણે કરવાની થતી પ્રવૃત્તિઓનું શિક્ષકો દ્વારા આયોજન થાય, જિલ્લાની શ્રેષ્ઠ પર્યાવરણ પ્રયોગશાળાની વિઝીટ શિક્ષકોને મળી રહે.

## આ કાર્યક્રમની ફલશ્રુતિ:-

--- શાળા કક્ષાએ કરવાની થતી પ્રવૃત્તિઓ શિક્ષકોએ આત્મસાત કરી,ધોરણ વાર કરવાની થતી પ્રવૃત્તિઓનું વાર્ષિક આયોજન શક્ય બન્યું, શિક્ષકોએ શ્રેષ્ઠ પર્યાવરણ પ્રયોગશાળાની વિઝીટ કરી,જે તેઓને માર્ગદર્શનરૂપ બનશે.

- **ડાયેટ કક્ષાની ઇકો ક્લબ પ્રવૃત્તિઓ:**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જીસીઈઆરટી ),ગાંધીનગર દ્વારા વર્ષ:૨૦૨૨ -૨૩ માં ડાયેટ,વડોદરા ખાતે ઇકો-ક્લબ પ્રવૃત્તિ માટે ઈડીએન-૧૨ પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ-૮ હેતુ માટે ક્લાસ-૫ અન્વયે રૂ. ૨૫,000/- ગ્રાન્ટ ( અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ફાળવેલ હતી.જે અન્વયે નીચે જણાવ્યા મુજબ કુલ રૂ. ૨૫,000/-( અંકે રૂપિયા પચ્ચીસ હજાર)પુરાનો ખર્ચ કરવામાં આવેલ છે.

--ડાયેટ ખાતે ૧૫,ઓગસ્ટ-૨૦૨૨ના રોજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં વિવધ ઔષધીય છોડવાઓ,ફુલ તેમજ વિવધ બાગાયતી છોડવાઓનું વાવેતર કરવામાં આવ્યું.

--- કેમ્પસ સફાઈ તેમજ બાગાયતી કામ માટેના સાધનો જેવા કે કોદાળી,પાવડો,ત્રિકમ,પંજેટી, દાતરડાં,ઝાડું,સાવરણા,મહેદી-કાતર,ધારિયા,પાણી પાવા માટેના ઝારા વગેરે વસાવવામાં આવ્યા. ડાયેટની કેમ્પસની જમીન સમથળ કરાવવામાં આવી.ડાયેટ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા કાર્યક્રમ કરવામાં આવે છે,જે અંતર્ગત ડાયેટનો તમામ સ્ટાફ અને બી.એડના તાલીમાર્થીઓ જોડાય છે.

----બી.એડના તાલીમાર્થીઓએ વૃક્ષ દત્તક લઈને તેની ઉછેરની જવાબદારી સ્વીકારી છે.કેમ્પસમાં વિવિધ જગ્યાએ કચરા-પેટી નિર્માણ કરેલી મુકવામાં આવી છે.

---- ઇકો-ક્લબ પ્રવૃત્તિ અને પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગતની પ્રવૃત્તિ સંદર્ભે શિક્ષક –તાલીમનું આયોજન કરવામાં આવ્યું.શિક્ષકોને પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગતની આદર્શ શાળાની મુલાકાત લેવડાવવામાં આવી.

----વડોદરા અને છોટાઉદેપુરજિલ્લાની તમામ શાળાઓનું તાલુકા લાયઝનશ્રી દ્વારા ઇકો-મોનીટરીંગ પત્રક દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું મોનીટરીંગ અને માર્ગદર્શન મળી રહે તેવું આયોજન કરેલ છે.

- **પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટ નિર્માણ વર્કશોપ:**

જિલ્લા કક્ષાનો પર્યાવરણ પ્રયોગશાળા ડોક્યુમેન્ટ વર્કશોપ યોજાયો. જે EDN-12 એપેન્ડીક્ષ-1 ગ્રાન્ટ અંતર્ગત યોજાયેલ હતો.

| તારીખ | સ્થળ | તાલીમાર્થીની સંખ્યા | તજજ્ઞની સંખ્યા |
|---|---|---|---|
| ૧૩ -૧૪ /૦૨ /૨૦૨૩ | ડાયેટ ,વડોદરા | ૪૨ | ૦૨ |

## તાલીમ કાર્યક્રમના હેતુઓ:-

----વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પર્યાવરણ પ્રયોગશાળા સંદર્ભે થયેલ પ્રવૃત્તિઓનું સંકલન થાય,પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃત્તિઓમાં નાવીન્ય લાવી શકાય,પર્યાવરણ પ્રયોગશાળામાં સમાવિષ્ટ ઘટકો સાથે સાક્ષરી વિષય-વસ્તુના અભ્યાસક્રમને સાંકળી શકાય,જિલ્લા કક્ષાનું ડોક્યુમેન્ટ નિર્માણ કરી શકાય.

## આ કાર્યક્રમની ફલશ્રુતિ:-

----વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પર્યાવરણ પ્રયોગશાળા સંદર્ભે થયેલ પ્રવૃત્તિઓનું સંકલન કરી શક્યા,પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃત્તિઓમાં નાવીન્ય લાવી શકાય તે મુજબનું આયોજન કર્યું,પર્યાવરણ પ્રયોગશાળામાં સમાવિષ્ટ ઘટકો સાથે સાક્ષરી વિષય-વસ્તુના અભ્યાસક્રમને સાંકળીને વિગતવાર આયોજન બનાવવામાં આવ્યું, જિલ્લા કક્ષાનું ડોક્યુમેન્ટ નિર્માણ કરી શક્યા.

- **વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં પર્યાવરણ ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળા:**

| તાલુકો | શાળાનું નામ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|---|
| વાઘોડિયા | ઇંટોલી પ્રા.શાળા | કવાંટ | થડગામ પ્રા.શાળા |
| વડોદરા ગ્રામ્ય | ઇન્દિરાનગર પ્રા.શાળા | ડભોઇ | વાયદપુર પ્રા.શાળા |
| ડેસર | વેજપુર ગ્રુપ પ્રા.શાળા | સાવલી | પીલોલ પ્રા.શાળા |
| બોડેલી | ખાંડિયા પ્રા.શાળા | પાદરા | નરસિંહપુરા પ્રા.શાળા |
| પાવીજેતપુર | કંડા પ્રા.શાળા | કરજણ | સાંપા પ્રા.શાળા |
| છોટાઉદેપુર | રોજકુવા પ્રા. શાળા | કવાંટ | રૂમડીયા પ્રા.શાળા |






તાલીમમાં સ્કુલ વિઝીટ

પર્યાવરણ પ્રયોગશાળા વર્કશોપ





ડાયેટ કક્ષાની ઇકો ક્લબ

કેમ્પસ ડેવલપમેન્ટ



ઇકો કલબ તાલીમ





શાળામાં બાગ-બગીચાની જાળવણી

શાળામાં ઔષધ બાગ






શાળામાં કિચન ગાર્ડન





પર્યાવરણ આધારિત પ્રોજેક્ટ

ડાયેટ કેમ્પસમાં વૃક્ષારોપણ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર

## ❖ ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી

- **ડાયેટ ગાંધીનગર કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ** : તારીખ 05-06-2023 ના વિશ્વ પર્યાવરણ દિવસના રોજ શ્રી ડી.એસ.પટેલ સાહેબ, નિયામકશ્રી, જીસીઇઆરટીની ઉપસ્થિતીમાં શ્રી હિતેશભાઇ દવે , પ્રાચાર્યશ્રી ,ડાયેટ ગાંધીનગર તથા અધ્યાપકો અને બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં વિવિધ છોડોનું રોપણ કરવામાં આવ્યું તથા વર્ષ દરમિયાન માવજત પણ કરવા પ્રતિજ્ઞા લેવામાં આવી.
- **જિલ્લા કક્ષાનો પર્યાવરણ પ્રયોગશાળા તાલીમ અંગેની કાર્યશાળા** : EDN-12 ગ્રાન્ટ અંતર્ગત તારીખ 24/08/2022 થી 25/08/2022 દરમિયાન જીવરાજના મુવાડા પ્રાથમિક શાળા ,તા. દેહગામ ખાતે જિલ્લા કક્ષાના પર્યાવરણ પ્રયોગશાળા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પર્યાવરણ પ્રયોગશાળા ધરાવતી શાળામાંથી 216 તાલીમાર્થીઓ અને 06 તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા જેમાં સજીવ ખેતી, પ્રાકૃતિક ખેતી, સરગવાના વિવિધ ઉપયોગો, પર્યાવરણ સંવર્ધન , જૈવિક ખાતર વિષે તથા ધોરણ- 3 થી 5 અને 6 થી 8 ની વિવિધ પર્યાવરણ પ્રયોગશાળાની વિવિધ પ્રવૃત્તિઓ વિષે તથા બીજા દિવસે એક્ષપોઝર વિઝીટ અંતર્ગત જીવરાજના મુવાડા પ્રાથમિક શાળા કેમ્પસની મુલાકાત કરાવી હતી.
- **સ્વચ્છતા કાર્યક્રમ** : તારીખ 03-08-2022 અને 04-08-2022 ના રોજ જીસીઈઆરટી ., ગાંધીનગર અને ડાયેટ ગાંધીનગર અને કેમ્પસમાં બી.એડ્ના તાલીમાર્થીઓ દ્વારા સ્વચ્છતા કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.
- **ગ્રીન પ્લેનેટ કાર્યક્રમ** : તારીખ 05-09-2022 ના રોજ કલોલ તાલુકા ગાંધીનગર ખાતે ગ્રીન પ્લેનેટ અને સેવ એનર્જી અંતર્ગત પ્રવૃત્તિ વૃક્ષોનુ જતન ,સંવર્ધન અને જાળવણી કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો. જેમાં ઇકોક્લબ કે સેવાકીય પ્રવૃત્તિ સંદર્ભે આર્થિક સ્વરૂપે મદદ કરવામાં આવી હતી.
- **વિશ્વ ઓઝોન ડે ઉજવણી** : સેવાકાલીન ગ્રાન્ટ અંતર્ગત તારીખ 17/09/2022 ના રોજ બી.એડ્ના બંને વર્ષના તાલીમાર્થીઓ માટે વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, પોસ્ટર સ્પર્ધા તથા ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 100 તાલીમાર્થીઓ અને 06 તજજ્ઞ હાજર રહીને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.








❖ **ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ**

1. જીવરાજના મુવાડા પ્રાથમિક શાળા શાળા, તાલુકો દેહગામ
2. ભગુજીના મુવાડા પ્રાથમિક શાળા, તાલુકો દેહગામ
3. આંત્રોલી પ્રાથમિક શાળા, તાલુકો દેહગામ
4. દેલવાડ પ્રાથમિક શાળા, તાલુકો માણસા
5. ગલથરા પ્રાથમિક શાળા, તાલુકો કલોલ

❖ **શાળાઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની ટુંકમાં વિગત**

1. **વિદ્યામંદિર લક્ષ્મીપુરા પ્રાથમિક શાળા:-**

વિદ્યામંદિર લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં દર વર્ષે ક્રીમ્સ એન્ડ સસ્ટેનેબલ સ્કૂલ અંતર્ગત વિવિધ રૂપોનું વાવેતર કરવામાં આવે છે જેમાં મુખ્યત્વે ફળાવું છોડ ઓક્સિજન આપે તેવા છોડ ઉપરાંત સરગવો તુલસી અરડૂસી વગેરે જેવા ઔષધી રોપાનું પણ વાવેતર કરવામાં આવે છે. શાળામાં વાવેલા રોપાવો માટે કિચન ગાર્ડન ની બાલ સમિતિ રાખવામાં આવેલ છે જે તમામ બાળકોને વૃક્ષો દત્તક આપવામાં આવેલા છે બાળકો દ્વારા તમામ વૃક્ષોનું સાર સંભાળ રાખવામાં આવે છે તેમજ શાળામાં સ્વસ્થ ખાડા અંતર્ગત કુદરતી ખાતર પણ બનાવવામાં આવે છે શાળામાં આવેલા લાકડું પાંદડા અઠવાડ વગેરે જેવા લીલા પડવાશ ને સ્વસ્થ ખાડા દ્વારા કુદરતી ખાતર બનાવવામાં આવે છે. ત્રણના પર્વ પછી ગામો પડેલી નકામી પતંગની દોરી ભેગી કરી એનું નાશ કરી પક્ષીઓને બચાવવામાં આવી છે. શાળામાં કિચન ગાર્ડન અંતર્ગત બાળકો માટે રીંગણ મેથી ટામેટા કોબીજ ફુલાવર જેવી વિવિધ શાકભાજી ઉગાડવામાં આવે છે જેનો શાળાના મધ્યાન ભોજનમાં ઉપયોગ કરવામાં આવે છે.

2. **જીવરાજના મુવાડા પ્રાથમિક શાળા**

વેસ્ટ મેનેજમેન્ટ, નાળિયેરના છોતરાંનું ખાતર,લીમડાના પાન અને બોગનવેલમાંથી કુદરતી જંતુનાશક દવા બનાવવી, કલમી છોડની પ્રવૃત્તિઓ, જમીનનું સંવર્ધન અને વર્મીકમ્પોસ્ટ રેઇન વોટર હાર્વેસ્ટ તથા બોર રિચાર્જનું આયોજન, સીડબેંક, ભૂમિ સ્વરૂપોનું નિદર્શન, કિચન ગાર્ડનની બેસ્ટ પ્રવૃત્તિઓ અને તેની ઉપજનો વિધાર્થીના હિતમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુકત શાળા ગ્રીન શાળા, પ્લાસ્ટિક મુકત શાળા, ,જમીનનું સંવર્ધન પ્રાકૃત્તિક ખેતી વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં શાળાના વિધાર્થીઓ દ્વારા કિચન ગાર્ડન ,ખાતર કે પેસ્ટીસાઈડનો ઉપયોગ કર્યા સિવાય કરવામાં આવી હતી.આ પ્રવૃત્તિઓ માટે ગ્રામજનો પાસેથી દાનમાં લોકભાગીદારીથી શાળા માટે જમીન પ્રાપ્ત કરી વિકાસ અને સંવર્ધન કરવામાં આવ્યું છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ( કુકસ ) મહેસાણા

## વર્ષ ૨૦૨૨ – ૨૩ દરમિયાન થયેલ કામગીરી

૧. ચાકલીયા આશ્રમ પ્રાથમિક શાળા, ચાકલીયા પ્રાથમિક શાળા અને રૂપાખેડા પ્રાથમિક શાળા તથા રૂપાખેડા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, તાલુકો ઝાલોદ, દાહોદ મુલાકાત દરમિયાન ગ્રીન ટીમ ઓફ ટીચર્સ, મહેસાણા દ્વારા તારીખ ૨૮ અને ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ બે દિવસનો વૃક્ષારોપણ, સંસ્થા દર્શન અને સામાજિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

૨. જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા – કુકસ ખાતે ડી એલ એડ ના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ચકલી ઘર નિર્માણ ઓગસ્ટ ૨૦૨૨

૩. જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા – કુકસ ખાતે સુગરી ઘર જુલાઈ

૪. જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા – કુકસ ખાતે વૃક્ષારોપણ, તારીખ ૧૪ / ૦૭ / ૨૦૨૨

૫. સેમ્બલપાણી પ્રાથમિક શાળા, તાલુકો દાંતા, જીલ્લો બનાસકાંઠામાં ગ્રીન ટીચર્સ ટીમ દ્વારા પર્યાવરણ શિબિરનું આયોજન તારીખ ૧૬/૦૮/૨૦૨૨

**ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ ૫ શાળાઓના નામ**

પર્યાવરણ પ્રયોગશાળા અંતર્ગત મહેસાણા જીલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરી રહેલી શાળાઓની વિગતોદર્શાવતું પત્રક

| ક્રમ | પ્રાથમિક શાળા | તાલુકો | ઇકો ક્લબ સંભાળનાર શિક્ષક | સંપર્ક નંબર | શાળાના આચાર્યનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| 1 | જમીયતપુરા | કડી | પટેલ જનકભાઈ પી. | 9978766084 | પટેલ જનકભાઈ પી. | 9978766084 |
| 2 | મ્મોટીદાઉ | મહેસાણા | ચંદ્રકાંત પી. પ્રજાપતિ | 9913157330 | પટેલ પ્રીયંકાબેન ડી. | 8780681696 |
| 3 | ઇન્દિરાનગર (બા) | જોટાણા | પટેલ વિજયકુમાર આર. | 8200243282 | પટેલ ભરતભાઈ એસ. | 9925585911 |
| 4 | આંબાવાડી | વડનગર | પ્રજાપતિ હસુમતીબેન આર. | 9427680565 | પ્રજાપતિ હસુમતીબેન આર. | 9427680565 |
| 5 | નવા સુદાસણા | સતલાસણા | પટેલ ચિરાગકુમાર એન. | 9428359604 | રાઠોડ અજીતસિંહ પી. | 9909718526 |

## શાળાઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની ટુંકમાં વિગત

૧. શાળા : જમિયતપુરા પ્રાથમિક શાળા, તાલુકો કડી, જીલ્લો મહેસાણા
પ્રવૃત્તિ :

૧. શાળાના તમામ બાળકોને ફળાઉ વૃક્ષોના રોપા ઘરે આપવામાં આવ્યા.જેનાથી પર્યાવરણ પ્રત્યે પ્રેમભાવ વધે તથા પ્રકૃતિની નજીક જઈ શકે.




૨. કંપોષ્ટ ખાડા નિર્માણ




૨. મોટીદાઉ અનુપમ પ્રાથમિક શાળા, તા, જી : મહેસાણા 2022 :2023

પ્રવૃતિ : નર્સરીમાં સૂર્યમુખીના છોડના રોપા તૈયાર કરવા.

૧. સૂર્યમુખી ફૂલના બીજ સુકવી ઘણા બધા રોપા નર્સરી માં તૈયાર કરી વિતરણ કરવામાં આવ્યા.

માહે : ડિસેમ્બર :22 થી માર્ચ 2023





જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

પર્યાવરણ શિક્ષણ વિષય સંદર્ભે રજૂ થયેલ કૃતિ ઇનોવેશન ફેર ૨૦૨૨ – ૨૩

શાળાનું નામ- ખટાસણા પ્રાથમિક શાળા,વડનગર

શિક્ષકનું નામ : દંતાણી ગકુલભાઇ વિઠ્ઠલભાઈ

કૃતિનું નામ : ઉત્તરાયણની નક્કામી ચાઇનિજ દોરીમાંથી વિવિધ નમૂના તૈયાર કરવા.

તૈયાર કરવાની રીત : ઉત્તરાયણ બાદ શાળાના બાળકો દ્વારા ઘરની આજુબાજુ પડેલી નક્કામી દોરિ એકઠી કરાવી. ત્યાર બાદ વેસ્ટ વસ્તુઓ અને લાંબી સોય દ્વારા સાંધીને જુદા જુદા સ્ટ્રક્ચર તૈયાર કર્યા. જેવા કે પક્ષીઓ, વૃક્ષ અને મંગલયાન વગેરે.





જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા – કુકસ ખાતેવૃક્ષારોપણ

તારીખ ૧૪ / ૦૭/ ૨૦૨૨



જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા

પર્યાવરણ પ્રયોગશાળા અને ઇકો ક્લબ પ્રવૃત્તિઓ અહેવાલ વર્ષ ૨૦૨૨ – ૨

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા – કુકસ  ખાતે ચકલી ઘર




જીલ્લા શિક્ષણ અને તામ ભવન, મહેસાણા – કુકસ  ખાતે સુગરી  ઘર





તાલીમ કાર્યક્રમમાં આવેલ શિક્ષકો દ્વારા

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભાવન, મહેસાણા – કુકસ  ખાતે વૃક્ષારોપણ

કુંડા અને છોડ જતન




૫ મી જુન, ૨૦૨૨

## મોટીભાલુ, તાલુકો સતલાસણા, જીલ્લો મહેસાણા ખાતે  ગ્રામજનો દ્વારા વૃક્ષારોપણ







## ઇકો ક્લબ માટે જરૂરી સાધન સામગ્રી



## ચાકલીયા આશ્રમ પ્રાથમિક શાળા, ચાકલીયા પ્રાથમિક શાળા અને રૂપાખેડા પ્રાથમિક શાળા ત્તથા રૂપાખેડા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, તાલુકો ઝાલોદ, દાહોદ મુલાકાત કાર્યક્રમ અહેવાલ

તારીખ ૨૮ ૨૮, ૨૯ ઓગસ્ટ. ૨૦૨૨ ( દિન ૨ )

ગ્રીન ટીમ ઓફ ટીચર્સ, મહેસાણા દ્વારા તારીખ ૨૮ અને ૨૯ ઓગસ્ટ, ૨૦૨૨ બે દિવસનો વૃક્ષારોપણ, સંસ્થા દર્શન અને સામાજિક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ચાકલીયા આશ્રમ પ્રાથમિક શાળા, ચાકલીયા પ્રાથમિક શાળા અને રૂપાખેડા પ્રાથમિક શાળા ત્તથા રૂપાખેડા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, તાલુકો ઝાલોદ, દાહોદ

પર્યાવરણ જાગૃતિ અને મુલાકાત કાર્યક્રમ ઝાંખી






સેંબલપાણી પ્રાથમિક શાળા, તાલુકો દાંતા, જીલ્લો નાનાસકાંઠામાં ગ્રીન ટીચર્સટીમ દ્વારા વૃક્ષારોપણ




વર્તમાન પત્રની નજરે



મહેસાણા ભાસ્કર

મહેસાણા • રવિવાર, 5 જૂન, 2022 | કડી • વિસનગર • વિજાપુર • ઊંઝા | શહેર • આવૃત્તિ | divyabhaskar.com

ભાસ્કર એક્સક્લુઝિવ દેશમાં સૌથી વધુ 24.35 મીટર ઊંચાઇ ધરાવતાં લુણવાના લીમડાને 1994માં મહાવૃક્ષનું બિરુદ અપાયું હતું

## દેશના 3 હેરિટેજ લીમડાનાં ઝાડ ગુજરાતમાં

આજે વિશ્વ પર્યાવરણ દિવસ 2 મહેસાણા જિલ્લામાં અને 1 સુરેન્દ્રનગરમાં

## District Institute of Education and Training (DIET), Patan

## Programme and Activities of Year 2022-23

## Related to Eco Club Project

---

- **ડાયેટ પાટણ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ:** તારીખ 05//07/2023 ના રોજ ડાયેટ પાટણના અધ્યાપકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં વિવિધ છોડ અને ઔષધીય વનસ્પતિનું વાવેતર કરવામાં આવ્યું.
- **ઈકો કલબ અને પર્યાવરણ પ્રયોગશાળા શિક્ષક પ્રશિક્ષણ તાલીમ:** તારીખ 07/09/2022 થી તારીખ 08/09/2022 દરમિયાન પાટણ જિલ્લાના 50 શિક્ષકોનો પર્યાવરણ પ્રયોગશાળા અને ઈકો કલબ અંતર્ગત શિક્ષક પ્રશિક્ષણ તાલીમ હરીપુરા પ્રાથમિક શાળા, તાલુકો-સમી ખાતે યોજવામાં આવી. આ શાળાની વિશેષતા એ છે કે ચારે બાજુ રણ વિસ્તાર આવેલ છે છતાંય આ શાળામાં પુષ્કળ ફુલછોડ, ઔષધવાગ, કિચન ગાર્ડન અને વૃક્ષનું વાવેતર કરેલ છે.તજજ્ઞ દ્વારા વિવિધ વનસ્પતિનો આર્યુવેદમાં ઉપયોગની સુંદર મજાની વાત કરવામાં આવી.. વધુમાં ઈકો કલબ અંતર્ગત શાળામાં કરી શકાય તેવી પ્રવૃતિનું નિદર્શન કરવામાં આવ્યું. ડાયટ લેક્ચર શ્રી ઝંખનાબેન ભટ્ટી દ્વારા દરેક શિક્ષકને એક એકે છોડની ભેટ આપવામાં આવી અને તેના ઉછેર માટે પ્રતિજ્ઞા કરાવવામાં આવી.
- **ડાયેટ પાટણ કેમ્પસમાં પક્ષી માળા ને પક્ષી પરબનું સ્થાપન:** પાટણ ડાયટના અધ્યાપકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં પક્ષી માળા અને પક્ષી પરબનું સ્થાપન કરવામાં આવ્યું.
- **નર્સરી મુલાકાત:** પાટણ શિહોરી રોડ પર આવેલ નર્સરીની શિક્ષક મુલાકાત ગોઠવી તેમાં રહેલ દસ હજાર તેટલી વનસ્પતિનો પરિચય કરાવવામાં આવ્યો. કેટલીક શાળાઓએ જરુરી છોડની ખરીદી કરી અને ડાયેટ પાટણ તરફથી તમા શાળાઓને 2 છોડ ભેટમાં આપવામાં આવ્યા.
- **કમ્પોસ્ટ ખાતર ખાડા તૈયાર કરી કુદરતી ખાતર પ્રાપ્તિ:** ડાયટ પાટણ કેમ્પસમાં આવેલ છોડ અને વૃક્ષના પાન અને ઘન કચરાના નિકાલ માટે કમ્પોસ્ટ ખાડા તૈયાર કરી તેમાંથી કુદરતી ખાતર પ્રાપ્ત કરવામાં આવ્યું જેનો ઉપયોગ ઔષધબાગ અને નવા વાવેલ વૃક્ષ માટે કરવામાં આવ્યો.
- **ઈકો કેલેન્ડર નિર્માણ:** વર્ષ દરમિયાન આવતા પર્યાવરણના દિન વિશેષનું કેલેન્ડર અને તે અંગે કરવી શકાય તેવી પ્રવ્રુતિ તૈયાર કરી શાળાઓને મોકલવામાં આવ્યું.
- **ઈકો કલબની સ્પર્ધા:** ઈકો ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતુત્વ સ્પર્ધા, જન્મ દિવસે વૃક્ષ વાવેતર અને ઉછેર સ્પર્ધા, ઈકો સુવિચાર નિર્માણ તથા ઈકો કલબને અનુકુળ રમતોની યાદી તૈયાર કરવામાં આવી.
- **ઈકોં પ્રશ્નમંચ:** પાટણ જેલ્લાની શાળાઓમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતતા વધે તે માટે ઈકો પ્રશ્નમંચ સૌથી અગત્યની પ્રવૃતિ છે. ઈકો પ્રશ્નમંચમાં વિધાર્થીઓને પર્યાવરણ અંતર્ગત વિવિધ પ્રશ્નોતરી કરવામાં આવે છે.
- **ઈકો કોર્નર:** ઈકો કોર્નરમાં પર્યાવરણલક્ષી વિવિધ પસ્તકો મુકેલા હોય છે. ઈકો કોર્નરમાં વૃક્ષના ફોટા તેમજ વૃક્ષના પાનના ફોટા હોય છે જેથી બાળક વૃક્ષને ઓળખતો અને જાણતો થાય.

**જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળા:**

| ક્રમ | તાલુકો | શાળાનું નામ | પ્રવૃતિની વિગત |
|---|---|---|---|
| ૧ | ચાણસ્મા | ગંગેટ અનુપમ પ્રા. શાળા | વરસાદી જળ સંગ્રહ, વર્મી કમ્પોસ્ટ ખાતર, ઔષધ પોથી, કિચન ગાર્ડન |
| ૨ | સરસ્વતી | સાગોડીયા પ્રાથમિક શાળા | ઉર્જાની બચત કરવા માટે સોલર પ્લેટો નાખવામાં આવી છે. શાળાના જૈવિક કચરો કમ્પોસ્ટ ખાડામાં નાખીને ખાતર બનાવવામાં આવે છે. જેનો ઉપયોગ ઔષધબાગ અને કિચન ગાર્ડનમાં કરવામાં આવે છે.વેસ્ટા પાણીનો ઉપયોગ કિચન ગાર્ડનમાં થાય છે. શાળામાં જામફળ, દાડમ, બદામ, લીંબુ, આંબો, મોસંબી, સફરજન, સીતાફળ, જાંબુ અને રાયણ જેવા ઝાડ છે. |
| ૩ | સમી | ચડિયાણા પ્રાથમિક શાળા | રણને અડીને આવેલી શાળા અહીં વૃક્ષો ન ઉગે. ત્યાં તો ગાંડા બાવળ જ ઉગે. સૌપ્રથમ વારંવાર ખેડ કરી એકાદ મીટર ઉંડા ખાડા કરી નદીની રેતી તેમજ છાણીયું ખાતર ભર્યું, ચોમાસાનું પાણી રોકાય અને નીતાર શક્તિ વધે તેવી વ્યવસ્થા અને ટપક સિંચાઈ પધ્ધતિ. કિચન ગાર્ડનમાં ટપક સિંચાઈ પધ્ધતિ, બાટલા પધ્ધતિ, હાઈડ્રોપોનિક્સ પધ્ધતિ, ગ્રીન હાઉસ, ટેરેસ ગાર્ડન, ઈઝરાઈલ પધ્ધતિ ખેતી, માંડવા પધ્દતિ દ્વારા આધુનિક કિચન ગાર્ડન.૨૬ મી જાન્યુઆરીના કાર્યક્રમમાં બેસ્ટ કિચન ગાર્ડન એવોર્ડથી બહુમાન. |
| ૪ | સમી | હરીપુરા પ્રાથમિક શાળા | જમીન સંવર્ધન, વૃક્ષારોપણ, વેસ્ટ પાણીનો ઉપયોગ, વરસાદી પાણી સંગ્રહ, ફુવારા પધ્ધતિ, માટલા ટપક પધ્ધતિ વડે સિંચાઈ, ઈકો નર્સરી, ગ્રીન હાઉસ, પંખીચણ, પંખીઘર, પંખી પરબ, ઔષધ બાગ, કિચન ગાર્ડન, વેસ્ટમાંથી બેસ્ટ ટેરેસ કુંડા ગાર્ડન. |
| ૫ | પાટણ | મહેમદપુર પ્રાથમિક શાળા | વૃક્ષારોપણ, બીજ સંગ્રહ, વરસાદી જળ સંગ્રહ, વર્મી કમ્પોસ્ટ ખાતર, ઔષધ બાગ, કિચન ગાર્ડન |


શાકભાજી નું ઉત્પાદન
શાકભાજી નું ઉત્પાદન


ગ્રીન હાઉસ નિર્માણ





# જિલ્લા શિક્ષણ  અને તાલીમ ભવન-રાજકોટ

## WE શાખા

### ઇકોક્લબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિ - વર્ષ :  2022-23

ડાયેટ રાજકોટ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ : તારીખ : **01-07-2022** ના રોજ ડાયેટ રાજકોટના અધ્યાપકો અને બી.એડ્.ના તાલીમાર્થીઓ દ્વારા કેમ્પસમાં વિવિધ છોડોનું રોપણ કરવામાં આવ્યું તથા વર્ષ દરમિયાન માવજત પણ કરવામાં આવી.

સ્વચ્છતા કાર્યક્રમ : ડી.એલ.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા ભવન પરિસરની સાફ સફાઈ માટે દર 15 દિવસે સમગ્ર ડાયેટ અને કેમ્પસમાં સમૂહ સફાઈ કરવામાં આવે છે.

લીમડાના રસનું સેવન : તાલીમાર્થીઓને લીમડાના રસનું આરોગ્યની દ્રષ્ટીએ મહત્વ સમજાવવામાં આવ્યું. ચૈત્ર માસ દરમિયાન ભવન કેમ્પસમાં ઊગેલ લીમડાના વૃક્ષોના પાન તોડી તેનો રસ તૈયાર કરી તમામ તાલીમાર્થીઓ અને સ્ટાફને પીવડાવવામાં આવેલ.

સલાડ ડીશ કોમ્પિટિશન: ડી.એલ.એડ. નાં પ્રથમ વર્ષના તાલીમાર્થી બહેનો માટે સલાડ ડીશ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓના ચાર જૂથ દ્વારા વિવિધ શાકભાજી અને ફળોનો ઉપયોગ કરી સલાડ ડીશ તૈયાર કરવામાં આવી હતી.

ડાયેટ કક્ષાની ઇકો કલબ પ્રવૃત્તિ: જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા વર્ષ 2022-23 માટે ઇકો કલબ પ્રવૃત્તિ(ડાયેટ કક્ષાની) માટે ઇડીએન-12 પ્લાન યોજના હેઠળ એપેન્ડીક્ષ- 8 (C-5) અન્વયે રૂ 25,000/-(અકે રૂ.પચ્ચીસ હજાર પૂરા) ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. સદર ગ્રાન્ટમાંથી નીચેની કામગીરી કરવામાં આવેલ.

1. ડાયેટ રાજકોટના કેમ્પસમા રહેલ હોસ્ટેલ પરિસરની સામેના બગીચામાં ફરતી બાજુ PVC પાઈપ અને જરૂરીયાત મુજબ વાલ્વ નાખી વૃક્ષો માટે પાણી પીવડાવવાની સરળતા કરવામાં આવી.
2. ડાયેટ કેમ્પસમાં પાંચ પાણીના ટાંકા છે. હોસ્ટેલ બિલ્ડીંગ પર બે ટાંકા, ઓફીસની અગાસીમાં  એક ટાંકો, અને પ્રાચાર્ય ક્વાટર અને રેક્ટર ક્વાટરમાં મળી બે ટાંકા. આ તમામ ટાંકામાં એક જ પંપ દ્વારા એક સાથે પાણી ભરાય છે. વ્યક્તિગત ટાંકામાં વાલ્વ રાખવામાં આવેલ હોવા છતાં કર્મચારીઓ અને તાલીમાર્થીઓ દ્વારા તેનું યોગ્ય રીતે સંચાલન ન થવાના કારણે વારંવાર ટાંકા છલકાઈ જતા હતા. આ સમસ્યા નિવારવા માટે બે ટાંકામાં કોક વાલ્વ અને ત્રણ ટાંકામાં ઓટોમેશન માટે સેન્સર ફીટ કરવામાં આવેલ છે.

ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ જિલ્લા કક્ષાના ડોકયુમેન્ટેશન વર્કશોપ **EDN-12** ગ્રાન્ટ અંતર્ગત તારીખ : **06/03/2023** થી **07/03/2023** દરમિયાન ડાયટ- રાજકોટ ખાતે બે દિવસીય ઇકોક્લબ શાળાકીય પ્રવૃત્તિ ડોકયુમેન્ટેશન વર્કશોપ યોજવામાં 21 તાલીમાર્થીઓ અને 02 તજજ્ઞ ઉપસ્થિત રહી વર્ષ દરમિયાન રાજકોટ અને મોરબી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં થયેલ ઈકો કલબ પ્રવૃત્તિઓનું ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. આ માટે અગાઉથી તમામ તાલુકા અને કોર્પોરેશન ઝોન કક્ષાએ શ્રેષ્ઠ કામગીરી કરતી શાળાઓ પાસેથી વિવિધ પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ્સ અને વિડીયો સહિતી ચોક્કસ ફોર્મેટમાં માહિતી એકત્ર કરવામાં આવી હતી.

ઇકોક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળા શ્રેષ્ઠ કામગીરી કરતી શાળાઓ

જિલ્લો : રાજકોટ

| ક્રમ | શાળાનું નામ | આચાર્યનું નામ | તાલુકો | શાળાની વિશેષતા |
|---|---|---|---|---|
| **1** | ઢાંઢણી પ્રાથમિક શાળા | ચાવડા પ્રવીણભાઈ એમ. | રાજકોટ | ગ્રીન શાળા, શાળા સ્વચ્છતા એવોર્ડ વિજેતા, |
| **2** | બારવણ પ્રાથમિક શાળા | વાળા કિરીટસિંહ એભલસિંહ | રાજકોટ | |
| **3** | દેવડા પ્રાથમિક શાળા | અશ્વિનભાઈ પરમાર | ગોંડલ | |
| **4** | સોમલપર સીમ પ્રાથમિક શાળા | **KHODANI BHANUBEN R** | વિંછીયા | |
| **5** | સતાપર તાલુકા શાળા | **YATINBHAI SAVALIYA** | કોટડાસાંગાણી | |

જિલ્લો : મોરબી

| ક્રમ | શાળાનું નામ | આચાર્યનું નામ | તાલુકો | શાળાની વિશેષતા |
|---|---|---|---|---|
| 1 | શ્રી મેરુપર પે સેન્ટર શાળા | ચાવડા ધનજીભાઈ | હળવદ | |
| 2 | કાશીપર પ્રાથમિક શાળા | સબારીયા જીવનભાઈ | વાંકાનેર | |
| 3 | સુલતાનપુર પ્રાથમિક શાળા | શૈલેષભાઈ પરસોતમભાઈ | માળીયા | |
| 4 | જબલપુર પ્રાથમિક શાળા | પટેલ જીતેન્દ્રભાઈ | ટંકાર | |
| 5 | નાની વાવડી કુમાર પ્રા. શાળા | હરેશભાઈ ગોહેલ | મોરબી | |

## ઇકોક્લબ અંતર્ગત થયેલ પ્રવૃત્તિ - વર્ષ : **2022-23**













# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તાપી

## ઈકો ક્લબ અહેવાલ

## વર્ષ- ૨૦૨૩- ૨૪

- ઈકો કલબ અંતર્ગત વિદ્યાર્થીઓની ભૂમિકા

સૌ પ્રથમ જે શાળાઓમાં ઈકો કલબ કાર્યક્રમ અમલમાં મૂકાયેલ છે, તે શાળામાંથી એક શિક્ષકને એ શાળામાં ઈકો કલબની જવાદારી સોંપવામાં આવેલ છે. અને આ શિક્ષકોને આ બાબતે તાલીમ આપીને માહિતગાર પણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અન્ય શાળાઓમાં પર્યાવર જાગૃતિનાં કાર્યક્મો તથા પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાનાં રહેશે.

શિક્ષક દ્વારા અઠવાડિયામાં ઓછા એક કલાક માટે ઈકો કલબના સભ્યોને ભેગા કરી કોઈને કોઈ પ્રવૃતિ કરવાની રહેશે. આવતા અઠવાડિયામાં કઈ પ્રવૃતિ કરવાની તે અંગે વિદ્યાર્થીઓ અભિપ્રાય આપે તે રીતનું પ્રોત્સાહન પૂરું પાડવાનું રહેશે. આચાર્ય સાથે ચર્ચા કરીને અમલ માટે જરૂરી તૈયારી કરવામાં આવે છે.

- **વિશ્વ ઓઝોન તથા વિશ્વ પર્યાવરણ દિવસ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તાપી દ્વારા જિલ્લામાં આવેલ ડી.એલ.એડ કોલેજોમાં અભ્યાસ કરતા આસરે 100 જેટ્લા તાલીમાર્થીઓના જીવનમાં પર્યાવરણ સ્વરક્ષણ પ્રત્યે સભાન થાય એ હેતુથી તમામ ડી.એલ.એડ.કોલેજોના વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી જેના ભાગરૂપે સવારમાં ગામમા પર્યાવરણ જાગ્રતિ અંગેના સૂત્રોચ્ચાર કરતા કરતા રેલીઓ કાઢવામાં આવી અને ગ્રામસફાઈની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારબાદ કોલેજોમાં પ્રાર્થના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું જેમાં આ બાબતે વકતૃત્વ સ્પધાનું આયોજન કરવામાં આવ્યું ક્વીઝ સ્પધાનું ચિત્રસ્પર્ધા વગેરે વિવિધ સ્પધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું .ત્યારબાદ જંગલખાતા દ્વારા ઉપસ્થિત તમામ તાલીમાર્થીઓને એક એક વૃક્ષનો છોડ આપીને સ્વાગત કરવામાં આવ્યું અને સૌ તાલીમાર્થીઓ દ્વારા અધ્યાપકો સાથે રહીને વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો અને તમામ તાલીમાર્થીઓને આ છોડને માવજત કરીને મોટા કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી આમ આરીતે આ દિવસ દરમ્યાન વિવિધ પ્રકારની નાની –મોટી કામગીરીઓ હાથ ધરવામાં આવી અને તંદુરસ્ત રીતે દિવસ પસાર કરવામાં આવ્યો.

- **ડાયેટ તાપી કક્ષાએ ઈકો ક્લબ કાર્યક્રમ અન્વયે હાથ ધરવામાં આવેલ ઈકો કલબની પ્રવૃતિઓ.**

ડાયેટ તાપીના કેમ્પસ ડેવલોપમેન્ટની તમામ કામગીરી કરવા માટે જે જગ્યા ફાળવવામાં આવેલ છે. એ જગ્યાએની લોબીમાં ઈકો કલબને લગતી નાની મોટી પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમા ખાસ લોબીમા નાના મોટા કૂડાઓમાં વિવિધ પ્રકારના સૂશોભિત ફૂલછોડ વાવવામાં આવેલ છે. જેની તમામ માવજત માટે સેન્દ્રિય ખાતરનો ઉઅપયોગ કરવામાં આવે છે. અહિં કુડાઓમાં વિવિધ પ્રકારનાકોટોનોના છોડ ફૂલછોડ તથા નાના-મોટા ઔષધિય વેલાઓને પણ ઉગાડવામાં આવેલ છે.

ડાયેટ તાપી ખાતે કિચન ગાર્ડન વનોઔષધિયઓ છોડ ફળઝાડ વગેરેનું વ્યવસ્થિત આયોજન મૂજબની કામગીરીઓ માટે ડાયેટ તાપીને ડોલારા મુકામે જમીન ફાળવવામાં આવેલ

છે. જેમા બાધકામની શરૂઆત કરવામા આવશે એટલે ડાયેટ કક્ષાએ કેમ્પસ ડેવલોપમેન્ટની વિવિધ કામગીરીઓ હાથ ધરવામાં આવશે હાલ આ કાર્યક્રમ એટલે કે ઈકો કલબ કાર્યક્રમ અન્વયે વિવિધપ્રકારની તાલીમનું આયોજન જિલ્લાના શિક્ષકો માટે એમની શાળાઓમાં આ પ્રકારની નાની –મોટી પ્રવૃતિઓ હાથ ધરી શકે હાલ ડાયેટ કક્ષાએ ઈકો કલબની પ્રવૃતિઓના વિકાસ માટે નાના-મોટા બાગ બગીચાની કામગીરી માટેના સાધનો ખરીદીને વિકસાવવામાં આવ્યા છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન નવસારીના સિ.લે.શ્રી મનિષભાઈ પટેલ તથા જુ.લે.શ્રી પ્રકાશભાઈ પટેલના સહયોગથી પર્યાવરણ પ્રયોગશાળા બાબતે શિક્ષકોને વિવિધ પ્રકારની કામગીરી બાબતે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેમજ વિવિધ પ્રકારની પર્યાવરણ પ્રયોગશાળા સબંધિત કામગીરી તથા સંશોધન પણ હાથ ધરવામાં આવેલ છે. જે મુજબ કામગીરીઓ હાથ ધરવામાં આવેલ છે.

## જિલ્લામાં પર્યાવરણ સંવર્ધન ક્ષેત્રે કાર્ય કરતી શ્રેષ્ઠ શાળાઓની યાદી

| ક્રમ | તાલુકાનું નામ | શાળાનું નામ | પ્રવૃતિની વિગત |
|---|---|---|---|
| 1 | ડોલવણ | પ્રા. શાળા કરંજખેડ | ગ્રીનશાળા પ્લાસ્ટિક મુકત શાળા કિચનગાર્ડન, ઔષધિયબાગ વગેરે |
| 2 | વ્યારા | પ્રા.શાળા ઉમરકુવા | પ્રાકૃતિક ખેતી અંતર્ગત શાક્ભાજીની ખેતી, ગ્રીનશાળા પ્લાસ્ટિક મુકતશાળા |
| 3 | વ્યારા | પ્રા.શાળા નાની ચિખલી | પ્રાકૃતિક ખેતી અંતર્ગત ફળઝાડવાડી, શાક્ભાજીની ખેતી, શ્રેષ્ઠ વોટર, મેનેજમેન્ટ સરસ મઝાની બાગાયીતી |
| 4 | ઉચ્છલ | પ્રા.શાળા હરિપુર | સુશોભિત બાગબગીચા શ્રેષ્ઠ કિચનગાર્ડન, દફતરકામ વ્યવસ્તિ ગોઠવણી વિકસિત રામહાટ ખોયપાયા બોક્સ વગેરે |
| 5 | નિઝર | પ્રા.શાળા રૂમકીતલાવ | શાળાનું કેમ્પસ ડેવલોપમેન્ટ સરસ ઔષધિય બાગ, કિચનગાર્ડન પ્લાસ્ટિકમુક્ત ગ્રીનશાળા વોટર મેનેજમેન્ટ શાળા સ્વ્છતા ઉડીને આંખે વળગે એવી. |
| 6 | સોનગઢ | પ્રા.શાળા-ખડકાચિખલી | શાળામાં બાગબગીચા સરસ શાળામાં કિચનગાર્ડન ઔષધિયબાગ, વોટરમેનજમેન્ટ, રામદુકાન, ખોયાપાયા તથા અન્ય ઈકોકલબની સરસ પ્રવૃતિઓ |
| 7 | વાલોડ | ખુ.લ. ગાંધી પ્રા.શાળા વાલોડ | શાળામાં દફતરી વહીવટી કામ સરસ, શાળામાં સ્વચ્છતા કિચનગાર્ડન, ઔષધિય બાગ, તથા ઈકો કલબની સરસ મઝાની પ્રવૃતિઓ થાય છે.તથા શૈક્ષણિક પ્રવૃતિઓ સરસ થાય છે. |
| 8 | વાલોડ | પ્રા.શાળા સ્યાદલા | શાળામાં ઈકોકલબને લગતી પ્રવૃતિઓનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક કરે છે. |

1. ફોટોગ્રાફ



2. ફોટોગ્રાફ




ફોટોગ્રાફ



ફોટોગ્રાફ



District Institute of Education and Training, Valsad

Programme and Activities of year 2022-23 Related to Eco Club Project

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલસાડ

## ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી : વર્ષ : ૨૦૨૨-૨૩

21 જૂન 2022નાં રોજ 75 જેટલાં વૃક્ષો કેમ્પસમાં રોપવામાં આવ્યાં છે. ડાયેટ, વલસાડના કેમ્પસમાં સારા એવા પ્રમાણમાં હરિયાળી છે. પ્રથમ સત્ર દરમ્યાન કેમ્પસમાં શ્રમયજ્ઞ અને સમૂહ સફાઇ યોજવામાં આવ્યા અને તાલીમાર્થીઓને ઈકો ક્લબ અંગે અભિમુખ કરવામાં આવ્યા. પર્યાવરણના અભ્યાસક્રમ અને ઈકો-ક્લબની પ્રવૃત્તિઓને કેવી રીતે સાંકળી શકાય તે સમજ આપવામાં આવી.

1. 1 થી 15 સપ્ટેમ્બર 2022 દરમિયાન ડાયટ કેમ્પસમાં મોટાપાયે સફાઈ, વૃક્ષોનુ જતન અને નવા વૃક્ષોનુ વાવેતર અને નીંદણ વગેરે કરવામાં આવ્યા. ઈકો-ક્લબની વાર્ષિક પ્રવૃત્તિઓમાં પી.એસ.ટી.ઈ.ના તાલીમાર્થીઓ તથા અધ્યાપકોની મદદથી ફળાઉ ઝાડોની ગોડ અને ક્યારાઓ કરવામાં આવ્યા. નવા ફળાઉ અને ઔષધિય છોડોનું વાવેતર કરવામાં આવ્યું. કેમ્પસમાં અગાઉ રોપેલ વૃક્ષો, છોડો અને બાગ બગીચામાં નીંદામણ અને સાફ સફાઈ કરવામાં આવ્યાં.
2. ઓક્ટોબર 2022 દરમિયાન કેમ્પસમાં નાના મોટાં વૃક્ષોનું જતન કરવા સંદર્ભે ગોડ કરીને ઓર્ગેનિક ખાતર આપવામાં આવ્યું. કેરીની કલમી વાડીમાં ટ્રેક્ટર દ્વારા ખેડાણ કરવામાં આવ્યું. એક પ્લોટમાં કીચન ગાર્ડનનું નિર્માણ કરી તેમાં ધાણાં-મેથી, રીંગણ, મરચાં, તુવર સીંગ જેવી શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું. થોડા ફળાવ અને થોડી ઔષધિ વનસ્પતિનું પણ વાવેતર કરવામાં આવ્યું.
3. નવેમ્બર 2022 દરમિયાન કેમ્પસમાં એપ્રોચ રોડ અને વૃક્ષોના ક્યારાને રંગકામ અને વુક્ષોના થડને ગેરુ-ચૂનો કરવામાં આવ્યાં. ફૂલછોડ તથા નાના ઔષધિય છોડોની પણ માવજત કરવામાં આવી. પી.એસ.ટી.ઈ.ની

તાલીમાર્થી બહેનો અને અધ્યાપકોના સહકારથી સમગ્ર કેમ્પસમાં વિકસેલ વૃક્ષો તથા ઝાડોને ચૂના તથા ગેરૂથી સુશોભિત અને સુરક્ષિત કરવામાં આવ્યા.

4. ડી.એલ.એડ.ની પ્રશિક્ષણાર્થી બહેનો દ્વારા પોતે અલગ અલગ છોડ / વૃક્ષને દત્તક લઈને વ્યક્તિગત ધોરણે તેનું જતન કરવામાં આવે છે. ઘનકચરાનો નિકાલ, પક્ષીઓ માટે પરબ, ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ જેવા વિભાગો પર પણ કાર્ય કરવામાં આવ્યું.

5. 13 -14 ફેબ્રુઆરી, 2023 દરમિયાન પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃત્તિઓ અંગેની કાર્યશિબિર આયોજિત થયેલ હતી. તેમાં એક દિવસ પ્રાકૃતિક ખેતી અંગેની અભિમુખતા અને બીજા દિવસે વન ભ્રમણ – પ્રકૃતિ શિક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. 45 જેટલા પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ કાર્યક્રમ થકી પર્યાવરણ પ્રયોગશાળાની પ્રવૃત્તિઓ અંગે શિક્ષકોને અભિમુખ કરવામાં આવ્યા. પ્રાકૃતિક ખેતી અંગે શિક્ષકોમાં જાગૃતિ કેળવી શકાઈ હતી. કાર્યક્રમ અંતર્ગત રિઝર્વ ફોરેસ્ટ ટ્રેક પર 5 કિમી. વન ભ્રમણ સાથે પ્રકૃતિ શિક્ષણ પ્રાપ્ત કરવામાં આવ્યું હતું.

## ડાયટમાં કરવામાં આવેલ કામગીરી અને શાળા કક્ષાએ કરવામાં આવેલ કામગીરીના ફોટોગ્રાફસ



ભવનનાં કેમ્પસમાં વૃક્ષારોપણ



ભવનના કેમ્પસમાં પર્યાવરણીય સફાઈ




ભવનના કેમ્પસમાં ધબકતું પર્યાવરણ




કેમ્પસમાં ઈકો-ક્લબ પ્રવૃત્તિઓનો પરિપાક



કકવાડી પ્રા.શાળામાં મશરૂમ કલ્ટીવેશન



વાલવેરી પ્રા.શાળામાં કિચન ગાર્ડન

## ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ શાળાઓના નામ

## જિલ્લો : વલસાડ

| ક્રમ | શાળાનું નામ | તાલુકો |
|---|---|---|
| 1 | વાલવેરી પ્રાથમિક શાળા | કપરાડા |
| 2 | અરનાલા પ્રા.શાળા | પારડી |
| 3 | મોટી ઢોલડુંગરી પ્રા.શાળા | ધરમપુર |
| 4 | કકવાડી પ્રાથમિક શાળા | વલસાડ |
| 5 | ખંડવાઈ પ્રા. શાળા | ઉમરગામ |
| 6 | વિનોબા પ્રા.શાળા | વાપી |

## શાળાઓ દ્વારા કરવામાં આવેલ કામગીરીની ટુંકમાં વિગત

### ૧. કકવાડી પ્રાથમિક શાળા, તાલુકો : વલસાડ

- નકામી બોટલ માંથી બનાવેલો ફુવારો શાળા પ્રાંગણમાં કાર્યરત છે.
- સોપારીના ઝાડને એક જગ્યાએથી ઊંચકી બીજી જગ્યાએ રોપવામાં આવ્યું છે.
- વરસાદી પાણીને બોર રિચાર્જ તથા ભૂગર્ભ ટાકા માટે ઉપયોગ કરવામાં આવે છે.
- પ્લાસ્ટિકની નકામી બોટલ નો ઉપયોગ કરીને પગથિયાં બનાવવામાં આવેલ છે.
- મશરૂમ કલ્ટીવેશન પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓએ નવા મશરૂમ તૈયાર કર્યા.
- નાળિયેરના છોડામાંથી કોકોપીટ તૈયાર કરવામાં આવ્યા.

૨. વાલવેરી પ્રાથમિક શાળા, તાલુકો : વલસાડ

- ઈકો-ક્લબ અંતર્ગત શાળામાં વર્મીકમ્પોસ્ટ બનાવવામાં આવ્યું.
- ઈકો-ક્લબ અંતર્ગત શાળાએ પોતાની નાની નર્સરી બનાવી.
- વિવિધ પ્રકારની જમીન – માટીના નમૂનાનું નિદર્શન કરવામાં આવ્યું.
- ઓર્ગેનિક પદ્ધતિથી કિચન ગાર્ડન તૈયાર કરવામાં આવ્યો.
- વિદ્યાર્થીઓને ઈકો-ક્લબ પ્રવૃત્તિઓ અંતર્ગત સહ્યાદ્રી સૃષ્ટિ સંકુલ, દાબખલની અભ્યાસ મુલાકાત કરાવવામાં આવી.

---

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર

❖ ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી

1. ઔષધ બાગ

ઔષધ બાગ નિર્માણ કરવામાં આવેલ છે તેમાં વર્મી કમ્પોજનું તૈયાર થયેલુ ખાતર નાખીને પાથરીને નાખવામાં આવ્યુ. ત્યાર પછી પાવડા કોદાળી વડે જમીનને ઉલટ સુલત કરીને લેવલ કરવામાં આવ્યું. તે પછી ચોક્કસ અંતરે બીજી ઔષધી વનસ્પતિને રોપવા માટે ખાડા તૈયાર કરવામાં આવ્યા. ત્યાર બાદ ખાડા માં એરાન્ડીનો ખોળ તથા સ્વસ્થ જમીનનું ખાતર નાખવામાં આવ્યું. અને જુદી જુદી હાલ માં ૫૦ જેટલી ઔષધીય વનસ્પતિને રોપવામાં આવી છે તે માવજત કરના સારી ઉછરેલ છે . અને ગોળ ખામણા કરી પાણી પીવડાવવામાં આવ્યું. ત્યાર પછી સતત વરસાદી માહોલ રહેતા ઔષધીય વનસ્પતિને ફરતા નકામું ઘાસનું નિંદામણ સમાંતરે કરવામાં આવ્યું.

2. વર્મી કમ્પોસ્ટ

કેમ્પસમાં વુક્ષના છાંયડા નીચે ૧૫ × ૧૫ × ૨ નો ક્યારો તૈયાર કરી તેમાં લીલા-સૂખા ઘાસના પાંદડાનો થર પાથરીને તેમાં દેસી ગોળનું દ્રાવણ તથા અમૃતપાણી અને અળસિયા નાખી વર્મી કમ્પોજ તૈયાર કરવામાં આવ્યું.હતું તે વર્મી કમ્પોજન ખાતર કેમ્પસમાં નાના મોટા વૃક્ષોને જરૂરિયાત પ્રમાણે સમયાંતરે નાખવામાં આવેલા છે.ચાલુ વર્ષે ૧૫ × ૧૫ X ૨નો કચરા કપોસ્ટ ખાડો કરવામાં આવેલ છે.

3. સ્વસ્થ જમીન

કેમ્પસમાં સ્વસ્થ જમીન તૈયાર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. ઘટાદાર વૃક્ષો નીચે એક ફૂટ ઊંડી અને ત્રીસ ફૂટ લાંબી ચર બનાવીને કુદરતી રીતે ખરતા પાન તથા

અન્ય કોહવાય તેવી વનસ્પતિના પાન તથા માટી, રાખ, ગાયના છાણ-મૂત્રનું દ્રાવણ તથા પાણી મિશ્ર કરીને તૈયાર થયેલું ખાતર વૃક્ષોને જરૂરિયાત પ્રમાણે સમયાંતરે નાખવામાં આવે છે.

### 4. કીચન ગાર્ડન

કેમ્પસના મૈદાનમાં વૃક્ષોની આસપાસ જગ્યામાં શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું છે. તેની સતત માવજત કરી તૈયાર કેટલીક શાકભાજી મળે છે. જેમાં સરગવાનો ખુબ જ શાકભાજીમાં ઉપયોગ કરવામાં આવ્યો.

### 5. જંતુનાશક દવા બનાવવી

કેમ્પસમાં છોડ અને વૃક્ષોમાં થોડી જીવાત જોવા મળતા લીમડાના પાન અને ધતુરાના પાદડા અને ગૌ મૂત્રનો ઉપયોગ કરી જંતુનાશક દવા બનાવવામાં આવી. અને દવાનો છંટકાવ કરતા પાંદડા અને ડાળીઓ પર લાગેલી જીવાત દૂર થઈ હતી. છોડ સુધી પાણી આપવા માટે પાઈપ લાઈનની વ્યવસ્થા કરવામાં આવી.

આ ઉપરાંત વૃક્ષોવૃની છાંટની કરવામાં આવી તેમજ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવી.

- ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામાગીરીના ફોટોગ્રાફ્સ :







- ECO-Club activities સંદર્ભે શ્રેષ્ઠ 5 શાળાઓના નામ :

1. દાલોદ પ્રા.શાળા, તા.માંડલ
   આચાર્ય શ્રી - નગીનભાઈ પટેલ-6352254265
2. વસ્ત્રાલ પ્રા શાળા
   આચાર્ય શ્રી - હીનાબેન પટેલ-97254 25448
3. ઓઢવ ગુજરાતી 3
   આચાર્ય શ્રી - દિનેશભાઈ પ્રજાપતિ-9662037210
4. હેબતપુર પ્રા. શાળા
   આચાર્ય શ્રી – ચિંતલ એમ. પટેલ-9274630484
5. રાજપુરા પ્રા. શાળા
   તા. દેત્રોજ

- પાંચ પૈકી કોઈ પણ 2 શાળાઓ દ્વારા કરવામાં આવેલી કામગીરીની ટૂંકમાં વિગત :

1. દાલોદ પ્રા.શાળા, તા.માંડલ

વૃક્ષારોપણ પછી ઔષધબાગ, કિચન ગાર્ડન જેવી પ્રવૃતિ કરવામાં આવે છે. શાળામાં બાળક દિઠ અને શિક્ષક દિઠ કુલ છોડ અને ઝાડુની વહેંચણી કરવામાં આવે છે, અને જેની સંપૂર્ણ જવાબદારી શિક્ષક અને બાળકને આપવામાં આવે છે.

2. હેબતપુર પ્રા. શાળા

હેબતપુર પ્રા. શાળામાં વૃક્ષારોપણની કામગીરી ધામધૂમથી કરવામાં આવે છે, અને છોડવાઓને પાણી પાવા માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. જેવી કે માટલા પીયત પદ્ધતિ અને ડ્રિપ પદ્ધતિ દ્વારા પાણી પાવાની વ્યવસ્થા કરવામાં આવે છે. અને શાળામાં ધોરણવાર 5 થી 8 ના બાળકોને જવાબદારી સોપવામાં આવી છે જેથી બાળકો ઉત્સાહભેળ કામાગીરીમાં જોડાય છે,

# District Institute of Education and Training (DIET), Bhavnagar
## Programme and Activities of year 2022-23
## Related to Eco Club Project

♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣♣

# ઈકોકલબ પ્રવૃત્તિ વર્ષ - ૨૦૨૨-૨૩

♣ **ડાયટ કક્ષાએ કરવામાં આવેલ કામગીરી :-**

1) ડાયટ ભાવનગરના કેમ્પસમાં જુલાઈ અને ઓગસ્ટ માસમાં ડાયટ સ્ટાફ અને બી.એડ.ના તાલીમાર્થીઓ દ્વારા **450** થી **520** વિવિધ છોડોનું રોપણ અને ત્યારબાદ માવજત કરવામાં આવેલ. ડાયટ બિલ્ડીંગમાં ફૂલછોડનું રોપણ કૂંડામાં કરવામાં આવેલ.
2) ડાયટના ન્યુટ્રીશન બગીચામાં મિયાવાકી નાના જંગલની ખ્યાલ દ્વારા એક-એક ફૂટના અંતરે **350** જેટલા છોડનું રોપણ કરવામાં આવેલ. જેમાં સ્થાનિક વાતાવરણને અનુકૂળ છોડ, ફૂલછોડ, ઔષધીય છોડનું રોપાણ કરવામાં આવેલ. એમાંથી **65%** વૃક્ષોનો ઉછેર માવજત દ્વારા સરસ કરવામાં આવેલ છે.
3) સ્વચ્છતા કાર્યક્રમ ડાયટમાં બી.એડ.ના વિદ્યાર્થીઓની કમિટી દ્વારા કરવામાં આવે છે. ડાયટ કેમ્પસ સફાઈ માસમાં એકવાર અને ડાયટ બિલ્ડીંગની સંપૂર્ણ સફાઈ માસમાં એકવાર તથા પ્રાર્થનાખંડ અને વર્ગખંડની સફાઈ રોજે-રોજ કરવામાં આવે છે. સમુહ સફાઈ માં ડાયટ સ્ટાફ તથા તાલીમાર્થીઓ સૌ જોડાય છે.
4) ફેબ્રુઆરી **2023** માં ડાયટ બિલ્ડીંગના બગીચાની અને વ્યાયામ સાધનોના બાગની સુરક્ષા માટે વેસ્ટમાંથી બેસ્ટ જૂની પડેલી લોખંડની જાળીમાંથી બે નાના દરવાજા અને બિલ્ડીંગની એન્ટ્રીમાં એક મોટો સ્લાઈડીંગ ડોર બનાવવામાં આવેલ, આ દરવાજા ઇકો ક્લબ ડાયેટ પ્રવૃત્તિ અંતર્ગત બનાવવામાં આવેલ અને છોડ-ઝાડની સુરક્ષા કરવામાં આવેલ.
5) માર્ચ **2023** માં ડાયટ કેમ્પસ ડેવલોપમેન્ટ અંતર્ગત લોખંડનો મુખ્ય દરવાજો ખૂબ મોટો બનાવવામાં આવેલ.
6) રાજ્યકક્ષાની ઇકો ક્લબ પ્રવૃત્તિ કાર્યશાળા-**2022** ડાયટ ભાવનગરના નેતૃત્વ હેઠળ તા.**26/07/2022** થી તા.**28/07/2022** (ત્રણ દિવસ) ગુણોધ્યપુરમ, પાલીતાણા, ભાવનગર

ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં બીજબેંક, છોડ ઉછેર, સજીવ ખેતી વગેરે વિષયો પર તજજ્ઞ દ્વારા માહિતી આપવામાં આવેલ. તા.**27/07/2022** ના રોજ પાવક વન, રોહીશાળા ઘાટ, આંકોલાળી પ્રાથમિક શાળા, રાણપરડા(ખા.) કે. શાળા અને સણોસરા લોકભારતીની ઈકો કલબ પ્રવૃત્તિઓ અને પર્યાવરણ પ્રવૃત્તિઓ સંદર્ભે મુલાકાત લેવામાં આવેલ. સૌને પ્રકૃતિના આનંદ સાથે શીખવાનું મળ્યું. તા.**28/07/2022** ના રોજ ગુજરાતના તમામ ડાયટ દ્વારા પોતાના જિલ્લાની ઈકોક્લબની વિવિધ અને વિશિષ્ટ પ્રવૃત્તિઓનો પ્રેઝન્ટેશન પણ કરવામાં આવેલ.

7) ડાયેટ ભાવનગર દ્વારા આ વર્ષે બી.એડ.ના બંને વર્ષના તાલીમાર્થીઓ માટે પ્રકૃતિ શિબિર સાસણ ગીર ખાતે તા.**02/03/2023** થી તા.**03/03/2023** અને તા.**19/03/2023** થી તા.**20/03/2023** ના રોજ આયોજન કરવામાં આવેલ. આ પ્રકૃતિ શિબિર ડાયટ સ્ટાફ સાથે કરવામાં આવેલ. જેમાં ટ્રેકિંગ, વન્યજીવ ડોક્યુમેન્ટરી, ચર્ચા-વાર્તાલાપ સિંહ વિશેની જાણકારી, કીટ(બેગ, ટોપી), સાંસ્કૃતિક કાર્યક્રમ અને સફારી પાર્ક દેવળીયાની મુલાકાત કરાવી વિશેષ જાણકારી આપવામાં આવેલ. આ શિબિર દ્વારા સૌએ પ્રકૃતિના ખોળે આનંદ સાથે જ્ઞાન મેળવ્યું.

8) ડાયટ ભાવનગર દ્વારા તા.**11/01/2023** થી તા.**11/01/2023** બે દિવસનો ઈકો ક્લબ પ્રવૃત્તિ એક્સ્પોઝર વિઝીટ સેમિનાર કરવામાં આવેલ. જેમાં વૃક્ષારોપણ, બીજ બોલ, સજીવ ખેતી, સજીવ ખેતીની જાણકારી તજજ્ઞ શ્રી કિશોરભાઈ ભટ્ટ દ્વારા આપવામાં આવેલ અને નિદર્શન કાર્યમાં પણ સૌને જોડવામાં આવેલ. ભાવનગરની શામપરા મોડેલ સ્કૂલ, ડાયટ કેમ્પસ, કરેડા સરકારી નર્સરી-ઘોઘા, રાણાધાર પ્રાથમિક શાળા, વાવડી પ્રાથમિક શાળા, ભૂતેશ્વર પ્રાથમિક શાળા, કોળિયાક દરિયાની(સફાઈ કાર્ય) મુલાકાત પણ લેવામાં આવેલ.

9) બાળમેળા ડોક્યુમેન્ટેશન વર્કશોપ તા.**12/10/2022** થી તા.**13/10/2022** બે દિવસ માટે **32** તાલીમાર્થીઓ અને **3** તજજ્ઞો સાથે કરવામાં આવેલ. જેમાં ભાવનગર અને બોટાદ જિલ્લાના બે ડોક્યુમેન્ટસ ડાયટ ભાવનગર દ્વારા બનાવવામાં આવેલ.

10) ઈકોક્લબ ડોક્યુમેન્ટેશન વર્કશોપ તા.**23/03/2023** થી તા.**24/03/2023** બે દિવસ માટે **32** તાલીમાર્થીઓ અને **3** તજજ્ઞો સાથે કરવામાં આવેલ. ભાવનગર અને બોટાદ જિલ્લાની ઇકોક્લબ અને પર્યાવરણ પ્રવૃત્તિનું સંકલન કરી એક ડોક્યુમેન્ટેશન ડાયટ ભાવનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

11) બીજ બોલ કાર્યક્રમ : ડાયેટ ભાવનગરના બી.એડ.ના તાલીમાર્થીઓ અને સ્ટાફ દ્વારા જુલાઈ **2022** દરમિયાન બીજ બોલ બનાવવામાં આવેલ. જે માર્ગદર્શનનો ઉપયોગ બી.એડ.ના તાલીમાર્થીઓએ ઇન્ટરશીપ દરમિયાન શાળાઓમાં કરેલ અને ડાયટ દ્વારા આપવામાં આવેલ બીજના બીજ બોલ શાળામાં વિદ્યાર્થીઓ પાસે પણ બનાવવામાં આવેલ.

12) પર્યાવરણ શિક્ષણ શિબિર વિક્ટોરિયા પાર્ક, ભાવનગર ખાતે એક દિવસ માટે RFO તથા તજજ્ઞના માર્ગદર્શન નીચે બી.એડ.ના તાલીમાર્થીઓ માટે ગોઠવવામાં આવેલ. જેમાં પંખીનો પરિચય, સજીવ ખેતી, ગ્રીનહાઉસ, છોડ ઉછેર વિશે વિશેષ માહિતી આપવામાં આવેલ. તાલીમાર્થીઓને વિક્ટોરિયા નર્સરીમાંથી છોડ પણ આપવામાં આવેલ.

## ઈકો ક્લબ અને પર્યાવરણની ભાવનગર અને બોટાદ જિલ્લાની શાળા પ્રવૃત્તિઓ ૨૦૨૨-૨૩

1) ગ્રામ દક્ષિણા મૂર્તિ - આંબલા, સણોસરા ક. શાળા - સિહોર દ્વારા ઔષધબાગ - શાળા બગીચાનું નિર્માણ
2) પચ્છેગામ ક. શાળા અને લુણધારા પ્રાથમિક શાળા વલભીપુરમાં કિચન ગાર્ડન અને બગીચાનું નિર્માણ
3) વીરડી પ્રાથમિક શાળા અને મોટી વાવડી પ્રાથમિક શાળા - ગારીયાધાર પક્ષીના માળા, કુંડામાં છોડ, કિચન ગાર્ડન, ઔષધબાગ બનાવવામાં આવેલ
4) બોચડવા પ્રાથમિક શાળા અને ગોલરામા પ્રાથમિક શાળા -ઉમરાળામાં વૃક્ષ ઉછેર, બીજ બેંક, ઔષધબાગ, શાકભાજીનો ઉછેર તથા ઉપયોગ
5) માંડવડા-2 પ્રાથમિક શાળામાં સુંદર શાળા બગીચા, પક્ષીઘર, કુંડામાં છોડ ઉછેર કરવામાં આવે છે.
6) પાલીતાણા તાલુકામાં ગૌતમબુદ્ધ પ્રાથમિક શાળા નં. 55 માં પક્ષીના કુંડા, ટેન બેગ લેસ ડે પ્રવૃત્તિઓ, કિચન ગાર્ડન, ઓર્ગેનિક ટેરેસ ગાર્ડન, સાગરકાંઠા સફાઈ, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવેલ.
7) ભાવનગર MSB શાળા નં. 8 અને 45 પ્રાથમિક શાળામાં ગ્રીન ગાર્ડન અને શાળાની અંદર વર્ગ બગીચો બનાવવામાં આવેલ છે.
8) ઘોઘા - રાણાધાર પ્રાથમિક શાળામાં ચબૂતરો, વેસ્ટમાંથી બેસ્ટ કુંડાની પ્રવૃત્તિ, બીજ બેંક અને સુંદર શાળા બગીચો બનાવવામાં આવેલ.
9) પાદરગઢ, રોયલ અને બાબરીયાત પ્રાથમિક શાળામાં પાકનું વાવેતર, ઔષધબાગની મુલાકાત, વિવિધ ઔષધનો પરિચય, ડાયર ગાર્ડન, શાકભાજીનો ઉછેર કરવામાં આવેલ છે.
10) દયાનંદ સરસ્વતી પ્રાથમિક શાળા 15 અને ઢીંકવાળી પ્રાથમિક શાળા બોટાદમાં ફૂલોનો બાગ, પ્લાસ્ટિક ટબ, ટીપમાંથી કુંડા નિર્માણ, છોડ ઉછેર, ઔષધબાગ, શાકભાજીનો પાક અને ઉછેર કરવામાં આવે છે.

11) સાળંગપરડા પ્રાથમિક શાળા, ભંડારીયા અને અડતાળા પ્રાથમિક શાળા ગઢડામાં શાળા બગીચાનું નિર્માણ, ટાયરના કુંડા, શીશાના કુંડા, શાકભાજીના ક્યારા તથા ઉછેર સુંદર સજાવટથી કરવામાં આવે છે.

12) નાની વાવડી પ્રાથમિક શાળા, ઉમરાળા અને ગુંદા પ્રાથમિક શાળા - બોટાદમાં કિચન ગાર્ડન જીવામૃત, શાળા બગીચો, સજાવટ, છોડના નામાંકન જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

## ઈકો ક્લબ અંતર્ગત ડાયટમાં તથા શાળા કક્ષાએ કરવામાં આવતી કામગીરીના ફોટોગ્રાફ્સ



## District Institute of Education and Training - Rajpipla, Dist-Narmada
## Programme and Activities of year 2022-23
## Related to Eco Club Project

• જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજપીપળાના કેમ્પસમાં ડ્રીપ ઈરીગેશનનો ઉપયોગ કરી નાનો બાગ બનાવવામાં આવેલ છે. અને તેનું જતન કરવામાં આવે છે.

• જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજપીપળાના કેમ્પસમાં તારીખ:**06/06/2022** ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ.

• જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજપીપળાના કેમ્પસમાં તારીખ:**10/10/2022** થી **11/10/2022** દરમિયાન સફાઈ તથા સ્વછતા કાર્યક્રમ કરવામાં આવેલ, .

• પર્યાવરણ પ્રયોગશાળા નિર્માણ મોડયૂલ વર્કશોપ: જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજપીપળા ખાતે જિલ્લા કક્ષાનો પર્યાવરણ પ્રયોગશાળા નિર્માણ મોડયૂલ વર્કશોપ તારીખ:**14**/11/2022 થી **15/11/2022** દરમિયાન યોજવામાં આવ્યો.જેમાં.જેમાં કિચન ગાર્ડન,કુદરતી ખાતર,જીવામૃત,ઔષધિય વંસ્પતિઓઅને તેનો ઉપયોગ ,સજીવખેતી,પદુષણ,વિવિધ વંસપતિઓ પર કરવામાં આવતી કલમો ,ગ્લોબલ વોર્મીંગ,કલાઈમેટ ચેંજ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવેલ છે.

• જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાજપીપળાના બન્ને કેમ્પસમાં (બી.એડ તથા ડાયેટ) ઈકો-કલબ પ્રવૃતિઓ માટે જી.સી.ઈ.આર.ટી,ગાંધીનગર ધ્વારા વર્ષ :**2022-23** માટે **EDN-12** યોજના હેઠળ એપેન્ડીક્ષ-**8** (**C-5**)) અંતર્ગત રૂ. **25,000/-**(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.સદર ગ્રાન્ટનો ઉપયોગ કરી તારીખ :**11/10/2022** ના રોજ ગુલાબ,જેટ્રોફા, મયુરપંખ, બોટલ પામ, આરીકા પામ, રબ્બર, સાયકસ, સાયપ્રસ, ડ્રેસીના, એડીનીયમ, જેટ્રોફા, કેક્ટસ, એકઝોરા વગેરે જેવા વિવિધ ફુલાછોડ કુંડાઓમાં વાવવામાં આવેલ છે.

•પર્યાવરણ પ્રયોગશાળા:જિલ્લાની દરેક શાળાઓમાં પર્યાવરણ પ્રયોગશાળાના નિર્માણ માટે સમગ્ર જિલ્લાના તમામ શાળાઓના આચાર્યશ્રીઓને બે દિવસની સેવાકાલીન તાલીમ આપવામાં આવેલ છે.નાંદોદ,તિલકવાડા,ગરુડેશ્વરમાં તારીખ **:17/01/2023** થી **18/01/2023** અને સાગબારા તથા ડેડીયાપાડા તાલુકામાં તારીખ **:20/01/2023** થી **21/01/2023** તાલીમ આપવામાં આવેલ છે.

## જિલ્લામાં પર્યાવરણ ક્ષેત્રે શ્રેષ્ટ કામગીરી કરતી શાળાઓ :

| ક્રમ | તાલુકો | શાળાનુંનામ | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| 1 | સાગબારા | પ્રાથમિક શાળા,બારામહુ | ગ્રીનશાળા છે. શાળામાં સુંદર બાગનું નિર્માણ કરેલ છે.તેમજ શાળામાં ઔષધ બાગ, હેંગીંગ ગાર્ડન, વેસ્ટમાંથી બેસ્ટ, કીચન ગાર્ડનમાં વિવિધ શાકભાજીઓ અને વેલાવાળા શાકભાજીનો મંડપ બનાવેલ છે.તમામ શાકભાજીઓનો ઉપયોગ મધ્યાહ્ન ભોજનમાં કરવામાં આવે છે. |
| 2 | ડેડીયાપાડા | પ્રાથમિક શાળા,ભુતબેડા | શાળામાં સુંદર બાગનું નિર્માણ કરેલ છે. કિચનગાર્ડનમાં પ્રાકૃત્તિકખેતી ધ્વારા રીંગણ, ટામેટી,ડુંગળી,લીંબુ,ધાણા,મેથી વગેરે શાકભાજી ઉગાડવામાં આવેલ છે.જેનો ઉપયોગ મધ્યાહ્ન ભોજનમાં કરવામાં આવે છે. |
| 3 | નાંદોદ | પ્રાથમિક શાળા,વડીયા | શાળામાં સુંદર બાગનું નિર્માણ કરેલ છે.. |
| 4 | ગરૂડેશ્વર | પ્રાથમિક શાળા,ગભાણા | શાળામાં પક્ષી ઘરનું નિર્માણ કરેલ છે. આ ઉપરાંત ઔષધ બાગ ,કિચન ગાર્ડન તથા વર્ષ દરમિયાન ઈકો-કલબ આધારીત કવીઝ,ચિત્ર સ્પર્ધા તથા વકૃત્વ વક્તૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. |
| 5 | તિલક્વાડા | પ્રાથમિક શાળા,વઘેલી | શાળામાં સુંદર બાગનું નિર્માણ કરેલ છે. શાળા બાગમાં વિવિધ ફુલછોડ વાવમાં આવેલ છે.કુંડાઓનું નિર્માણ, કીચન ગાર્ડનમાં વિવિધ શાકભાજીઓ ઉગાડવામાં આવેલ છે.તમામ શાકભાજીઓનો ઉપયોગ મધ્યાહ્ન ભોજનમાં કરવામાં આવે છે. |

# ડાયેટ તથા શાળા કક્ષાએ કરેલ કામગીરીના ફોટોગ્રાફસ



કીચન ગાર્ડન પ્રાથમિક શાળા, વઘેલી




ફળાઉ વૃક્ષ  પ્રાથમિક શાળા, ભુતબેડા



ચબુતરો પ્રાથમિક શાળા, ગભાણા




હર્બલ ગાર્ડન પ્રાથમિક શાળા,



શાળા બાગ  પ્રાથમિક શાળા, વડીયા



વૃક્ષારોપણ ડાયેટ, રાજપીપળા

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

## જિલ્લા સંસાધન એકમ

## District Resource Unit Branch

# વાર્ષિક અહેવાલ

## વર્ષ 2023-24

માર્ગદર્શક
ડૉ.વાય.કે.પટેલ
પ્રાચાર્ય

**સંકલન**
**સ્મિતા એ. દેસાઈ- સિનિયર લેક્ચરર**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

## અનુક્રમણિકા

# કાર્યક્રમની વિગત

| | |
|---|---|
| 1 | વિશ્વ વસતિ સપ્તાહ ઉજવણી |
| 2 | જિલ્લા કક્ષાનો  કલા ઉત્સવ |
| 3 | ઝોન કક્ષાનો રોલ પ્લે-ફોક ડાન્સ સ્પર્ધા |
| 4 | જિલ્લા કક્ષાનો રોલ પ્લે-ફોક ડાન્સ સ્પર્ધા |
| 5 | વાર્તા સ્પર્ધા |
| **6** | એડવોકસી કાર્યક્રમ |

| 7 | આંતર રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી |
|---|---|

**કાર્યક્રમનું નામ:** વિશ્વ વસતિ સપ્તાહની ઉજવણી

**તારીખ:** 11 જુલાઈ થી 17 જુલાઈ 2023

**સ્થળ :** **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત**

**વર્ગ સંખ્યા:** 01

**લાભાર્થી સંખ્યા:** 49

**લાભાર્થી જૂથ:** બી.એડ.ના તાલીમાર્થીઓ અને વ્યાખ્યાતાઓ

**કાર્યક્રમનો હેતુ:**

- **વસતિ ગતિશીલતા અને શહેરીકરણ સંદર્ભે સમજ કેળવે.**
- **વસતિ શિક્ષણ, સાતત્યપૂર્ણ વિકાસ, કુટુંબ અને ગુણવત્તા યુક્ત જીવનની સંકલ્પના સમજે.**
- **વિવિધ સ્પર્ધા દ્વારા વસતિ શિક્ષણની સમજ પ્રાપ્ત કરે.**

**કાર્યક્રમની વિગત:**

- બી.એડ.ના તાલીમાર્થીઓને **વસતિ શિક્ષણ, સાતત્યપૂર્ણ વિકાસ, કુટુંબ અને ગુણવત્તા યુક્ત જીવનની સંકલ્પનાની સમજ આપવામાં આવી.**
- બી.એડ.ના તાલીમાર્થીઓ માટે નીચે મુજબની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું.
- વકતૃત્વ સ્પર્ધા- :

  5 મિનીટ (for F.Y. STUDENTS ONLY)

- ચિત્રપોસ્ટર/ સ્પર્ધા :-

ફલશ્રુતિ:

- વસતિ ગતિશીલતા અને શહેરીકરણ સંદર્ભે સમજ કેળવી.
- વસતિ શિક્ષણ, સાતત્યપૂર્ણ વિકાસ, કુટુંબ અને ગુણવત્તાયુક્ત જીવનની સંકલ્પનાની સમજ કેળવી.
- તાલીમાર્થીઓ પોતાના કાર્યની ભૂમિકાથી માહિતગાર થયા.
- વિવિધ સ્પર્ધા દ્વારા વસતિ શિક્ષણની સમજ પ્રાપ્ત કરી.

- ફોટોગ્રાફ્સ


GPS Map Camera
Surat, Gujarat, India
E-gf,shop-10, Burhani centenary park, nr swapana Shurti Residence, Bhestan-Jiav Rd, Bhestan, Surat, Gujarat 395023, India
Lat 21.119734°
Long 72.846325°
10/07/23 04:30 PM GMT +05:30
Google








GPS Map Camera
Sonari, Gujarat, India
4RCW+6CF, Bhestan, Sonari, Gujarat 395023, India
Lat 21.120541°
Long 72.846003°
11/07/23 11:18 AM GMT +05:30
Google


WORLD
POPULATION
DAY

**કાર્યક્રમનું નામ: જિલ્લા કક્ષાનો કલા ઉત્સવ**

કલાઉત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની સ્પર્ધા --

ચિત્રકળા, બાળ કવિ સંમેલન, સંગીત વાદન, સંગીત ગાયન

**તારીખ :** – પ્રાથમિક વિભાગ 17/10/2023

– માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ 16/10/2023

**સ્થળ :** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

**વર્ગ સંખ્યા:** 08

**લાભાર્થી સંખ્યા:**

**શાળા કક્ષાએ : 30966 પ્રાથમિક, 4252 માધ્યમિક, 3042 ઉ.માં**

**સી.આર.સી. અને ક્યુ.ડી.સી. કક્ષાએ : 4564**

**બી.આર.સી. અને એસ.વી.એસ. કક્ષાએ: 536**

**જિલ્લા કક્ષાએ : 152**

**લાભાર્થી જૂથ:** બીઆરસી.કક્ષાએ અને એસ.વી.એસ.કક્ષાએ પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ

**કાર્યક્રમનો હેતુ:**

- વિદ્યાર્થીઓમાં પડેલ પ્રતિભાઓ બહાર લાવવી.
- વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલાઓ જેવી કે ચિત્રકળા, સંગીત ગાયન અને વાદન તેમજ સાહિત્યકળા ક્ષેત્રે પ્રેરણા પ્રોત્સાહન પૂરાં પાડવા.

## કાર્યક્રમની વિગત:

- રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના ચિત્રકલા કૌશલ્ય, વાદ્ય વગાડવાનું કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યના વિકાસના ભાગરૂપે  વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડી શકાય તથા પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે માટે કલા ઉત્સવમાં ચિત્ર સ્પર્ધા, બાળકવિ સ્પર્ધા, સંગીત  ની સ્પર્ધાનું આયોજન(વાદન-ગાયન)શાળા કક્ષાએથી બી..આર.સી. અને શાળાથી સંકુલ કક્ષા સુધી કલા ઉત્સવ સંદર્ભે કરવામાં આવ્યું.
- જિલ્લા કક્ષાએ  ચિત્ર, બાલકવિ સંમેલન, સંગીત ગાયન  અને સંગીત વાદન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.

## ફલશ્રુતિ:

- વિદ્યાર્થીઓમાં પડેલ પ્રતિભાઓ બહાર આવી.

- વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલાઓ જેવી કે ચિત્રકળા, સંગીત ગાયન અને વાદન તેમજ સાહિત્યકળાને પ્રોત્સાહન મળ્યું.

**ફોટોગ્રાફ્સ :**






**તારીખ :** – સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ 14/12/2023

**સ્થળ :** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

**વર્ગ સંખ્યા:** 1

**લાભાર્થી સંખ્યા:** **100**

**લાભાર્થી જૂથ:** **જિલ્લા** કક્ષાએ પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ

**કાર્યક્રમનો હેતુ:**

- વિદ્યાર્થીઓમાં પડેલ પ્રતિભાઓ બહાર લાવવી.
- વિવિધ સ્પર્ધાઓ દ્વારા વસતિ શિક્ષણ,તારુણ્ય શિક્ષણ અને જાતીય સ્વાસ્થ્ય સંબંધી જુદી જુદી બાબતોને અસરકારક રીતે રજૂ કરવી.
- જીવન કૌશલ્યોના વિકાસને અનુભાવાત્મક રીતે શીખવાની તક પૂરી પાડવી
- લોકનૃત્ય અને રોલ પ્લેની નક્કી કરેલ પ્રયુક્તિઓનો વસતિ અને તારૂણ્ય શિક્ષણ માટે ઉપયોગ કરવો.
- જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલ સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડવું.

**કાર્યક્રમની વિગત:**

- માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ નીચે જણાવેલ વિષયો અનુરુપ લોક નૃત્ય અને રોલ પ્લે સ્પર્ધામાં ભાગ લઈ રજૂઆત કરેલ હતી.
- **રાષ્ટ્રીય રોલપ્લે સ્પર્ધાના વિષયો:-**
- **૧. પોષક આહાર અને સુખાકારી.**
- **૨. વ્યક્તિગત સલામતિ ( શારીરિક, માનસિક, ભાવનાત્મક તથા જાતીય)**
- **૩. મીડિયા લીટરેસી, ગજેટ અને ઈંટરનેટના સુરક્ષિત ઉપયોગ.**
- **૪. નશીલા દ્રવ્યોનો દુરુપયોગ, કારણ અને નિવારણ**

- ૫. તંદુરસ્ત વિકાસ
- રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધાના વિષયો:-
- ૧. કુમાર અને કન્યા માટે  સમાન તકો
- ૨. બાળકના વિકાસમાં સંયુકત કુટુંબની ભૂમિકા.
- ૩. પર્યાવરણ સંરક્ષણ
- ૪. નશીલા દ્રવ્યો
- ૫. તરુણાવસ્થા દરમિયાન તંદુરસ્ત સંબંધો.
- ૬. તરુણો વચ્ચેના તંદુરસ્ત સંબંધો

ઝોનમાં કુલ સાત જિલ્લા સમાવિષ્ટ હતા. સુરત, તાપી, વલસાડ, ડાંગ, નવસારી, ભરૂચ અને નર્મદા.

**ફલશ્રુતિ:**

- વિદ્યાર્થીઓમાં પડેલ પ્રતિભાઓ બહાર આવી.
- વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલાઓને પ્રોત્સાહન મળ્યું.
- વિદ્યાર્થીઓ રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ જાગૃત થયા અને ભવિષ્યમાં સ્વસ્થ સમાજનું નિર્માણ કરવામાં સહભાગી થઈ શકશે.
- જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલ સ્પર્ધકોને પ્રોત્સાહન મળ્યું.

**ફોટોગ્રાફસ :**




TAPI


પ્રાર્થના ઈશ્વરનો મોબાઈલ નંબર છે,
'નેટવર્ક'માં રહો તો રીંગ વાગે જ !




જેનો આત્મા ઉચ્ચ હોય તે જ પ્રાર્થના કરી શકે.

**કાર્યક્રમનું નામ: જિલ્લા કક્ષાની રોલ પ્લે, લોકનૃત્ય  સ્પર્ધા**

- ❖ તારીખ:  12/12/2024
- ❖ સ્થળ : **વી.એફ.ચૌધરી સ્કુલ,** માંડવી  જિલ્લો :સુરત
- ❖ વર્ગ સંખ્યા: 01

❖ **લાભાર્થી સંખ્યા:** રોલ પ્લે ૩૫ + ફોક ડાન્સ ૪૨+**માર્ગદર્શક શિક્ષક**

❖ **લાભાર્થી જૂથ:** ધોરણ-૯ નાં સરકારી માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ

❖ **કાર્યક્રમનો હેતુ:**

- વિવિધ સ્પર્ધાઓ દ્વારા વસતિ શિક્ષણ,તારુણ્ય શિક્ષણ અને જાતીય સ્વાસ્થ્ય સંબંધી જુદી જુદી બાબતોને અસરકારક રીતે રજૂ કરવી.
- જીવન કૌશલ્યોના વિકાસને અનુભાવાત્મક રીતે શીખવાની તક પૂરી પાડવી
- લોકનૃત્ય અને રોલ પ્લેની નક્કી કરેલ પ્રયુક્તિઓનો વસતિ અને તારૂણ્ય શિક્ષણ માટે ઉપયોગ કરવો.

❖ **કાર્યક્રમની વિગત:**

માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ  જિલ્લા કક્ષાએ નીચે જણાવેલ વિષયો અનુરુપ લોક નૃત્ય અને રોલ પ્લે સ્પર્ધામાં ભાગ લઈ રજૂઆત કરેલ હતી.

**રાષ્ટ્રીય રોલપ્લે સ્પર્ધાના વિષયો:-**

**૧. પોષક આહાર અને સુખાકારી.**

**૨. વ્યક્તિગત સલામતિ ( શારીરિક, માનસિક, ભાવનાત્મક તથા જાતીય)**

**૩. મીડિયા લીટરેસી, ગજેટ અને ઈંટરનેટના સુરક્ષિત ઉપયોગ.**

**૪. નશીલા દ્રવ્યોનો દુરુપયોગ, કારણ અને નિવારણ**

**૫. તંદુરસ્ત વિકાસ**

રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધાના વિષયો:-

૧. કુમાર અને કન્યા માટે સમાન તકો

૨. બાળકના વિકાસમાં સંયુકત કુટુંબની ભૂમિકા.

૩. પર્યાવરણ સંરક્ષણ

૪. નશીલા દ્રવ્યો

૫. તરુણાવસ્થા દરમિયાન તંદુરસ્ત સંબંધો.

૬. તરુણો વચ્ચેના તંદુરસ્ત સંબંધો

❖ ફલશ્રુતિ:

- વિદ્યાર્થીઓ રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ જાગૃત થયા અને ભવિષ્યમાં સ્વસ્થ સમાજનું નિર્માણ કરવામાં સહભાગી થઈ શકશે.

❖ ફોટોગ્રાફ્સ :




શાંતિ
રોલ પ્લે / લોકનૃત્ય સ્પર્ધા
2023-24


શાંતિ


રોલ પ્લે / લોકનૃત્ય સ્પર્ધા
2023-24


રોલ પ્લે / લોકનૃત્ય સ્પર્ધા
2023-24

## કાર્યક્રમનું નામ: **બાળ વાર્તા કાર્યક્રમ 2022-23**

❖ કાર્યક્રમનો હેતુ:

- શિક્ષકો અને બાળકો વાર્તાના મહત્વથી પરિચિત થાય.
- શાળામાં વાર્તાકથન આધારિત શિક્ષણશાસ્ત્રને એક માપદંડ આધારિત શિક્ષણશાસ્ત્ર તરીકે મહત્વ આપવામાં આવે.
- બાળકો રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરવો.

- બાળકોની મૌખિક અને લેખિત અભિવ્યક્તિ વિકસે.
- શિક્ષકો NIPUN Bharat Mission અંતર્ગત નિયત થયેલ અધ્યયન નિષ્પતિઓ અને અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં વાર્તાઓના મહત્વનો સ્વીકાર કરે.
- શાળા કક્ષાએ અધ્યયન પ્રક્રિયામાં વાર્તાનો વધુમાં વધુ સમાવેશ થાય.
- બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય.

## કાર્યક્રમની વિગત:

➢ આયોજન અને અમલીકરણ :

સુરત જિલ્લામાં ધોરણ 1 થી 8 માં વાર્તા કાર્યક્રમનું **આયોજન અને અમલીકરણ નીચે મુજબ કરવામાં આવ્યું.**

સુરત જિલ્લામાં ધોરણ 1 થી 8 માં વાર્તા કાર્યક્રમ

### સ્પર્ધાનું આયોજન

| ક્રમ | સ્પર્ધાની કક્ષા | સમયગાળો |
|---|---|---|
| 1 | શાળા કક્ષાએ | 10 થી 17/7/2023 |
| 2 | સી.આર.સી.કક્ષાએ | 24 to 1/8/2023 |
| 3 | તાલુકા કક્ષાએ | 7 થી 14/9/2023 |
| 4 | જિલ્લા કક્ષાએ | 29/09/2023 |

### સ્પર્ધાના વિભાગ

## જિલ્લા કક્ષાની વાર્તા સ્પર્ધા 23-2022

## નિર્ણાયકની વિગત

| વિભાગ | નિર્ણાયકનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| પ્રારંભિક વિભાગ (ધોરણ 1-2) વાર્તાકથન | શ્રી જયશ્રીબેન પાવાગઢી | શાળા ક્રમાંક 304 સુરત કોર્પોરેશન |
| | શ્રી કપિલાબેન ચૌધરી | પ્રાથમિક શાળા સુરાલી મઢી, તા.બારડોલી |
| | શ્રી નીલેષા દવે | શાળા ક્રમાંક 8 સુરત કોર્પોરેશન |
| પ્રાથમિક વિભાગ (ધોરણ 3-5) | શ્રી અલ્પેશભાઈ પટેલ | શાળા ક્રમાંક 247 સુરત કોર્પોરેશન |
| | ડૉ.જીના માસ્તર | શાળા ક્રમાંક 154 સુરત કોર્પોરેશન |

| વિભાગનું નામ | સ્પર્ધનું નામ | પ્રથમ વિજેતાનું નામ | શાળાનું નામ | તાલુકો | આચાર્યનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|

## વાર્તા સ્પર્ધાના જિલ્લા કક્ષાના વિજેતા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ફાઉન્ડેશનલ સ્ટેજ | વાર્તા કથન | ધાની એન.હળપતિ | પ્રાથમિક શાળા તરભોણ | બારડોલી | હીનાબેન એમ.પટેલ 9979875729 |
| પ્રીપેરટરી સ્ટેજ | વાર્તા કથન | રેણુકા પી. ખલાણે | ન. પ્રા.શાળા નં.224 | શહેર | સુરેશ શેલાર 9033809602 |
| મિડલ સ્ટેજ | વાર્તા નિર્માણ | વાઘેલા પૂજા જી. | ન. પ્રા.શાળા નં. 84 | શહેર | નીલમબેન ભગત 9727108595 |

## ❖ ફોટોગ્રાફ્સ





કાર્યક્રમનું નામ: એડવોકસી કાર્યક્રમ

❖ **તારીખ:** 4/3/2023

❖ **સ્થળ :** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરત

❖ **વર્ગ સંખ્યા:** 02

❖ **લાભાર્થી સંખ્યા:** 22 શિક્ષકો અને 79 બી.એડ.ના તાલીમાર્થીઓ

❖ **લાભાર્થી જૂથ:** સરકારી માધ્યમિક શાળાના શિક્ષકો

બી.એડ.ના તાલીમાર્થીઓ

❖ **ખર્ચ :** **1547/- શિક્ષકો + 1000/- તાલીમાર્થીઓ**

❖ **કાર્યક્રમનો હેતુ:**

- શિક્ષકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ વસતિના સમુચિત વિકાસ,જીવન કૌશલ્ય વિકાસ અને સંવર્ધન સમજે.
- શિક્ષકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ જીવનમાં વલણોનું ઘડતર, મૂલ્ય સ્થાપન, સમાજ કલ્યાણ માટેની જાગૃતિ મેળવે.
- શિક્ષકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ સાયબર બુલીંગ વિશે જાણે.

❖ **કાર્યક્રમની વિગત:**

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના સંમેલનથી કરવામાં આવે. ત્યારબાદ એડવોકસી કાર્યક્રમના હેતુઓ અને મહત્વની ચર્ચા કરી. તજજ્ઞોએ શિક્ષકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ વસતિના

સમુચિત વિકાસ,જીવન કૌશલ્ય વિકાસ અને સંવર્ધન, જીવનમાં વલણોનું ઘડતર, મૂલ્ય સ્થાપન, સમાજ કલ્યાણ માટેની જાગૃતિ, સાયબર બુલીંગ જેવા વિષયો સંદર્ભે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તેમજ પ્રવૃતિઓ દ્વારા ચર્ચા કરવામાં આવી..

## ❖ ફલશ્રુતિ:

- ❖ શિક્ષકો અને બી.એડ.ના તાલીમાર્થીઓએ વસતિના સમુચિત વિકાસ,જીવન કૌશલ્ય વિકાસ અને સંવર્ધનની સમજ કેળવી.
- ❖ શિક્ષકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ જીવનમાં વલણોનું ઘડતર, મૂલ્ય સ્થાપન, સમાજ કલ્યાણ માટેની જાગૃતિ આવી.
- ❖ શિક્ષકો અને બી.એડ.ના તાલીમાર્થીઓ સાયબર બુલીંગ વિશે સમજ કેળવી.

## ❖ ફોટોગ્રાફ્સ







11:26
87%
jwf-xyes-kko
P
Patel




GPS Map Camera

## કાર્યક્રમનું નામ : આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

- ❖ તારીખ: **13/3/2023**
- ❖ સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
- ❖ વર્ગ સંખ્યા: - **01**
- ❖ લાભાર્થી સંખ્યા: **100**

❖ **લાભાર્થી જૂથ:** બી.એડ.ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ

❖ **કાર્યક્રમનો હેતુ:**

- તાલીમાર્થીઓને  સ્ત્રી સશક્તિકરણ સંદર્ભે સમજૂતી આપવી.
- તાલીમાર્થીઓને સ્ત્રી સશક્તિકરણ સંદર્ભે પ્રોત્સાહિત કરવા.
-

**કાર્યક્રમની વિગત:**

- પ્રાર્થના સંમેલનમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીનું મહત્વ સમજાવવામાં આવ્યું.
- તાલીમાર્થીઓ દ્વારા મહિલા દિન સંદર્ભે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું.

**ફલશ્રુતિ:**

➢ તાલીમાર્થીઓને સ્ત્રી સશક્તિકરણ પ્રોત્સાહન મળ્યું.

**ફોટોગ્રાફ્સ**




Master is learner.


Thank you

# District Institute of Education & Training, Surat

# B.Ed. Branch Report

## Year : 2023 -2024

# Sem-1 Programm




***Inspired by***

**Dr. Y. K. Patel**

I/C **Principal DIET Surat.**

**Prepared by**

**Dr. Sanjaysinh A. Barad**

**Sr. Lecturer PSTE**

**District Institute of Education & Training, Surat**

**Address:** Navinchandra Mafatlal Udhyan Rd., Opp. Swapnshrushti Appt., Bhestan, Surat-395023 **Phone:** 0261-2916003,

**Email:** dietsurat@gmail.com, diet-sur@gujarat.gov.in **Website:** dietsurat.org

# અનુક્રમણિકા


| ક્રમ | કાર્યક્રમનું નામ | તારીખ | પાના નંબર |
|---|---|---|---|
| સેમેસ્ટર - ૧ | | | |
| 1. | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ | ૨૧/૦૬/૨૦૨૩ | |
| 2. | પ્રવેશોત્સવ કાર્યક્રમ | ૦૩/૦૭/૨૦૨૩ | |
| 3. | ગુરુ પૂર્ણિમા | ૦૩/૦૭/૨૦૨૩ | |
| 4. | મહિલા સુરક્ષા જાગૃતિ | ૧૦/૦૭/૨૦૨૩ | |
| 5. | વિશ્વ વસ્તી દિવસ | ૧૧/૦૭/૨૦૨૩ | |
| 6. | Millets દિવસ | ૧૨/૦૭/૨૦૨૩ | |
| 7. | પ્રશિક્ષક સંયોજક અને ઇન્ટર્નશીપ બેઠક | ૧૩/૦૭/૨૦૨૩ | |
| 8. | વિશ્વ વસ્તી સપ્તાહની ઉજવણી | ૧૫/૦૭/૨૦૨૩ | |
| 9. | ૧૫ મી ઓગસ્ટ | ૧૫/૦૮/૨૦૨૨ | |
| 10. | વૈદિક ગણિત અને વિજ્ઞાનની પ્રવૃત્તિઓ | ૨૩,૨૪/૦૯/૨૦૨૩ | |
| 11. | રાખડી બનાવવાની સ્પર્ધા | ૨૬/૦૮/૨૦૨૨૩ | |
| 12. | ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતીની ઉજવણી | ૨૮/૦૮/૨૦૨૩ | |
| 13. | રક્ષાબંધનની ઉજવણી | ૨૯/૦૮/૨૦૨૩ | |
| 14. | રાષ્ટ્રીય ખેલ દિવસ અને સોફ્ટવેર પાર્કની મુલાકાત | ૨૯/૦૮/૨૦૨૩ | |

| | | | |
|---|---|---|---|
| 15. | શિક્ષક દિનની ઉજવણી | ૧૫/૦૯/૨૦૩ | |
| 16. | જન્માષ્ટમીની ઉજવણી | ૦૮/૦૯/૨૦૨૩ | |
| 17. | રાષ્ટ્રીય હિન્દી દિવસ | ૦૯/૦૯/૨૦૨૩ | |
| 18. | ગણેશ ચતુર્થીની ઉજવણી | ૨૩/૦૯/૨૦૨૩ | |
| 19. | સ્વચ્છતા હી સેવા અંતર્ગત કાર્યક્રમની ઉજવણી | ૦૧/૧૦/૨૦૨૩ | |
| 20. | મહાત્મા ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતીની ઉજવણી | ૦૩/૧૦/૨૦૨૩ | |
| 21. | કલાકુંજ - યુવક મહોત્સવ | ૧૯,૨૦/૧૦/૨૦૨૩ | |
| 22. | રંગોલી અને કાર્ડ મેકિંગ | ૦૯/૧૧/૨૦૨૩ | |
| 23. | ભાષા અંતર્ગત “ભાષાસાહિત્ય” થીમ આધારિત ઉજવણી | ૦૫/૧૦/૨૦૨૩ થી ૧૧/૧૦/૨૦૨૩ | |
| 24. | ભાષા અંતર્ગત “રાંધણકલા” થીમ આધારિત ઉજવણી | ૧૨/૧૦/૨૦૨૩ થી ૧૮/૧૦/૨૦૨૩ | |
| 25. | ભાષા અંતર્ગત “તમારા પર્યાવરણને જાણો” થીમ આધારિત ઉજવણી | ૧૯/૧૦/૨૦૨૩ થી ૨૫/૧૦/૨૦૨૩ | |
| 26. | ભાષા અંતર્ગત “મારી કોલેજ" થીમ આધારિત ઉજવણી | ૨૬/૧૦/૨૦૨૩ થી ૦૧/૧૦/૨૦૨૩ | |
| 27. | ભાષા અંતર્ગત “મૂલ્યો” થીમ આધારિત ઉજવણી | ૦૨/૧૦/૨૦૨૩ થી ૦૮/૧૦/૨૦૨૩ | |
| 28. | કવિ સુબ્રમણી ભારતીને સમર્પિત થીમ આધારિત ઉજવણી | ૦૭/૧૨/૨૦૨૩ થી ૧૧/૧૨/૨૦૨૩ | |

# અનુક્રમણિકા



| ક્રમ | કાર્યક્રમનું નામ | તારીખ | પાના નંબર |
|---|---|---|---|
| | સેમેસ્ટર - 2 | | |
| 29. | ગીતા જયંતીની ઉજવણી | ૨૨/૧૨/૨૦૨૩ | |
| 30. | વીર બાલ દિવસની ઉજવણી | ૨૬/૧૨/૨૦૨૩ | |
| 31. | જોશ અંતર્ગત રમતોત્સવ | ૦૧/૧/૨૦૨૩ | |
| 32. | રાષ્ટ્રીય કક્ષાનો આંતર યુનિવર્સીટી રમતોત્સવ | ૨૧/૧૨/૨૦૨૩ થી ૨૫/૧૨/૨૦૨૩ | |
| 33. | રાજ્ય કક્ષાનો રમતોત્સવ | ૧૭,૧૮/૦૧/૨૦૨૪ | |
| 34. | રાજ્ય કક્ષાનો રમતોત્સવ | ૧૭,૧૮/૦૧/૨૦૨૪ | |
| 35. | શ્રી રામોત્સવ પ્રસંગે મહાઆરતી | 20/૦૧/૨૦૨૪ | |
| 36. | ૧૪ મો રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી | ૨૫/૦૧/૨૦૨૪ | |
| 37. | ૨૬મી જાન્યુઆરીની ઉજવણી | ૨૬/૦૧/૨૦૪ | |
| 38. | વસંત પંચમીની ઉજવણી | ૧૪/૦૨/૨૦૨૪ | |
| 39. | હું શિક્ષક છું. - કાર્યક્રમ | ૧૯ થી ૨૩/૦૨/૨૦૨૪ | |
| 40. | રોજગાર ભરતીમેળો | ૨૪/૦૨/૨૦૨૪ | |
| 41. | વિજ્ઞાન દિવસ | ૨૮/૦૨/૨૦૨૪ | |

## ૧.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

કાર્યક્રમનું નામ : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

તારીખ : ૨૧/૦૬/૨૦૨૩

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

લાભાર્થીઓ : બી.એડ્. તાલીમાર્થીઓ અને અધ્યાપકો અને શિક્ષકો

લાભાર્થી સંખ્યા : ૫૨

કાર્યક્રમનો હેતુ :

૧. બી.એડ્.ના તાલીમાર્થીઓ અને શિક્ષકો યોગનું મહત્વ સમજે

૨. સ્વાસ્થ્ય અને આનંદથી જીવન માટે યોગ્ય રીતે યોગ કરવાની રીતનો ખ્યાલ મેળવે.

કાર્યક્રમની વિગત :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરતના બી.એડ.ના તાલીમાર્થીઓ અને પ્રાથમિક શાળાના શિક્ષકો સ્વાસ્થ જીવનના ભાગરૂપે યોગ કયા ક્યાં ઉપયોગી બની શકે છે. ઉપરાંત યોગ દ્વારા શારીરિક અને માનસિક શક્તિઓનો વિકાસ કઈ રીતે કરી શકાય તેમજ તેમના વિકાસ માટે ક્યાં પ્રકારના આસનો ઉપયોગી બની શકે જે બાબતે સમજુતી આપવામાં આવી હતી.

બી.એડ.ના તાલીમાર્થીઓને યોગના વિવિધ આસનો કરવાની યોગ્ય રીતો અંગે સમજુતી આપવામાં આવી અને યોગ અને પ્રાણાયામ સાથે મળીને કરાવ્યા અને જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળામાં બાળકોને યોગ કેવી રીતે શિખવાડાય તેમજ તેમને પ્રેક્ટીસ કરાવતા તેઓ નેશનલ કક્ષા સુધી પહોચી શકે તેની માહિતી આપવા ચેમ્પિયન બનેલા બાળકોને હાજર રાખી તેમના કોશાલ્યો પ્રસ્તુત કરવામાં આવ્યા.

કાર્યક્રમની ફલશ્રુતિ : તાલીમાર્થીઓને યોગાસન માટેના વિવિધ આસનો કરવાની સાચી રીતો અંગે સમજુતી મળી. તેમજ યોગથી થતા ફાઈદાઓ અંગે સમજ કેળવી.

## કાર્યક્રમની ઝાંખી :




Sonari, Gujarat, India
D.I.E.T., Udhana, Surat, Gujarat 395023, India
Lat 21.120133° Long 72.845408°
21/06/23 08:18 AM GMT +05:30








Samsung Quad Camera

૨.

## પ્રવેશોત્સવ કાર્યક્રમ

કાર્યક્રમનું નામ : બી.એડ્. પ્રથમ વર્ષ તાલીમાર્થીઓનો પ્રવેશોત્સવ

તારીખ : 03/0૭/૨0૨3

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

લાભાર્થીઓ : બી.એડ્. પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ અને અધ્યાપકો

લાભાર્થી સંખ્યા : ૯૬

કાર્યક્રમનો હેતુ :

૧. બી.એડ્.ના તાલીમાર્થીઓને પ્રવેશ આપવો.

૨. સંસ્થાનો પરિચય આપવો.

૩. શિક્ષકની ફરજો પ્રત્યે સજાગ કરી સમાજમાં તેમનું સ્થાન સમજાવવું.

કાર્યક્રમની રૂપરેખા :

- પ્રાર્થના
- દીપ પ્રાગટ્ય
- આવકાર પ્રવચન અને અભિવાદન ...
- બી.એડ્. પ્રથમ વર્ષ તાલીમાર્થીઓને પ્રવેશ આપવો.
- ગત વર્ષે પ્રથમ આવનાર તાલીમાંર્થીઓનું સન્માન
- ભૂતપૂર્વ તાલીમાર્થીઓનો અનુભવ
- પ્રાસંગિક  વક્તવ્ય .... ડો. સંજયસિંહ બારડ
- અધ્યાપકોનો પરિચય
- અતિથિવિશેષ - શ્રી, મહેશભાઈ ઈટાલિયા
- મુખ્ય વકતાનું વક્તવ્ય... શ્રી, મહેશભાઈ પટેલ
- આભાર વિધિ

કાર્યક્રમની વિગત :

કાર્યક્રમની શરૂઆત બી.એડ્.ના દ્વિતિય વર્ષના તાલીમાર્થીઓએ પ્રાર્થના કાર્યક્રમ કર્યા બાદ ઉપસ્થિત મહેમાનશ્રી દ્વારા ઓનલાઈન દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ડૉ.સંજયસિહ બારડ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત બી.એડ્. તાલીમાર્થીઓ અને વાલીઓને આવકારવામાં આવ્યા અને તેમનું શાબ્દિક અભિવાદન કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને કંકુ તિલક કરી તેમનું સ્વાગત કરી પ્રવેશ કરાવ્યો હતો.

ગતવર્ષે બી.એડ.માં પ્રથમ ક્રમે આવનાર તાલીમાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા તેના બી.એડ. અભ્યાસના અનુભવ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. ભૂવાલી મંડળના પ્રમુખ શ્રી, ભારતભાઈ સોની દ્વારા ભૂતપૂર્વ તલીમર્થીઓનુ સ્વાગત અને શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમણે તેમના અનુભવો વ્યક્ત કર્યા હતા. ત્યારબાદ સંજયસિંહ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. અને તેમની શિક્ષક તરીકેની કારકીર્દીને તાલીમ માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી. સમાજ સેવક અને પરમવીર ચેરીટેબલ ટ્રસ્ટ સાથે સંકળાયેલ એવા શ્રી મહેશભાઈ ઇટાલિયાએ વિદ્યાર્થીઓને આવકાર્ય હતા અને તેઓને સમાજમાં શિક્ષક અને સમાજસેવા બાબતે પ્રેરણાદાયી બાબતો વિદ્યાર્થીઓને જણાવી હતી. મુખ્ય વક્તા તરીકે ટ્રસ્ટી શ્રી, મહેશભાઈ પટેલએ બી.એડ્.ના તાલીમાર્થીઓને શિક્ષકના ગુણો, કર્તવ્ય તેમજ શિક્ષકની ટેવો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. તેમજ શિક્ષણ અને તેમના વ્યક્તિત્વ તેમજ કર્મ બાબતે સમજ આપી હતી. તાલીમાર્થીઓને શિક્ષક તરીકેના પવિત્ર વ્યવસાયમા આવકાર્ય હતા. અંતે બીજા વર્ષના તાલીમાર્થીઓ દ્વારા  દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીજા વર્ષના તાલીમાર્થી બહેન દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની ફલશ્રુતિ : શિક્ષક બનવા તાલીમ મેળવવા બી.એડ્.માં જોડાનાર તાલીમાર્થીઓને પ્રોત્સાહન આપી શિક્ષક્ના કર્તવ્ય અંગે જાગૃત કર્યા અને બી.એડ્.માં પ્રવેશ કરાવ્યો. તાલીમાર્થીઓને સંસ્થા અને અધ્યાપકોનો પરિચય કેળવ્યો.

## કાર્યક્રમની ઝાંખી :












3.

# ગુરુ પૂર્ણિમા

કાર્યક્રમનું નામ : ગુરૂ પૂર્ણિમા

તારીખ : ૩/૦૭/૨૦૨૩

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

લાભાર્થીઓ : બી.એડ્. તાલીમાર્થીઓ અને અધ્યાપકો

લાભાર્થી સંખ્યા : ૫૦

કાર્યક્રમનો હેતુ :

૧. તાલીમાર્થીઓ ગુરુનું મહત્વ સમજે અને ગુરુપ્રત્યે આદર ભાવ કેળવે.

કાર્યક્રમની રૂપરેખા :

- પ્રાર્થના
- ગુરુપૂજન, ગુરૂ પૂર્ણિમા દિન મહિમા
- ગુરૂમહિમા ભજન અને કવિતા
- આશિર્વચન
- નાટક

કાર્યક્રમની વિગત :

બી.એડ્.ના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને ડાયટ આધ્યાપકો દ્વારા ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં, તાલીમાર્થીઓ દ્વારા ગુરુપૂર્ણિમા અંતર્ગત ગુરુપૂજન કરવામાં આવ્યું. ગુરુ પૂર્ણિમા અંગે તાલીમાર્થીઓ દ્વારા દિન મહિમા અને ભજન, કવિતા રજૂઆત કરવામાં આવી હતી. ગુરૂવાણીમાં અધ્યાપક દ્વારા ગુરુ અને જગતગુરૂ અંગે માહિતી આપી શ્રી કૃષ્ણ ' જગતગુરૂ' સાથી બન્યાતે બાબતે સમજ આપી. અધ્યાપકો દ્વારા આશિર્વચન આપવામાં આવ્યા હતા. અને તાલીમાર્થીઓ દ્વારા નાટક રજુ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની ફલશ્રુતિ : તાલીમાર્થીઓ તહેવારનું અને ગુરુનું જીવનમાં મહત્વ સમજ્યા..

સમગ્ર કાર્યક્રમનું સંચાલન : તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતું.

## કાર્યક્રમની ઝાંખી :











## ૪.

## મહિલા સુરક્ષા - જાગૃતિ કાર્યક્રમ

કાર્યક્રમનું નામ : મહિલા સુરક્ષા જાગૃતિ

તારીખ : ૧૦/૦૭/૨૦૨૩

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

લાભાર્થીઓ : બી.એડ્. તાલીમાર્થીઓ અને અધ્યાપકો

લાભાર્થી સંખ્યા : ૮૪

કાર્યક્રમનો હેતુ: બી.એડ્.ના તાલીમાર્થીઓમાં સુરક્ષા વિભાગ વચ્ચેનો સંપર્ક સંધવો.

કાર્યક્રમની વિગત :

મહિલાઓ માટેની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અંતર્ગત મહિલાઓ સામે થતી ઘરેલું કે અન્ય પ્રકારની હિંસા, દુર્વ્યવહાર છેડતી જેવી ઘટના વખતે તાત્કાલિક બચાવ અને સલાહ સૂચનની કામગીરી હાથ ધરવા અને મુશ્કેલી પરિસ્થિતિમાં મુકાયેલ મહિલાને તાત્કાલિક સહાય સહાય આપવા માટે અભયમ મહિલા હેલ્પલાઈન કઈ રીતે કામગીરી કરે છે તેનું સંસ્થાના કર્મચારીઓ સાથે રહી માર્ગદર્શન આપવામાં આવે છે. અને પોલીસ દ્વારા ખુબ કાળજીપૂર્વક મહિલા કર્મચારીઓ સાથે રહી કઈ રીતે આવી વ્યક્તિઓને મદદ કરે છે તેની સમજ આપવામાં આવી.

કાર્યક્રમની ફલશ્રુતિ : તાલીમાર્થીઓનો અને સુરક્ષા ખાતા વચ્ચે એક હકારાત્મક વિશ્વાસ સર્જવામાં આવ્યો.

## કાર્યક્રમની ઝાંખી :











# ૫.

# વિશ્વ વસ્તી દિવસ

કાર્યક્રમનું નામ : વિશ્વ વસ્તી દિવસ

તારીખ : ૧૧/૦૭/૨૦૨૩

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

લાભાર્થીઓ : બી.એડ્. તાલીમાર્થીઓ અને અધ્યાપકો

લાભાર્થી સંખ્યા : ૫૩

કાર્યક્રમનો હેતુ :

૧. વસ્તી વધારા અંગે જાગૃતિ કેળવે અને વિદ્યાર્થીઓની વક્તવ્ય આપવાની કલા ખીલે.

કાર્યક્રમની વિગત :

બી.એડ્.ના તાલીમાર્થીઓ અને ડાયટના અધ્યાપકોએ સાથે રહી વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરી જેમાં પ્રાર્થના સભામાં વિશ્વમાં વધતી વસ્તી બાબતે તાલીમાર્થીઓએ તેમના મંતવ્યો અને વધતી વસ્તી બાબતે સમાજમાં જાગૃતિ કેવી રીતે લાવી શકાય તેની માહિતી આપવામાં આવી. ઉપરાંત વસ્તી વધારા અંગે સમાજમાં જાગૃતિ આવે અને લોકોને આ બાબતે સજાગ કરવા કલાનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે માટે તલીમર્થીઓમએ કલાને ચિત્રો દ્વારા પ્રસ્તુત કરી ચિત્ર દ્વારા જાગૃતતા કેવી રીતે લાવી શકાય તેની પણ સમજ આપી.

નિર્ણાયક : તાલીમાર્થીની બહેનો દ્વારા જ નિર્ણાયકની ભૂમિકા ભજવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન : તાલીમાર્થીઓ

કાર્યક્રમની ફલશ્રુતિ : બધા તાલીમાર્થીઓ વિશ્વમાં વધતી વસ્તી બાબતે જાગૃત થયા અને જરૂરી પગલા બાબતે માહિતી મેળવી. કળા દ્વારા કઈ રીતે સમાજમાં જાગૃતિ લાવી શકાય તેનો ખ્યાલ મળ્યો.

## કાર્યક્રમની ઝાંખી :




GPS Map Camera
Sonari, Gujarat, India
4RCW+6CF, Bhestan, Sonari, Gujarat 395023, India
Lat 21.120541°
Long 72.846003°
11/07/23 11:18 AM GMT +05:30
Google





# ૬.

## Millets **દિવસ**

કાર્યક્રમનું નામ : Millets દિવસ

તારીખ : ૧૨/૦૭/૨૦૨૩

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

લાભાર્થીઓ : બી.એડ્. તાલીમાર્થીઓ અને અધ્યાપકો

લાભાર્થી સંખ્યા : ૫૧

કાર્યક્રમનો હેતુ :

૧. વિદ્યાર્થીઓ જાડા ધન્યના ફાયદા અને તેની વાનગીઓનો પરિચય અને અનુભવ કરે.

કાર્યક્રમની વિગત :

યુએન દ્વારા વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે બી.એડ્.ના તાલીમાર્થીઓ અને ડાયટના અધ્યાપકોએ સાથે રહી મિલેટ વાનગીઓ તૈયાર કરી દિવસની ઉજવણી કરી હતી. જેમાં તાલીમાર્થીઓના જૂથ બનાવવામાં આવ્યા અને તેઓ દ્વારા વાનગીઓ બાજરી, જુવાર, મકાઈ, નાગલી વગેરેની વાનગીઓ બનાવવામાં જણાવવામાં આવ્યું. ઉપરાંત વાનગીઓથી થતા ફાયદાઓ પણ તેમણે વિદ્યાર્થીઓને જણાવવાના હતા. અધ્યાપકો દ્વારા પણ આ કાર્યક્રમમાં ભાગ લેવામાં આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં આદર્શ જીવન માટે ઋષિ મુનિઓએ જીવન જીવવાની રીતભાત અને સ્વાસ્થ્ય પ્રદ ખોરાકનો સમન્વય કરી નિરામય આરોગ્ય અને સુખી જીવન માટે જગતને હમેશા માર્ગદર્શન આપતા હતા જે બાબતે તાલીમાર્થીઓ પણ સજાગ થઈ આ બાબતોને સ્વીકારી અનુભવ મેળવેલ હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન : તાલીમાર્થીઓ

કાર્યક્રમની ફલશ્રુતિ : બધા તાલીમાર્થીને તહેવારો અને આરોગ્ય પ્રદ ખોરાક બાબતે સમાજમાં જાગૃતિ લાવી શકાય અને તેનો ખ્યાલ પોતે પણ મળ્યો.

## કાર્યક્રમની ઝાંખી :















૭.

## પ્રશિક્ષક સંયોજક અને ઇન્ટર્નશીપ બેઠક

કાર્યક્રમનું નામ : **પ્રશિક્ષક સંયોજક અને ઇન્ટર્નશીપ બેઠક**

તારીખ : ૧૩/૦૭/૨૦૨૩

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત

લાભાર્થીઓ : પ્રાથમિક શાળાના આચાર્યો, બી.એડ્. તાલીમાર્થીઓ અને અધ્યાપકો

લાભાર્થી સંખ્યા : ૩૨

કાર્યક્રમનો હેતુ :

૧. આચાર્યો અને તાલીમાર્થીઓને ઇન્ટર્નશીપ કાર્યક્રમ અંગે જરૂરી આયોજન બાબતે પરિચિત થાય.

કાર્યક્રમની વિગત :

બી.એડ. સેમેસ્ટર-3 ના તાલીમાથીઓની ઇન્ટર્નશીપ તારીખ 17-7-2023 થી 2-9-2023 સુધી સુરત જિલ્લામાં આવેલ સરકારી પ્રાથમિક શાળામાં કરવામાં આવનાર હોય. આ કાર્યક્રમ અંતર્ગત આચાર્યોની એક બેઠક ડાયટના પ્રાધ્યાપક તેમજ તાલીમાર્થીઓ સાથે કરવામાં આવી હતી. જેમાં સાત સપ્તાહની ઇન્ટર્નશીપમાં કરવાના વિવિધ અભ્યાસિક અને સહઅભ્યાસિક કાર્યો. તાલીમાર્થીઓએ માપવાના પાઠો, ગ્રંથ સમીક્ષા, ક્રિયાત્મક સંશોધન, વ્યક્તિ અભ્યાસ, ચિંતનાત્મક ડાયરી વગેરે જેવા કાર્યો સાથે શાળામા બાળકોની પ્રગતિ પર કામગીરી કરવાની બાબતોની ચર્ચા અને મુંઝવણ બાબતે ચર્ચા કરવામાં આવી હતી. જેથી કાર્ય યોગ્ય રીતે પૂર્ણ કરી શકાય.

આચાર્યો દ્વારા શાળાના કાર્યક્રમો અને પ્રવૃતિઓ બાબતે બી.એડ.ના તાલીમાર્થીઓ સાથે ચર્ચા કરવામાં આવી. અને જરૂરી આયોજન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમની ફલશ્રુતિ : આચાર્યો તેમજ તાલીમાર્થીઓને ઇન્ટર્નશીપ કાર્યક્રમના કર્યોથી પરિચિત થયા અને ઇન્ટર્નશીપ માટે જરૂરી આયોજન કરી શક્યા.

## કાર્યક્રમની ઝાંખી :




GPS Map Camera
Sonari, Gujarat, India
4RCW+6CF, Bhestan, Sonari, Gujarat 395023, India
Lat 21.120254°
Long 72.845816°
13/07/23 12:07 PM GMT +05:30
Google


GPS Map Camera
Sonari, Gujarat, India
4RCW+6CF, Bhestan, Sonari, Gujarat 395023, India
Lat 21.120694°
Long 72.845696°
13/07/23 12:23 PM GMT +05:30
Google

## ૮.

# વિશ્વ વસ્તી સપ્તાહની ઉજવણી

**કાર્યક્રમનું નામ : વિશ્વ વસ્તી સપ્તાહ**

**તારીખ :** ૧૫ /૦૭/૨૦૨૩

**સ્થળ :** જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન , સુરત

**લાભાર્થીઓ :** બી. એડ્. તાલીમાર્થીઓ અને અધ્યાપકો

**લાભાર્થી સંખ્યા :** ૫૫

**કાર્યક્રમનો હેતુ :**

૧. વસ્તી વધારા બાબતે જાગૃત બને, વિદ્યાર્થીઓની વક્તવ્ય આપવાની કલા ખીલે.

૨. વસ્તી વધારા અને તેની અસરો બાબતે પ્રશ્નોત્તરી થકી માહિતી મેળવે.

**કાર્યક્રમની વિગત :**

બી.એડ્.ના તાલીમાર્થીઓ અને ડાયટના અધ્યાપકોએ સાથે રહી વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરી જેમાં વિશ્વમાં વધતી વસ્તી બાબતે તાલીમાર્થીઓએ તેમના મંતવ્યો અને વધતી વસ્તીના કારણે ઉભી થતી સમસ્યાઓ અને વસ્તી વધારાના કારણોની માહિતી આપવામાં આવી. ઉપરાંત આ બાબતે સમાજમાં જાગૃતિ કેવી રીતે લાવી શકાય તેની ચર્ચા કરવામાં આવી.

ઉપરાંત વસ્તી વધારા અંગેની સમજ અને ઉભી થતી સમસ્યાઓ બાબતે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સ્પર્ધાની ટીમોને વિવિધ સમાજમાં જાગૃતિ આવે અને લોકોને આ બાબતે સજાગ કરવા કલાનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે માટે તાલીમર્થીઓને રાઉન્ડ મુજબ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વિજેતા ટીમને અભિનંદન અને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું હતું.

**નિર્ણાયક :** તાલીમાર્થીની બહેનો દ્વારા જ નિર્ણાયકની ભૂમિકા ભજવવામાં આવી હતી.

